પરીક્ષા દરમિયાન મંજુલાનું ચિત્ત ચકરાવા માંડ્યું હતું. પોતે ખરેખર પસાર થઈ જશે એની એને બીક લાગી. હમેશ માટે કૉલેજનો અભ્યાસ પૂરો થઈ જશે? પછી રોજનેરોજ કૉલેજમાં પગથીયાં ચડવાનું અને ચડતાં ચડતાં પેલે ખૂણેથી પોતાને કોઈ ધ્યાનથી જોયાં કરે છે એવું મીઠા તિરસ્કારથી કલ્પવાનું મટી જશે? પોતે જેની રજમાત્ર દરકાર કરી નથી અને જેણે પોતાની અહોરાત અનન્ય ભક્તિથી રટણા કર્યાં કીધી છે એની સાથે બોલી બોલીને પોતે શું બોલી? 'મારે તો પાસ થવું છે.' મંજુલાના મગજમાં 'મારે તો પાસ થવું છે થવું

છે થતું છે' એવી સૂર ધૂન અવિરત ચાલ્યાં કરી. જ્યારે એમાંથી જાગી ત્યારે 'નથી થતું નથી થતું પાસ નથી થતું એવું' પોતે રટી રહી હતી અને વચન આપ્યાં હતાં છતાં ઉત્તરપત્રો આપી દેવા માટે દોરીથી બાંધી રહી હતી... શું મંજુલાના ચિત્તે નિશ્ચય કરી દીધો હતો કે નથી તો આ પરીક્ષામાં પસાર થવું, નથી સમાજની પરીક્ષામાં પસાર થવું!

*　　　*　　　*

અને અત્યારે 'મંજુગોપાલ'ના સહાધ્યાયી હોવાનું અમે બે વરસ પાછળનાઓ પણ માન સહી શકીએ એમ છીએ. લાયબ્રેરીમાં પેલું ખૂણામાં ટેબલ છે તે મંજુગોપાલ માટે રિઝર્વ્ડ હોય એમ ત્યાં અમારામાંથી કોઈ કદી બેસતું નથી. રોજ મિસ મંજુલા ત્યાં ગોપાલને ઋગ્વેદની ઋચાઓ સમજાવવા પાછળ કલાકો ગાળે છે. ગોપાલ પાંચ હજાર વરસ જૂની શબ્દપિંજરમાં પૂરાયેલી ઋચાઓ કરતાં પાંચ હજાર કરતાંયે કંઈક ગણા વધારે વરસોથી પ્રગટતી આવતી પ્રેમઋચાઓ સિવાય બીજું કંઈ મંજુલાના સામીપ્યમાંથી શીખવાની ના પાડે છે.

*　　　*　　　*

સંસ્કૃત જેવો વિષય સહન કરી શકે એટલાં વરસ બંનેએ નપાસ થયાં કર્યું. અને પછી હંમેશ માટે બંને પોતપોતાને રસ્તે પોતપોતાના સામાજિક વર્તુલના આકર્ષણમાં ખેંચાઈ ગયાં.

[illegible]

[illegible] ના ત્યાં પણ [illegible] છે એમ નથી. [illegible] કરેલા

અટ્ટહાસ્ય કરી શકવાની [illegible] અને તેને [illegible] ઉપર તો [illegible] તરફથી [illegible] રહેવાની નોટિસ મળી હતી. [illegible]

[illegible]

…મારે તો મુંબઈમાં રહેવું છે, મુંબઈમાં. [illegible]
તને અહીંથી કાઢે છે !'

છતાં મકાનમાલિકની નોટિસ બે દિવસ પછી રસ્તા[illegible]રની વસ્તી (પેવમેન્ટ પોપ્યુલેશન) માં ભરતી થવા અમને મોકલવાની હતી જ.

[illegible]

[illegible]

[illegible]

ભીમભાઈ કહે કે આપણે કંઈ કમ છીએ? આપણે સંભાવિત સદ્‌ગૃહસ્થોની જોડાજોડ જ રહેવાના. આવા આગ્રહને લીધે અમુક અમુક ભાગમાં તો રહેવાનો સવાલ જ ઊડી ગયો. જાણીતાં અને ગીચોગીચ મધ્યમ વર્ગનાં થાણાંમાં તપાસ કરવી રહી. અને તે અમે બરોબર કરી. પણ માંડ ક્યાંક ઓરડી મળી જાય તો ભીમભાઈનો સ્વભાવ આડે આવતો. પૈસાની મર્યાદા તો હતી જ. પણ સારું ઠેકાણું, સારાં હવાઉજાસ, સારું પડોશ, આ બધું ભીમભાઈને માટે અહીં કોણે ગોઠવી રાખ્યું હતું એ તો એ જાણે, પણ એને માટે એની જીદ કપરી હતી. એક વખત એક મોટા માળામાં જગ્યા મળી જાય એમ હતું અને મેં બધો જેમનેમ ગોળો વાળ્યો હતો. પણ છેવટે ભૈયાજીએ પોતાની ફાંદ ઉપર હાથ ફેરવતાં જનોઈને આંગળાંમાં લાવી રમાડતાં રમાડતાં પૂછ્યું 'જનાબ, આપ કોન ગ્યાતિ (જ્ઞાતિ) હૈ?......અજી, ક્યા કહા? બમ્મન? કૌનસા ગોત્ર?...' વચ્ચેથી જ એને રોકીને ભીમભાઈએ પટ દઈને પોત પ્રકાશી દીધું: 'સા'બ, ઈતના તો હમારે સસુરને ભી હમકો નહીં પૂછા.' કહેવાની જરૂર નથી કે તરત જ ભીમભાઈ પણ પોતાનું જોર અજમાવવાનો આ મોકો નથી એમ ગણીને બહાર બીજાં મકાનોમાં તપાસ કરવા સહિસલામત ચાલી નીકળ્યા હતા.

હવે એક દિવસ બાકી હતો. બાબા પિઅની પંચાંગને કે મહિનો પૂરો એકત્રીસ દિવસનો હતો. હવે તો અમારે ગમે તેમ કરીને ક્યાંક ગોઠવાઈ જવું જ જોઈએ. અમારી પાસે જે ચીજો હતી તે તો મહાત્મા થોરો કહે છે તેમ પોતાની પીઠ ઉપર ઉપાડી શકાય એટલી જ હતી. જો કે અમારી પીઠ નિશાળ અને કૉલેજના બાંકડાઓ પર વરસો સુધી ટટાર બેસવા પછી સુંદર સીતારાનીં ખભાસ ભેટ કરેલા બીજા ક્યાનો ભાર સહન કરી શકે કે કેમ એ સવાલ હતો. ગમે તેમ પણ આ સામાન, જે કંઈ હતો તે, કોઈ ઠેકાણે સુરક્ષિત ગોઠવ્યો હોય તો પોતાને માટે તો આ ચોખૂંટ ધરતીમાં ક્યાંક જગા મેળવી લેવાય.

અચાનક એક જૂના મિત્રનું સ્મરણ થયું. અને ભીમભાઈની મંજૂરી મળતાં રાન થાકપાપાક્યા અમે એને ત્યાં ગયા. અમારી મુશ્કેલીનું રસમયું બયાન અમે એની સમક્ષ વિસ્તારથી રજૂ કર્યું. અને આવી મુશ્કેલી તો બાબે જ કોઈને માથે ગુજરતી હશે એમ અતિશયોક્તિ કરીને અમારું દુઃખ પણ બરોબર પ્રદર્શિત કર્યું. એ બધું કામ મારા કરતાં અનેકગણી સારી રીતે ભીમભાઈ કરી શકે એમ હતું એટલે હું તો છેવાડે જતો જ બોલ્યો, 'પુંડરીકભાઈ, આ માથે બંગડિયામાં અમાગ બે પોટલા પડી રહેવા દેશો? અમારું તો અમે . . .'

વચ્ચેથી જ પુંડરીકભાઈ બોલ્યા, 'જમવાનું શું?' પોતે આધેડ વયના હતા અને કદી નહિ ને કદી હું એમને ત્યાં જઈ ચડ્યો એટલે એમના મોંઢામાંથી શોભના શબ્દો જ નીકળ્યા. પણ હું એને ઘટતો જવાબ આપું ત્યાં મારા ભીમભાઈની લૂલી ફરી વળી: 'જમવાની તો મુસ્કેલી જ ક્યાં છે? ભાભી છે ને?'

ફળસી સાફ કરતાં કરતાં, અમારી બધી રજેરજ વાત સાંભળતાં હતાં તે વિધુર દીકરાનું ઘર સાચવતાં માજી ન રહેવાયાથી બોલી પડ્યાં, 'તે, વહુ છે શું? આમ સાવ ગાંડાં શું કાઢો છો? સામાનની ચિંતા કરો છો ને વહુ જેવી વહુનો તો ભાવ જ પૂછતા નથી? આજકાલના કળિયુગના છોકરા ક્યાં જતા અટકવાના, કોણ જાણે!'

માજીને શાંત કરવા પુંડરીકભાઈ કંઈ બોલવા જતા હતા, ત્યાં હું જ બોલ્યો, 'માજી, એ તો છે જ એવો. કોઈ વહુબહુ નથી. અમે કલબમાં એટલે કે સુધરેલી વીશીમાં જઈએ ને એને ભાભી કહેવાની અમારા ભીમભાઈને આદત પડી ગઈ છે.'

ગંભીર પુંડરીકભાઈએ અમારે મન જે મોટી હિમાલય જેવડી મુસ્કેલી હતી તેને નાની કાંકરી જેવડી હોય એ રીતે ગણીને ખામોશ રહી તપાસ કરવા સલાહ આપી. અમે છૂટા પડતા હતા ત્યાં વળી એમના નાના અચુને બોલાવીને કહ્યું. 'કાકાને પડખેની ગલીમાં—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કરીશ ? ન કરે નારાયણ ને કાલે આ મેન્શનવાળા નામુકરર ગયા તો પછી મજલ મોટી આવશે.'

'અરે હવે તે શા ભાર છે? હાથમાં આવેલી જગ્યા છોડે તે તો બીજા.' મારું મગજ થાક્યાપાક્યા શરીરમાં પણ બિલકુલ થાકની આંચ અનુભવ્યા વગર આ ઓરડી સાચવવાની યુક્તિઓ ગોતવામાં મચ્યું હતું. મકાન સુંદર હતું. આજુબાજુનો પાડોશ ભીમભાઈને ને મારે જોઈએ તે પરનો એટલે કે ગુજરાતી દક્ષિણી મધ્યમ-વર્ગનો જ હતો. ઉપરાંત પગથીઆં ચડતાં ચડતાં અમારી કૉલેજની મિસ મુક્તા ઝવેરીને મેં ક્યાં જોઈ ન હતી ? ભલેને એ ત્યાં રહેતી ન હોય ને માત્ર મળવા જ આવી હોય. પણ એ મકાનની ગુડવિલ મારી દૃષ્ટિએ તો અનહદ પ્રમાણમાં વધી ગઈ. ઓરડી તો એ જ, એમાં મીનમેખ નહિ. પણ એ મેળવી એ તો ઠીક. સાચવવી દુર્ઘટ હતી. મારુ મગજ ગડમથલ કર્યે જ રહ્યું, પણ જે એક યુક્તિ હું અજમાવી ચૂક્યો હતો તે ઉપરાંત બીજી હાથમાં ન આવી તે ન જ આવી. અજમાવેલી યુક્તિ તે એમ હતી કે ભીમભાઈ અગાશી, ઓસરી, ઝરૂખો, વગેરે જોતા હતા, અને ગુમાસ્તાએ એમાંથી એકાદ તો વિવાહિત છો કે નહિ તે વિષે પૂછપરછ કરી ત્યારે ઠંડે પેટે આપણે તો કહી દીધું કે 'હા.' આખો વખત બચુ મને કાકા કાકા તો કરતો જ હતો. મેં એની તરફ ડોક લંબાવી. 'પેલા ભાઈનો કે?' ગુમાસ્તાએ પૂછ્યું.

'લાગો.'

'ઠીક ત્યારે ઓરડી તમે રાખો ત્યારથી તમારી. અત્યારે કરો તો અત્યારે. પણ પેલા ભાઈનાં વહુ જોઈ તપાસી પાસ કરે ત્યારે નક્કી કરો તો સારું. જુઓ કાંઈ હા—નાનું નક્કી થઈ જવું જોઈએ. કેમકે નહિ તો બીજું ભાડૂત પાછું જાય.'

'જુઓ, ભાઈ, અમે કંઈ ઐરામતિયા નથી. અમે નક્કી કર્યું તે નક્કી. વળી અમુની આ દાસ અદી મુંબઈમાં છે નહિ.'

'ત્યારે?'

'મકાન લીધું છે એમ ચોખ્ખું લખીએ એટલે બીજે દિવસે નીકળી આવશે.' જાણે હું સેતાનનો નાનો ભાઈ ન હોઉં એમ વગર સંકોચે ગોળા ગબડાવ્યે જતો હતો.

'વારુ!' ગુમાસ્તાએ બહાર નીકળતાં કહ્યું. 'પણ, અમે એમ જેમતેમ ઓરડીઓ આપતા નથી. ક્યાં ઓછી માંગ છે જો? અમારાં ચાલુ ભાડૂતોને ન ગમે એવું અમે કરતા જ નથી.'

'પણ એમને ન ગમે ત્યારે ને?'

આ બધા સંવાદનો અર્થ મેં ભીમભાઈને કહ્યો ત્યારે એ એને કર્ણામૃત જેવો લાગ્યો. જાણે એને સાચોસાચ ધર્મપત્ની હોય અને કાગળ લખ્યેથી મુંબઈ નીકળી આવવાની ન હોય, એટલો એ ઉલ્લાસમાં આવી

ગયો. મેં એની પાસે બાંહેધરી લીધી કે આ બાબત આખી પૂરી પાડવાની છે માટે વચ્ચે ક્યાંઈ બીડો રોપે નહિ, અને બધું માંડ ઊભું કરેલું ધૂળમાં મેળવે નહિ. ભીમભાઈ પાસે આ તબક્કે આટલી માગણી એ તો નહિવત જ હતી.

. . .

બીજે દિવસે સવારે અમે બધી વસ્તુઓ લઈ જઈને ગોઠવવા માંડી. બારણું બંધ રાખીને ગોઠવતા હતા. છતાં આડોશીપાડોશી વારેઘડીએ આ છેડેથી પેલા છેડા સુધી ને પેલા છેડાથી આ છેડા સુધી આંટા મારી ગયાં ને અમારી ચિકિત્સા કરી ગયાં. મેં બિલકુલ ડર્યા વગર બચુને મજબુત આલંબન ગણીને મનથી બરોબર પકડ્યો હતો. સારો ય વખત એની સાથે ગપાટા ને બૂમબરાડામાં પરોવાયેલો રહેતો. એ મને કાકા કાકા કહે એમાંથી મારો ગભરુ જીવ પ્રેરણા પામતો જાય. હું મારે જીભમાં હાડકું ન હોય એમ બોલ્યે ગયો: 'જો બચુ, સ્ટુલપર ન ચડીએ! . . . જો પડ્યો ને? . . . તારી બા આવશે ત્યારે ભાઈને તો નહિ વઢે પણ તું શું કરતો હતો એમ કહી મને ઉધડો લેશે . . . લાવો, જો બચુભાઈ પેલી બાની છબી . . . ના. ના. આપણે કાંઈ એમની છબી ટિંગાડવાના નથી. ઘણાંયે આવશે ત્યારે જાતે ટિંગાડશે.' બચુ આ બધું બનાવટી સંબોધન નહિ સમજતાં ખડખડાટ હસ્યાં કરતો. અને એ સ્તો મારે જોઈતું હતું.

હું કોઈક કામમાં પરોવાયેલો હતો. નવરો થયો ત્યારે જોઉં તો બારણું ઉઘાડીને બધુ પલાયન કરી ગયેલું. બહાર આવી આ બધુએ પણ દગો દીધો એમ વિચારતો સોબીના ઠેકાણે ખાલી ઊભો રહી હાથ વડે વાળ સમા કરવા લાગ્યો, અને સવારે આવતા મોટા માણાના આ ઢંગ હોય છે ને જોઈ રહ્યો.

મીઠું વેચનારો 'લો, મીઠ્ઠિઠ્ઠિઠ્ઠિ, મીઠ લો મીઠ્ઠિઠ્ઠિઠ્ઠિ'ની બૂમો પાડતો આંઠ ગયો હશે ત્યાં તો શાકપાંદડું વેરખેરાં પહોંચાડી જનારાંઓની વણઝાર બારણે બારણે ટહુકો કરતી પસાર થઈ. મકાનને છેડે પાણીના નળ હતા ત્યાં બાઈઓ કાંકરીમિશ્રિત માટીથી વાસણો માંજતા હતા. આધેડ વયની સ્ત્રીઓ નાની છોકરીઓને કામ બતાવતી બરાડતી હતી. નાનાં છોકરાં અંદર અંદર લડાલડી કરી ધીંગાટ મચાવતાં હતાં. કોઈનાં ફેનોગ્રાફ તો કોઈનો રેડીઓ અને વચ્ચે વચ્ચે ક્યાંકથી ટેલિફોનની ઘંટડી. આ બધા અવાજો એકમેકમાં ભેળાઈ, ઘુંટાઈ એમાંથી એક અદ્ભુત રાસાયણિક અવાજ ઉભો થતો હતો. મને તો બહુ ગમી ગયો. મારે આ જ જોઈતું હતું. જીવનનો આવો ચેતનવંતો આવિષ્કાર કાન, નાક, આંખદ્વારા એક સામટો ક્યાંથી જોવા મળે!

આખું મકાન બહારથી કબૂતરખાના જેવું જણાતું પણ અંદરથી તો ચારે બાજુથી બંધ ટોર્ડ જહાજ

જેવું જ લાગતું હતું. વહેલી વહેલી રસોઈ કરી ઑફિસે જતા પતિદેવોને વળાવી દાદર પર એમની સાથે સાથે પોતાની દૃષ્ટિને પણ નીચે ઉતારતી ગૃહિણીઓ ઓસરીના કઠેડાનો ટેકો લઈ ઊભતી. એથી આખું જહાજ એમના ઉરધબકાર ઉપર ડોલતું જણાતું . . . કેક ભોંયતળિયે વચ્ચે થોડીક જગાનું, ભંડક જેવું, ચોગાન હતું તે અમે સવારે આવ્યા ત્યારે તો ચોકખું વાળેલું હતું પણ આટલી વારમાં ત્યાં ઉપરના માળાઓમાંથી કાગળીયાં, ગંદાં ચીંથરાં, શાકનાં છોડિયાં, કેળાંમોસંબીની છાલ, દાતણની ચીરો અને બીજી ન ઓળખી શકાય એવી અગણ્ય ચીજોનો સતત મુશળધાર વરસાદ વરસવાથી ત્યાં સારો એવો થર થઈ ગયો હતો. મને થયું કે આ દરે ભંડકની સમૃદ્ધિમાં વૃદ્ધિ થતી રહે તો મારે આ ચોથા માળ ઉપર જ સામેની ઓરડીએ જવું હોય તો લોબીનો લાંબો પંથ લેવાને બદલે એકઠા થયેલા કચરાના ડુંગર ઉપર થઈને સીધો પણ જઈ શકું. પણ એ શક્યતાનો આનંદ જતો કરીને તરતપૂરતો તો સામા મજલાઓ ઉપર સૂકવેલી સાડીઓના ફરફરાટ અને એ જવનિકાઓની પાછળ હરતીફરતી વીજળીશી દીઠી ન દીઠી થતી લલનાઓના દૃશ્યને ન્યાય આપવામાં રોકાયો. ઉતરવાના દાદરો તરફ દૃષ્ટિ કરતાં વિવિધ ભાતના ફ્રોકમાં ને ઓઢણીમાં શોભતી બાલિકાઓ જાણે રંગબેરંગી પતંગિમાં ઊડતાં હોય એમ નિશાળ જવાનો વખત થયો હોઈ દેખાતી હતી.

અને થયું કે દરગ્યા તો આગાર ભગા આવી છે,
અને એમાં આપણે પાછા ડેઠ ઉપર એટલે
જોઈ હું જગ આખાને, દેખે ના કોઈ મને.

મારી મીઠી વિચારનિદ્રા અને એથીયે મીઠાં સ્વપ્નોમાંથી મને કોઈ પોયરા માટે જગાડ્યો. આંખ પટપટાવી સચેત થઈ જોઉં તો મારી સામે એક ડોશીમા બચુને બાવડેથી પકડીને ઊભાં હતાં. 'કેમ ભાઈ, આ કનૈયો તમારો કે!'

'મારા મિત્રનો છે. કેમ માજી!' મેં વિનયથી પૂછ્યું.

'અરે બહુ અળવીતરો છે. મારા મુકુંદની બબલીની જોડે રમતો હતો અને રંજાડવા લાગ્યો એટલે અહીં પકડી લાવી. મનમાં કે આ નવાં લોક આવ્યાં છે ત્યાંકણુંથી આવ્યો હશે. અહીંનાં લોક એકમેકથી આવો-જાવો કરે નહિ ને વેગળાં વેગળાં ચાલે. પણ મારો તો જીવ બળ્યો એવો કે માળામાં કોણ આવ્યું ને કોણ ગયું ને બધું ચિત્રગુપ્તના ચોપડામાં.'

કહીને માજીએ મારી સાથે ઠીક ઠીક વાતો કરી. એમણે મને થોડીક જ મિનિટમાં આખા માળાનાં રહેવાસીઓ વિષે જે કંઈ જાણવા ન જાણવા જેવું હતું તેથી વાકેફગાર કરી દીધો. બદલામાં અમારે વિષે મે એમને માહિતગાર

કર્યાં. અને 'બચુની બા આવે ત્યારે એને જરીકે અડવું નહિ લાગવા દઉં, ત્યાં સુધી કંઈ કામકાજ હોય અમારા જોગ તો બેલાશક કહેજો. શેરાં વનાના માણસ તે તો આંધળા જ' એમ કહેતાં કહેતાં માજી પોતાના ઘર ભણી ચાલ્યાં. વચ્ચેથી પાછાં ફરીને બોલ્યાં 'પેલે છેક છેવાડેથી બીજું તે મારું ઘર હોં! આવજો!' અને તરત ચમકીને બોલ્યાં, 'ક્યાં ગયો બચુ? ભારે તોફાની લાગે છે! એટલામાં તો છટક્યો!'

'ત્યાં હોય તો, માજી, મોકલજો. જરી બહુ તોફાની છે.' મેં વિનંતી કરી. મને લગભગ ખાતરી હતી કે માજીથી ડરીને અને એમની ફરિયાદથી હું કદાચને કંઈ સજા કરું એ પહેલાં બચુ ચોકલેટ લેવા રોકાયા સિવાય જ ચાલ્યો ગયો હશે. થોડીવાર ઊભા ઊભા રાહ જોયા પછી ખાતરી પાકી થઈ.

ભીમભાઈ પાણીનું નવું માટલું અને એવું કંઈક લેવા ગયો હતો. હું ઊભો ઊભો કંટાળ્યો હતો, અને કંઈક પણ કરવાની અને બને તો તેમાંથી પોતાને અહીં રહેવામાં અનુકૂળતા જમાવવાની પુષ્કળ ઇચ્છા થઈ હતી. એટલે ગયો ચાલતો ચાલતો ડોશીમાને ત્યાં. મને જોઈને જ ડોશીમા છીંકણીની ડાબડી વાસવી સુદ્ધાં પડતી મેલીને બારણા તરફ ધસી આવ્યાં. અને હું એને સ્વાગતનો એક પ્રાચીન પ્રકાર લેખવાને બદલે ડઘાઈ જઈને એમની સામે જોઈ રહ્યો ત્યારે મારી મુખમુદ્રા

તેમણે પૂછ્યું, "કેમ અહીંનું ફાનસ આજકાલ છે, કે નથી?"

'ના'

'ત્યારે?' મેં પૂછ્યું, 'ફેર ફાનસના સળગાવ્યા નથી? શેની આ ચાલાકી ત્યારે કંઈ મારે સ્વામી આવવું છે? એના જેવા ખાતરી ને મારી જેવા કહેવા ને પાસે આવ્યા કે નહિ?' ઠાકોરભાઈએ નહી સાંભળ્યા જેવું કીધું.

'નથી આવ્યા હજુ' એ પૂછેલા ક્યું છુ કલાકે આવું પછે કે હજુ છું અમને ગોઠવ્યાં હતાં, આજવાળી નહીંતર આવ્યાં છે ના આવું હશું નહિ તો કેમ જાણું કયાંક એ કયાંક ધીરાની ખરેખરી કરી આવેલ.

'નથી આવ્યા' બોલ્યા' ત્યારે તેમને આજ બેરાગરના પુનાવાની પેટ રાખા કાઢીને મારી આવ્યું તેણે શું કેવા હતા? લાવવા માટે' એમ બોલતા બોલ જાણે કાઢીને બોલતા હતા કે ચાર આખી ઓરડિયાની પેટ અજમાયશ ઉજવાયા માયા હતી.

એ પણ તેની લીધી – અને બેભાકેરા બનીને જાણે બધુંની ઝપાઝપી કરવા લાગ્યા. પણ બધુંને કોઈ ઓળખાયું હોય ના તેવા ન તેવાના બ્લાજ આવે તો ઉપર ચોથે માળ અટની બનેલી હતી. 'આગ!' 'આગ' એવી અરવા બાકતા ગભરુ ભોળા દાદર તરફ દોડતા હતા. પછી ધરફોડ થતા સૌ ચોથા માળ તરફ દોડ્યા ઉપર દાદર આગળ ટોળામાં કોઈ તેમએસ્વરીની

છટા ધારણ કરી ઘેઘરા પહાડી અવાજે કહેતાં હતાં, 'અરે બાઈ હમણાં હાલ મારા મુકુંદની બબલી જોડે રમતો હતો અને રંજાડવા માંડ્યો એટલે એના કાકાને સોંપી આવી હતીને! ઘરની બાઈ તો હજી બે દહાડા કેડે આવવાની છે નહિ તો એ હોત તો તો છોકરાં કેમ ઉછેરવાં એ દેખાડત.' ડોશીમાને સૌ ઓળખતાં હતાં અને એમના આવા ઘરગથ્થુ બાબતના પુરાવા તો અફર જ લેખાતા. માળાનાં એ વગર પગારનાં ચોકીદાર પણ ગણાતાં. શ્વાસ ખાઈને બોલ્યાં, 'હું તો એના કાકા જોડે વાતે વળી ને તોફાની અમારી ચાર આંખ ચુકવીને પાછો મારે ત્યાં આવી બબલીને કાન-ગોપી રમવા બોલાવતો હતો ને! પણ હું પાછી આવી ત્યારે તો કોઈ ન મળે. એ શું બોલ્યાં? કનૈયો જ જોઈ લ્યો. કેવું મીઠું મીઠું હસે!'

શોર વધી પડ્યો. માળાના બધા મજલાની લૉબીઓ માણસોથી ઉભરાતી હતી. આ મકાનમાં આટઆટલાં માણસો રહેતાં હશે એની તો ખબર જ નહિ. એ લોકો ક્યારે ક્યાંથી ચુપકીદીપૂર્વક ઓરડીમાં ભરાઈ ગયાં હશે? આટલાં માણસોના ભારથી મકાન ભાંગી પડતું કેમ નહિ હોય? હોહા અને ધમાલ એટલી વધી પડી કે આખું જહાજ જાણે ખરાબે ચડ્યું હોય ને મોટા પાટા ઘર્ઘરાટ કરતા લોઢ એની સાથે અથડાતા હોય એવો ભાસ થતો હતો.

ડોસામાની વાગ્ધારા તો અખંડિત હતી જ પણ બીજી બાઈઓ પણ પોતે અનુભવની બાબતમાં પાછળ ન પડી જાય એમ વચ્ચે વચ્ચે વાક્યમૌક્તિકો વેરતી રહેતી હતી:

'હમણાંના પેલા છોકરાને ઉપાડી જનારા નીકળી પડ્યા નથી!'

'એ તો ઠીક છે કે છોકરી ન હતી.'

'અરે હમણાં મગી આવશે, એ તો મારા ફોઈના બાપાનો પગ પોતાના પેંગડામાંથી મારી નણંદની દીકરીએ બરોબર વરઘોડાને વખતે ખોવાઈ જઈને ક્યાં પાછો ઠરાવ્યો ન હતો!'

'આવ્યા ને છોકરો ગુમાવ્યો. રહેશે તો તો ફરી શ. . .!'

કોલાહલ બહુ જ વધી પડ્યો હતો. ત્યાં ખાટલું એક હાથમાં ને બીજી પરચુરણ ચીજો બીજા હાથમાં લઈને ભીમભાઈ માણસોના ટોળામાંથી મારગ કરતો કરતો ઉપર આવ્યો. માજીએ એને વધાવ્યો, 'દીકરો જડ્યો ક્યાંય, ભાઈ?'

'હેં! હેં!' કરીને એણે શું બન્યું છે તેનો તાગ લેવા મારી સામું જોયું અને આ બધી ધમાલનું કેંદ્ર મને સમજીને એ સહેજ ગભરાયો. એના હાથમાંથી ખાટલું નીચે પડી ગયું. અને તે પડતું ઝીલવા જ જાણે, એ

નીચે બેસી ગયો. મેં પાસે-બ્યાસીને આશ્વાસનને બદલે કાનમાં એની કલ્પનાની સિદ્ધિ ફુગાવો કર્યો ત્યાં એ બરાડી ઊઠ્યો.

'ઓ બાપ રે! બાપુ ક્યાં ભરાઈ ગયો!'

હું તરત જ, 'પોલીસને ખબર આપવા જાઉં છું' એમ કહી વેરિયાળ લાગતા માળામાં ચેતનનો સંચાર કરી એને જીવતો જાગતો ધબકતો કરી દેનાર તરીકે પોતાને અભિનંદન આપતો આપતો ચાલી નીકળ્યો.

પછીથી, બાબાને ત્યાં જ હું ગયો હોઈશ એમ થોડુંક અક્કલથી અને વિશેષ તો પેટમાં કુરકુરિયાં બોલવા માંડવાથી સમજીને બીમબાઈ આવી પહોંચ્યો.

'દોસ્ત આબાદ બની આવી છે! ડાશીમાએ શેઠના દીકરો આવેલો તેના અને ગુમાસ્તાના સાંભળતાં હુકમ છોડી દીધો કે 'આ ગોઝારી જગાએ બલા હો તો બાઈને વળી પાછા બોલાવશો માં! અપશુકનમાં જ નીકળ્યા લાગો છો!'

માળામાં અમને સૌ કોઈ ઓળખે છે. અમે માળાની વ્યક્તિઓને ઓળખતા નથી, પણ આખા માળાને એક વ્યક્તિ તરીકે ઓળખતા હોવાથી તો, એ જ્ઞાનનો લાભ લઈને તો, હજી અહીં ડેરા લગાવીને પડ્યા છીએ.

પાછળથી ક્રમ કરવું અમે કોઠામાં આવેલ બારી-
ઓની સુંદર દીઠી બની હતી કે અમુ વધી આવેલા કેવા;
પણ આમાંથી ત્યાં જ કહે છે—આવું કેવી ના જોઈએ
યુગોમાં પણ અકબારી જ ના પાડે છે; જાણે જેવે,
આપણા આ એમાંથી કોઠામાં પાછું ખુમારી કબાટોને કે
કોઈ પ્રગટ કરે છે.

પણ કેટલાક વર્ષને અંતે પરિવર્તનોના પ્રત્યાઘાતની
ગાજ, એમેની કોઈ અંગ્રેજી યુનિવર્સિટીઓના અભ્યાસ બાદ
ત્રિભાણ પછી અમે બિહારમાં ફરતા હતા, ત્યારે
ગ્રીઅર્સને મને પૂછ્યું, 'તમે આવું શુભ્ય ક્યાંથી,
પ્રવીણ ?'

"અરે એમાં શું મોટું પૂછવાનું હતું, બાપુ!"
મેં કહ્યું. "મારા કાકા કુંવારા છે ને એ જ્યારે મારા
જેવડા હતા ત્યારે અમારા પિપલીઆરા રાજ્યમાં એમની
સામે કોઈએ નનામી અરજી કરેલી, રાજ્યમાં અધિકારીઓનો
કોઈ પાર ન હતો. એમને બોલાવીને ન્યાયાધીશે કહ્યું કે
'તમે કન્યાવિક્રય કરીને આ રાજ્યમાંથી ધર્મની જડ
કાઢવા પ્રયત્ન કરો છો. માટે સાત દંડના પાત્ર
ઠરો છો.' કાકાએ કહ્યું, 'સાહેબ, હું જ હજી કુંવારો
છું ને ક્યાંથી . . . . ' એમને ચૂપ કરી દેવામાં
આવ્યા—અને દંડ એમ વસૂલ કરે તો પિપલીઆરા રાજ્ય
શેનું ! કાકાનું તો ઘર મંડાયું ન હતું, પણ એ કુંવારાનો
લાભ લીધો તો આપણે તો માંડ્યું બધું."

કુમુ અને કામિની

અંબાલાલ ત્રિવેદીને કૉલેજમાં સૌ ત્રિવેદીને નામે જ ઓળખતું ને બોલાવતું. અંબાલાલને પોતાના આગવા નામ સામે કશો જ અણગમો ન હતો, છતાં સૌ એને બાપદાદાથી ચાલતા આવેલા ઉપાભિધાનથી જ બોલાવે તો એની સામે પણ અણગમો ન હતો. અરે, ઘણીવાર તો એજ ગમતું. આવી વસ્તુઓનાં કારણ મામુલી હોય છે પણ પરિણામ નહિ.

સમય (પિરયડ) પૂરો થયે વર્ગમાંથી બધા વિદ્યાર્થીઓનો સમૂહ પ્રથમ વિદ્યાર્થિનીઓને નીકળવા દેવા જેટલો વેગ જરી ખાળીને ધસારાબંધ બહાર પડતો. જાણે કે બ્લૂચરના લશ્કર માટે વૉટર્લૂ પર ડ્યુક ઑફ વેલિંગ્ટન 'પલપલછિનછિન' વાટ જોયાં કરતો હતો તેમ એનો કોઈ ઇન્તેજારી કરી રહ્યું ન હોય. પ્રત્યેક સમયને અંતે વિદ્યાર્થીઓનું લશ્કર એટલા જ ઉત્સાહથી બહાર

સુકાયલું અને કરાતેલ મહાસુ ચહેરાનું નહિ. શું કહું? આશ્રમ, ઠ સાંભરે છે? શિસ્તબદ્ધ બાળકો રસ્તેથી ને જ શી...... આ રીતના આશ્રમ ઠેકાણે ના, વિનાના પુરુ ટાણે જ કામ ને? અને આનંદસાગર ઉંડાણમાંનું કહેવું કેમનું છે? કે કેમ તેમ અને કેમ પુરુ હરામ વિનાનાં બળેલાં જીવા ... કહેવાં નહિ હોય. ખરું છે કે વર્ષોમાં વિદ્યાન અભ્યાસક અરેરાટની પાંડિત્યભરેલી વાતોમાં ઊંડાણમાં કે આનંદ અંદરના અનુભવમાં ને જ આનંદે સમર્પણ અને અદ્ભુત પ્રવાહપાટવ જાણ્યું હશે. અને આપણા દેશની સંગીત પતાકાઓની પ્રેરણા હોય કે વિનાના કે અમારું તેમ પોતાની વાતને આખી ખરી એમના પણ બીજે, હાનડના ગુણભાવે સાર્વજનિક ભાષાથી ભાવ જગતમાં પણ સમજતા.

ત્રિવેદી પાન હારે અને એકાવનેકા હજી પણ એમ જે રસ્તામાં ફરતા તેમાના ના એમાંના કેવા મુનિ હતા કે ન હતા એમ ત્રિવેદીને સમજું પણ ખરું. એમાં એક. વાય.એ હતા ત્યારે જાહેરાત ગુલાબજકર કંઈમાં હેરાનીની ભૂખ આવી ત્યાર 'ભૂવનેશ્વરી' ગવાતું 'અરે ત્રિવેદી'' એમ બોલતો અને આગળ જ માસની ખ્વાજ-વાંનીઓમાંથી જેમ ત્રિવેદી કોઈ નૈત્રિકી બોલી એવા ગંભીરથી પાછળ ફરતી ત્યારે આપણા અંબાલાલના ગાલ પર કરમના ફોરા પણ ફેલાયા વગર રહેતી નહિ હોય. નરેન જ મુખ વારી હું એટલે એની ઉપર શી અસર થઈ એનો તો કોયડો જ રહ્યો હતો. અબાબાબ

કમુ અને કામિની

અંબાલાલ ત્રિવેદીને કૉલેજમાં સૌ ત્રિવેદીને નામે જ ઓળખતું ને બોલાવતું. અંબાલાલને પોતાના આગવા નામ સામે કશો જ અણગમો ન હતો, છતાં સૌ એને બાપદાદાથી ચાલતા આવેલા ઉપાભિધાનથી જ બોલાવે તો એની સામે પણ અણગમો ન હતો. અરે, ઘણીવાર તો એ જ ગમતું. આવી વસ્તુઓનાં કારણ મામુલી હોય છે પણ પરિણામ નહિ.

સમય (પિરયડ) પૂરો થયે વર્ગમાંથી બધા વિદ્યાર્થીઓનો સમૂહ પ્રથમ વિદ્યાર્થિનીઓને નીકળવા દેવા જેટલો વેગ જરી ખાળીને ધસારાબંધ બહાર પડતો. જાણે કે બ્લુચરના લશ્કર માટે વોટર્લૂ પર ડ્યુક ઓફ વેલિંગ્ટન 'પલપલછિનછિન' વાટ જોયાં કરતો હતો તેમ એનો કોઈ ઇન્તેજારી કરી રહ્યું ન હોય. પ્રત્યેક સમયને અંતે વિદ્યાર્થીઓનું લશ્કર એટલા જ ઉત્સાહથી બહાર

એની આંગળીના વેઢામાં હોવો જોઈએ. એટલું જ નહિ પણ એમને અવારનવાર એનો પૂરાવો પણ આપવો રહે. કહેવાની જરૂર નથી કે શુભાશ્મકર વગેરે મંડળી વર્ગને અને પરીક્ષા વખતે ત્રિવેદી કંપની આપશે એ આશાએ આખું વરસ એને પોતાની કંપની ભોગવવા દેતા.

કામિની ત્રિવેદી પણ સ્કોલર હતી પણ એ ઉપરાંત અને સ્ત્રી હોવા ઉપરાંત પણ એ તો ઘણુંયણું હતી. સામના સોટાની માફક ચાલતી નહિ છતાં મોટરમાંથી ઉતરતી વખતની એની નમ્ર છટા પણ ઓછી મોહક ન હતી. આમ નકટકે અને ગણ્યાગાંઠ્યા શબ્દો બોલનારી, છતાં ચર્ચાઓ વખતે વ્યાસપીઠ ઉપરથી બોલતી ત્યારે આટલા બધા શબ્દો એણે ક્યાં સંતાડી રાખ્યા હશે એમ જ થતું. પહેરવેશમાં કોઈ પ્રકારનો શોખ દેખાતો નહિ, પણ એ તો ઊલટું એનામાં લાપરવાહીના ગુણ લેખે ગણાતું. આકૃતિ આકર્ષક નહિ કહી શકાય, પણ એથી જ તો એનું બૌદ્ધિક વર્ચસ્વ આગળ તરી આવતું.

છેલ્લી કેટલીય પરીક્ષાઓથી અંબાલાલની પાછળની જ બેઠકે બેસી એણે પરીક્ષકો આગળ પોતાનો વિદ્યાવ્યાસંગ વ્યક્ત કરવા પરીક્ષાના હોલમાં બન્નેએ ત્રણ-ત્રણ કલાક લખ્યાં કર્યું હતું. યુનિવર્સીટીની મોટી પરીક્ષાઓમાં પોતાની આગળ કોઈ એક ગોખણીઓ હોય છે તેના ઉત્તરપત્રોમાં ચોપડીઓમાંથી કાપી–ને–કાપી અને માખી–ને–માખી જવાબો જોયા પછી પોતાના બુદ્ધિપુરઃસરના સચોટ જવાબોને પરીક્ષકને હાથે પૂરો

આમ નહીં ભણવા એમ કામિની માનતી અને કરતી. પરીક્ષાનું પરિણામ પણ એમજ બન્યું. પરંતુ કૉલેજની પરીક્ષાઓમાં તો 'એકાંતભણતા ઉદ્યોગ ગયા છે' એ તર્કના સિદ્ધાંત પર આવેલી ઝડી વરસાવનાર પ્રોફેસરો પોતાના પ્રશ્નો તર્કના વજનમાં આધાર કરી અપવાદથી નિયમ પુરવાર થાય કે એવા ન્યાય ગોઠવે જ, કોઈ અજ્ઞાન ઓર્ડ ઉમેદવારો, ન્યાયને સિદ્ધ કરતા. અને નસીબનિગર બી. એ. માં પણ ફર્સ્ટ ક્લાસની માફક કામિની અંબાલાલ કરતાં વધારે સારું પરિણામ લાવી હતી. હવે બી. એ. ની પરીક્ષા ઢૂકડી આવતી હતી. અને તેમાં પોતે પાછળ પડશે એવો કામિનીને પાકો ભય હતો. એથી તો એને અત્યારે પોતે આગળ પડતી રહેશે કે એ સ્થિતિ સહેજ અકળાવનારી લાગતી.

આવી અકળામણ કોઈ પણ વ્યક્તિને લીધે ઊભી થવામાં કામિનીનો પોતાનો હાથ ન હતો. છતાં પરિણામ તો, અંબાલાલ એના અભ્યાસમગ્ન ચિત્તમાં અવારનવાર ડોકાયાં કરે એ સિવાય બીજું શું આવી શકે? શરૂઆતમાં એક બુદ્ધિશાળી પંડિતાને છાજે એ રીતે કામિનીએ એનો અર્થ એમ પણ ઘટાવ્યો કે આ પ્રકારની ઘટનાનાં પુનરાવર્તનો પોતાના પ્રસુપ્ત મનોબળને એડી લગાવી પોતાને વધુ ને વધુ મહત્ત્વાકાંક્ષી બનવા પ્રેરતાં હતાં. પણ એકવાર સુખકણકરે અંબાલાલ પર પોતે આવડો બધો ઉપકાર કરી રહ્યો છે એના ભાન વગર જ હંમેશની ગમ્મત કરી, અને કામિનીની બેનપણી એની

સામું હસીને બોલી કે 'શું બોરું છે !' ત્યારે કામિનીને પોતાની અકળામણને જરી પંપાળવાનું મન થયું 'જુગતી જોડી છે' એમ બોલી કામિનીને ચોંકાવી, બેનપણીએ જરી આટલું અમથું સ્મિત 'મગજની હો !' કામિનીને પોતાની બેનપણીનાં જીવન સંબંધી ધોરણો અને ખ્યાલો ક્ષણવાર તો તુચ્છ લાગ્યાં. મનુષ્યના કોઈ મગજ, હૃદય, આત્મા, એમ જુદા જુદા સુરેખ ભાગ પાડી હૃદયની, મગજની અને આત્માની જુગતી જોડીઓ જુદી જુદી બેસાડવા નીકળીએ તો આરો ક્યાં આવે ! કામિનીના મગજે, હૃદયે, આત્માએ અભ્યાસમાંથી વારેઘડી સમય ચોરીને આ વિષય ઉપર મથામણ ક્યાં સુધી કર્યો જ કરી.

આનું દેખીતું પરિણામ એટલું જ આવ્યું કે લોબીમાં કામિની અને અંબાલાલ (બલકે, ત્રિવેદી) આમસામાં મળી જતાં તો કામિનીની ગતિ એકદમ વધી જતી અને આંખમાં સ્મિત ઉપજી આવતું. કોઈવાર લાગે કે ત્રિવેદીનું ધ્યાન ગયું નથી તો કામિનીને થોડીવાર મોઢાના સ્નાયુઓની મદદથી પણ એ સ્મિત વેડફાઈ જતું બચાવી લેવું પડતું.

શાંત, ઓછાબોલો, અંબાલાલ સુખદુઃખકર જેવો જ અવાજ કરીને કામિનીના કાન ઉપરની વાળની લટોની આરપાર સફળતાપૂર્વક પહોંચી શકે એવી મધુરપ પોતાના તરફથી ઉમેરીને કોઈવાર 'ત્રિવેદી' એમ બોલી જાણે કે આત્મસંબોધન કરતો.

કોઈ દિવસ કામિનીની પાછળની પાટલી પર ત્રિવેદી હોય તો દીવા જેવું સ્પષ્ટ જોઈ શકાતું કે કામિની પ્રોફેસરના મુબારક મુખમાંથી નીકળતા શબ્દોને કાગળ પર ઉતારવામાં હમેશનો ઉત્સાહ અને વેગ દાખવી શકતી નહિ. 'બોલે છે તે બધું જ કાંઈ ઉતારી લેતી નથી, અગત્યનું જ લખી લઉં છું' એમ કહેતી હોય તેમ અને અક્ષર કાંઈ સાવ 'લેડી'સહેન્ડ' નથી એવું બતાવવા આખો વખત પ્રયત્નશીલ લાગતી. અંબાલાલ ઘણુંખરું પોતાના મિત્રો જોડે ક્યાંક પાછળ જ બેસતો. એને તો નોટસ લેવાની ટેવ ન હોવાથી દૂર રહ્યે પ્રોફેસરનું ભાષણ અરધું અરધું સાંભળવા ન સાંભળવામાં જ મઝા પડતી.

નોટોના થોકથી લચી પડતી કામિની, એક બપોરે, ગજવામાં હાથ ઘાલીને ડોલતા ડોલતા આવતા ત્રિવેદીને સામે મળી. લોબીના કઠેડા પાસે અકસ્માત આગ લાગે તો એના ઇલાજ કાજે 'ફાયર' એમ ધોળા અક્ષરથી લાલ રંગ ઉપર લખીને ધૂળ કે પાણી અથવા ઘણુંખરું તો હવાથી ભરેલી ડોલો પડેલી હતી. અંબાલાલ રસ્તો આપવા માટે બીજી તરફ નમ્યો હતો છતાં કામિની બાલદીઓ તરફ નમી. અને એમાં બીજુ શું થાય! સાડીનો છેડો બાલદીમાં ભરાયો તે ભરાયો જ. અંબાલાલ એને રસ્તે રસ્તે ચાલ્યો જતો હતો અને બોલતો હતો 'તત્ર રમ્યા શકુન્તલા.' કામિનીએ એ સાંભળ્યું. સારું થયું કે

ત્રિવેદીએ પાછા ફરીને જોયું નહિ કે ક્ષણે ક્ષણે એ રમ્યના વધતી જતી હતી કે નહિ. નહિ તો એ આળસીઓ કંઈજ કામમાં ન આવી શકે એવી અજુગતી આગ લાગત.

વિદ્યાર્થિનીઓવાળી આગળની પાટલી પાછળ એકવાર અંબાલાલને બેસવાનું થયું ત્યારે એને નવાઈ લાગી કે પોતાને આ હકીકતનુ ભાન છે એ કરતાં કામિનીને વધારે છે. આસપાસની પારસીખ્રિસ્તી વિદ્યાર્થિનીઓના જ્ઞાનમાં જાણે કે વધારો કરવા કામિની અંગ્રેજીનો સમય હોવા છતાં નોટમાં કાલિદાસની એક પ્રખ્યાત ઉક્તિ ચીપીચીપીને લખતી હતી: કામી સ્વતામ્ પશ્યતિ.

અને છતાં અંબાલાલે જોયું કે એના માથાપરથી છેડો ખસી જઈને શેક્સપિયરના ટેમ્પેસ્ટની પોતાની ઉઘાડી નકલ ઉપર પડ્યો એને કામિનીએ બાજુની નોટસ ઉતારવાની ઉતાવળ અસાધારણ વધારી દઈને પડી જ રહેવા દીધો. બિચારો અંબાલાલ' પ્રોફેસર પાઠ્યપુસ્તકનાં પાનાં ઉથલાવ્યે જતો હતો પણ કામી કામિની અને કાલિદાસનું રટણ કરવામાં એને શેક્સપિયર પર એમને એમ જ પડી રહેવા દેવો પડ્યો. સતમુન એ પ્રોફેસરના મુખકમલ પ્રત્યે તાકી રહી ને એમાંથી ઝરતી વાક્સુધા ઝીલીને અંતરમાંના વાવાઝોડાને શમવવા પ્રયત્ન કરી રહી. પણ આજુબાજુના વિદ્યાર્થીઓ કંઈ પ્રોફેસર પ્રત્યે ભક્તિના નવ પ્રકારોમાંથી દર્શન કે શ્રવણ એક માટે ઓછા આવ્યા હતા? સહેજ ગણગણાટ શરૂ થયો.

પ્રોફેસર પણ સંભળાવવા આતુર હોય છે એટલા સાંભળવા પણ હોય છે એથી દષ્ટિ વડે ગણગણાટને દાબી દેવા આંખ ફેરવવા લાગ્યા ને એકાગ્રપણે નોટસ લખતી કામિની પાછળ પોતાને ઉત્કંઠપણે સાંભળી રહેલ ત્રિવેદીને જોઈ એક સેકંડ માટે તો એમનો વાગ્ઝરો જરીક ખંચાઈ ગયો. પણ એમની અનુભવી આંખને આમાં કંઈ નવું નહિ લાગવાથી ભંગાણ પડે એ તો અશક્ય જ હતું. કંઈ જ ન બન્યું હોય એમ કામિનીએ સમય પૂરો થવા અગાઉ છેડો માથે કરી લીધો એ વખતે લગભગ આખો વર્ગ માત્ર આંખનાં અખબારની જ મદદથી આખીયે ઘટનાથી વાકેફ થઈ ગયો હતો!

* * *

'કામિનીબેન! એ જ કે તમારા ત્રિવેદી? બિચારા! માથેરાનની એક હોટેલમાં રાત્રે જમ્યા પછી સૌ વાતે ચડ્યાં હતાં ને નવાનવા અનુભવો રજુ કરતાં હતાં, ત્યાં કામિનીને અટકાવી એની નાની બેન સુહાસ બોલી પડી.

'મારા ક્યાંથી? તને બધી દુનિયાની વાતોની જાણે ખબર?' કામિનીએ કડે પેરે કહ્યું.

'વાહરે! જે જોડીની કૉલેજના પટાવાળાને સુદ્ધાં ખબર તેની અમને જ નહિ? બરોબર રાઈડીંગ આવડે નહિ એ તે તમારા હોય?'

એમ કહી સુહાસે પોતાનું નામ સાર્થક કરતા ખારસું હસીને પડખે બેઠેલા, મૂળ હિંદી છતાં નાગ

ઉત્સુકતાથી આભારકોની ઈચ્છા માટે આવેલા એટલે ઓફિસ
એમાંથી જ કલાકારોના એક વ્યક્તિ વાત કરવા માટે, પણ એ માટે આપના મારવાની કોઈ પોતાની મારી જ છે કે નહિ. પણ તો એનું
ભવ્ય આવેલ. પ્રશ્નના જવાબમાં આભારી મિસ કે કેટલી કરી
વળી કરતી ખરી પરવાની છે તો ખરા. એટલી ખાતર
જ નમને પરવરવાનું છે જ તો!'

ખાની ખરેખર ઉત્તાનની મારફતે ઇશારાને
એક આખો દિવસમાં ગીતો અને કામિનીના કર્મચારીઓ
મન પોતાની ખાતિર થયું મરજી નજર જ કરી

'અને એ તો અમારો જ એ તો નો-ફ્રેન્ડ
(નાશપાતી) મિસ્ટર અધિકારી.'

સુદામ હસ્યો. 'મિસ્ટર અધિકારી!' અને કામિની
નાક ચઢાવીને બોલી 'ઓહ્! મિસ્ટર અધિકારીને ક્યાં
સુધી મિસ્ટર મિસ્ટર કરો છો ના?

'ત્યારે શું કરવું? આ કે જાણી જે છે, મિસ્ટર
અધિકારી આપની પરસ્પર ઓળખાણ થયાએ ઠરાવી
એને આવકારવું તો થયું નથી. અરે ભાઈ, એમ તો
ગૂ નવાઈ લાગી?' કામિની સ્વચ્છપણે બોલતી હતી
પરંતુ બોલ બીજરામાં આનંદપૂર્વક રહેવા દેવામાં
પ એમ અધિકારીએ બધાંથી સ્વીકારનું હૃદયમાં માત્ર
દેશાભિમાન જ સુસાધ્ય એવું સ્મિત કર્યું.

સુદામ એને બોલે રાખતી હતી, 'મીઆંબીબી
નો કથા કરે મીઆં કાજી! શું તારે મને પેલા નાટક
મે-તેના ત્રિવેદીની વાત કરવી' પોતા પરથી પડશે

તે કેટલી વારથી તેં પડી જ રહેવા દીધો છે? કોકની ખાતર તો એને ઊડવા દે.'

'જો, મેં પડી રહેવા દીધો છે?' કામિની ગઈ તો સુહાસને ટોકવા પણ પોતાને જ ટોકતી હોય એવો જરી એનો અવાજ થઈ ગયો.

'ત્યારે? કંઈ કહેતી તો નથી કે આગળ શું થયું?'

'આગળ શું થયું તે મને ઓછી જ ખબર છે?'

'વાહ રે!' સુહાસ ચાળા પાડતી બોલી 'મને ઓછી જ ખબર છે? ત્યારે કોને છે, મને? નીચે તો પડે. ચડે તો પડે જ ને? પણ પડે તે ઊભો પણ થાય એમ ખરું ને? ઘોડો પકડાયેલો કે નહિ? . . . દોડી ગયેલો? . . . એમ કે? . . . ત્યારે તમે શો વાઘ મારતાં હતાં? તમારાથી રોકાયો નહિ કે? . . . તમારાથી આગળ નંબરે આવે છે એનું વેર લેતાં હશો?'

માત્ર અભિનયથી મિસ્ટર અધિકારીએ પૂછ્યું કે શું હતું. કામિની બોલી, સ્વસ્થ અને સ્થિર અવાજે: 'અમારા વર્ગમાં એક વિદ્યાર્થી છે. હોંશિયાર કહેવાય. મારાથી ઉપર રેન્ક પણ લાવે, કહેવાય નહિ.'

અધિકારીએ અભિનયથી જ પૂછ્યું 'કોણ?'

'મિસ્ટર ત્રિવેદી.' દફતરમાંથી કારકુન કોઈ પણ સખસના નામનું ઉચ્ચારણ કરતો હોય એવા અવાજથી કામિની બોલી.

"હં" મિસ્ટર ત્રિવેદી આવ્યા. અને પછી ઓફિસમાં કોઈ બોલ્યા.

એનો બાબાપ મિસ્ટર હતો કે એમના ઉપરીના ફેક્ટરીના માલિક થી. એમ. ના અભિનંદનરૂપના પરિણામની આગાહીથી એમના નવાબ કહેવાના પેટા મિસ્ટર ત્રિવેદી પ્રથમ નંબરે ઈ એમ બાંધેલું. પણ તે તો પોતાનાં આ નવીન મિત્ર મિસ ત્રિવેદી હશે એમ જ, એ પણ એ જ વિષયની વિદ્યાર્થિની હોઈ, કહેવું. તેને એ કેટલાક પદેમાં રહેવાથી લાગણીને તો કુમારિકાઓ આપવા માટે અત્યારે ખાસ આવેલા વગેરે વગેરે.

સુદામ હસતાં બોલ્યો, 'ત્યારે હું તો કામિનીબેન તમને જ કહું, મિસ્ટર ત્રિવેદી માટે તો.' પણ તમે એમને કુમારિકાઓ આપું જ જવા દીધા છતાંયે એમને તો શોધી બેસાડી વારંવાર કરી આડ કરી હોય તો જ.'

'ચલ, ચલ!' કામિની પ્રણામ કરી ગઈ. પણ તરત જ શાન અને સ્વસ્થ થઈ જઈ બોલી 'સુદામ! હું હવે કોલેજમાં જવાની છું. તારાં કોલેજનાં જે કંઈ રંગબેરંગી સ્વપ્નાં હોય તે મારે ઉડાડી દેવાં નથી પણ એટલું તો જાણ કે જેની સાથે હું મારા કોલેજ-જીવનમાં introduce (શિષ્ટાચાર મુજબ ત્રીજી વ્યક્તિ દ્વારા પરિચિત) થઈ નથી, તેની સાથે એથી કરીને તો ચાર વરસ દરમ્યાન એક અક્ષર પણ બોલી નથી. એની

[illegible] કામિનીએ મિ. અધિકારી સામે જોયું.

'હા. અમારે ત્યાં એકબીજાની Introduction સિવાય કોઈ પરિચિત થવાનો પ્રસંગ હોય જ નહિ' મિ. અધિકારીએ અનુમોદન આપ્યું. એ 'અમારે ત્યાં' કહે ત્યારે ઈંગ્લંડમાં, યુરોપમાં, એમ સમજવું. એ એમના હસવા બોલવા—બોલાવવાની ઢબ પરથી મુશ્કેલ નહિ પડતું. કામિની અહીં રહી પણ આટલો શિષ્ટાચાર પાળવામાંથી તો ગઈ નથી એ જોઈ હિંદીઓની ઝડપભેર વધતી જતી સુધરવાની શક્તિ ઉપર આફરીન થતા હોય એમ મિ. અધિકારી મલકાઈ રહ્યા.

એ મલકાટ સમાજે પોતાને વરસોથી પાળેલા શિષ્ટાચાર માટે આપેલી અશીસ છે એ મહાન સત્યનો કામિનીને એકાએક સાક્ષાત્કાર થયો અને એના બંને કપોલ પર લોહી ધસી આવ્યું. શિષ્ટાચારપૂર્વક રૂમાલમાં પોતાનું મોં દબાવી બેઠી હતી. ત્યાં 'આપણે પૃથ્વી પર છીએ! બોલ્યાં! ઘોડાની પીઠ છોડીને પૃથ્વીના ખોળામાં જઈને પડનાર તે પૃથ્વી પર નહિ કેમ?' એમ બોલતી થોડું, તો ઝાઝું હસતી સુહાસ ચાલી ગઈ. સમાજનો છેલ્લો પ્રતિનિધિ આમ ખસી જતાં કામિનીએ નિઃસંકોચપણે અને ક્ષણનો પણ વિલંબ કર્યા વગર 'મિ. અધિકારી!' એમ બોલી એની તરફ નમીને એના મુખની

નહિ કે એ જ પૂંઠી મિનિટ પછી અંબાલા [illegible] ગાડીમાં ભારી [illegible] પડશે. પોતે ધાર્યું કે એ [illegible] પણ દરકાર કર્યા વગર રસ્તા ઉપર દોડતે જતા ઘોડા તરફ આંખ જરી ફેંકી કે [illegible] આકારમાં પોતાનો આકાર કોતરી કાઢે કે ત્યાં એક આકૃતિ એનું જોઈ અને [illegible] કરવા લાગ્યો. પણ ફાવ્યો નહિ. ફરફરતે સાડી એક તરુણી હાથમાં પુસ્તક લઈને પ્લાટફોર્મ ઉપરથી આવતી હતી અને એનાથી બાઝીને ઘોડો પાછો ફરીને આવ્યાને રસ્તે નાંઠો અંબાલાલને શારીરિક વેદનાને લીધે પણ આંખો મીંચી દેવી પડે એમ હતું. પણ કેમે કરી આંખો બંધ થાય નહિ. પણ લાંબી વાર ઉઘાડી રાખવાની તસ્દી લેવી પડે એમ ન હતું. પેલી યુવતી ઘોડાના દોડવાથી પ્રેરણા મળી હોય એમ ઝડપ વધારીને અર્ધું દોડતી હોય એવા વેગથી ચાલી આવતી હતી. પણ ઘોડેસ્વાર જ પોતાની ચાલમાં વિક્ષેપ પાડશે એવી એને કલ્પના ન હતી. રસ્તાની કોરે કોઈ જુવાન માણસ પછડાઈને પડ્યો છે ને ડાબા હાથને અને લોહીલુવાણ ખોપરીના ડાબા પડખાને બીજા હાથથી ઠીક કરતો હોય છે એ બધું એક પલકારામાં એણે જોઈ લીધું હોય એમ લાગતું હતું. . . . મિ. અંબાલાલ પોતાના ઝોળીવાળા હાથ તરફ જોઈને વિચાર કરતો હતો કે કામિની બધું જ જોઈ શકી હતી એમાં તો શંકા જ નહિ. કેમકે એની રેવાલ ચાલ કેમ એકાએક પોતાની પાસે આવતાં જ જરી, પલક અમથી. ખમચાઈ

ગઈ હતી ? અને એ જરી વારમાં તો કામિનીએ હોટેલમાં કોઈ કોઈ વાર (હરેકને, અનેકવાર) આપેલું સ્મિત પણ, પ્રસંગોચિત કટુતાની છાંટથી વધુ પ્રકાશિત થતું, ચારેકોર રેલાઈ ગયું હતું. ધન્યતાની એક આખી પળ માટે એમાં તરબોળ થઈ અંબાલાલ આંખ ફેરવે છે તો કામિની પહેલાંની ચાલમાં વિક્ષેપ પડ્યો જ ન હોય એમ બીજી ટેકરીના વળાંક સુધીયે પહોંચી ગઈ હતી.

અંબાલાલને અત્યારે થતું હતું કે જો કોઈ અજ-ઓળખીતી બાઈ એમ અથવા એથીયે વધારે ઝડપથી પડખે થઈને દોડી ગઈ હોત તો એને પૃથ્વી ચક્કર ચક્કર ફરવા લાગી હતી તેમ લાગત નહિ. અથવા તો આ કામિની પણ ઓળખીતી હતી એમ શા માટે માની લીધું ? . . . તો પછી એવું રોજનું સ્મિત કરવાની ઉદારતા બતાવવી જરૂરી ન હતી. આંખોને બદલે કાચ હોય એમ જોયું ન જોયું કરી અંદર સ્મિતવિકાર પ્રગટવા દીધા સિવાય જ એ દોડી ગઈ હોત તો યે જખમ કે હશે, બધાં પાસેથી આ હમદર્દીની અપેક્ષા રાખવી ? ના, પણ એ વખતે જમીન ઉપર પોતે ન હતો ! એ તો પોતાનું કોઈ કોલેજજીવનનું ભૂત હતું. તેને કામિની સ્મિત આપ્યા વગર રહી શકી નહિ, અને પોતાના તો અસ્તિત્વની પણ નોંધ એને લેવી ન હતી. પોતાના પેલા ભૂતને જ એને ઓળખવો હતો પોતે હાજરાહજુર જે છે તેને ઓળખવો ન હતો.

[illegible]

[illegible] વિચાર આવતા હતા. ગાર્ગીમાંથી [illegible] શાલિની [illegible] છાયા-રૂપો દેખાતાં હતાં [illegible] પોતાના કલ્પનાની આ નારી ગાર્ગીમાંથી પોતાની અંતર્ગત. સહભાગે [illegible] અણુઅણુમાંથી. [illegible] નવી દુનિયામાં વિવિધ વિશ્વો [illegible] ગર્ભ બનતાં હતાં. પોતાના ભાવનાજગતમાં મધ્યબિંદુ તરીકે પોતે કામિનીને જાણે અજાણે પણ સ્થાન આપેલું એનું ભાન. કામિનીએ પોતાનું એ સ્થાન સમજ્યા છતાં નિર્મમતાથી અનાસક્તિથી ઉવેખ્યું ત્યારે જ એને બરોબર તીવ્રપણે થયું. અત્યારે એની આગળ પોતાના ભાવનાજગતનાં બીજાં શક્ય હતાં તે મધ્યબિંદુઓ તરવરવા લાગ્યાં. પડોશની લલિતા, પાછળના ઘરની નાનપણે જેનાથી માયા હતી તે કમુ, પાસેના ગામની રૂપનો કટકો ગણાતી નારાયણી, લક્ષ્મી, કૃષ્ણા, રમા, અનેક યાદ આવ્યાં; જેમને સૌને વિષે, પોતે જ્યારે જ્યારે પ્રસંગ ઉપસ્થિત થયેલો ત્યારે પિતાશ્રી આગળ ઘસીને ના પાડી હતી. કાલિદાસ શેલી, હાફીઝ અને સૅફોથી પોષાયેલું પોતાનું ભાવનાજગત એ અણઘડ કન્યાઓમાંથી કોઈને યે ચરણે કેમ ક્ષણવાર પણ સોંપી શકાય ?

અને કામિની ? કામિની એના ભાવનાવિશ્વની ધ્રુવ હતી; પ્રેરક હતી, ધાત્રી હતી, સ્વામિની હતી; શું ન હતી ? . . . . .

ઝોળામાંના હાથને જરી સળ્યો આપ્યો અને એ અંબાલાલને એટલું બનાવી આપવા પૂરતો હતો. કે કામિની એના ભાવનાજગતની ગમે તે હોય કે ન હોય, સાચા જીવનની સહચરી તો ન જ હતી; હોવાનો એણે પોતે જ, પ્રસંગ આવ્યો ત્યારે, અસ્વીકાર કર્યો હતો.

સવારે અમદાવાદ છોડયા પછી એક જંક્શન આગળ, હવે પોતાને એક જ સ્ટેશન બાકી રહ્યું હતું એટલે સ્વસ્થ થવા, અંબાલાલ નીચે ઊતર્યો. પ્યાલું લઈને નળ ઉપર ગયો. ત્યાં એક હાથથી નળ દબાવી નીચે મોટું પ્યાલું ભરતો હતો પણ બીજા મુસાફરોને ય કાંઈ પાણીની ઓછી જરૂર ન હતી. અંબાલાલે નળ દબાવેલો હોય ને પાણી બહાર આવતું હોય તેમાં વચ્ચે હાથ ઘાલી, એમની નજર અંબાલાલના મલિન પામેલા હાથ કરતાં, એ ઉપડી! એ ઉપડી! એવા ભયથી ગાડી તરફ વધારે હોઈ, એમણે એને થોડીવાર સ્વયંસેવકની સ્થિતિમાં મૂકી દીધો. પ્યાલામાનું પાણી ખાલી કરી દઈ, ફરી ભરવા જાય છે તો ય પાછું એનું એજ. વખતસર, ઝટપટ, પાણીનું પતાવી ડબામાં બેસી જવાની આપણા લોકની ટેવને પરિણામે અંબાલાલને પ્યાલો ભરવાની તક મળી ખરી. આખરે હોઠે માંડવા જાય છે ત્યાં કોઈએ આવીને ઝુંટવી લીધો. આટલું વળી અધૂરું રહી ગયું હતું! વાહ!

'શરમ નથી આવતી આમ પીતાં? કેટલા જણના હાથનું ધોયામણ પ્યાલા પર પડ્યું હશે?' છેલ્લા શબ્દો બોલાઈ રહ્યા ને પહેલાં તો બોલનારે પ્લેટફૉર્મની વાડ

તરફ પગોંગી જઈ ગાડી મારી લઈ પ્યાલો સાફ પણ કરવા માંડ્યો હતો. નળ નીચે ધોતાં ધોતાં કહે, “ભાભીને કહીને ગાડી, પણ મને જ નહિ ને? કહ્યું કે હાથ જેટલો ઘુમટો જરી ઊંચો કરીને જુઓ. આપણા ઘર પછવાડેવાળા અંશુભાઈ જ છે. પણ કહે. ‘ના’ પણ” પ્યાલું સાફ કરતી વચ્ચે ઝાલીને અટકી બોલી, “આ તમારો વેશ જોઈ મનેય તે થયું કે બીજું કોઈ હશે. લો, ખસો હવે.” નળ પરથી અંબાલાલનો હાથ ખસેડતી બોલી “હું ભરી આપું છું.”

“ના. એક હાથની જ મદદ જોઈતી હતી. બેય હાથ કાંઈ ભાંગ્યા નથી.’

‘હં. મને આંખો છે. ઊભા તો રહ્યા હતા આખા યે ભાંગ્યા જેવા. જોઈને તો હું દોડી આવી.’

એક હાથમાં પ્યાલું રાખી બીજે હાથ નળ દબાવવા લંબાવી પાણી ભરતી હતી તે ચિત્ર કોઈ પણ કલાકારની કલ્પનાને ચગાવવાને પૂરતું હતું. પણ અંબાલાલને એ જોવાની નવરાશ ન હતી. એ તો અર્ધીક મિનિટ માટે એ જોઈ રહ્યો કે જે અણુકથી મીઠાશભરી દૃષ્ટિથી પ્યાલામાં પડતા પાણી તરફ એ અવનત મુખે જોતી હતી, તે એના બિંદુએબિંદુની અંદર કોટિકોટિ મેઘધનુષ્યો સંકેલીને ભરવાની તાકાત ધરાવનારી હતી.

આંખ નીચી જ રાખીને પ્યાલો આપતાં બોલી. ‘ઓળખાણ પડતી નથી, ખરુંને?’

પ્યાલું મેનાં એની આંગળીઓને જ એનો જવાબ આપીને અંબાલાલે (અલકે 'અંબુભાઈ'એ) ગાંઠનું આટલુંક ઉમેર્યું, 'ક્યાં જાય છે એ તો કહીશને ?' અને પાણી પીતાં પીતાં પ્યાલાની કોર ઉપરથી એણે જવાબની આશામાં જોયું.

'પાલણપુર. મામાની દીકરીના લગનમાં. તમે ?'

આટલું બોલવાનું અને અંબાલાલની દૃષ્ટિ બને ભારે પડ્યાં હોય એમ તરત જ પૂંઠ ફેરવીને પ્લેટફોર્મ પરની લીમડી નીચે બાજી બેઠી હતી તે તરફ ઉતાવળે પગલે ચાલવા માંડી. માત્ર જવાબ નહિ મળવાથી એક પ્રશ્નાર્થસૂચક હુંકારો કર્યો તે જ.

'હું ? ઘેર.' અને એણે વિશેષ કંઈ પૂછ્યું ન હતું છતાં અંબાલાલે ઉમેર્યું, 'તારા લગ્નમાં.'

પિનાકી અંબાલાલને લાંબે ગાળે વળી પોતાની નજર આગળ જોઈ એટલા બધા ખૂશ થઈ ગયા કે એના હવે લગભગ રૂઝાઈ ગયેલા ઘાને તો કશા લેખામાં જ લીધા સિવાય વધારે ખુશાલી માટે બીજી વધુ મહત્ત્વની વાતો છેડવા લાગ્યા. 'જો, ભાઈ, હું અવસ્થાવાન થયો.'

'હું કાંઈ જોતો નથી !' અંબાલાલે નમ્રપણે કહ્યું.

'ભાઈ, જોતો હોય તો વળી મારે કહેવું પડે ખરું ?'

'કહો તે સાંભળું પણ છું.'

'જુવે છે ને સાંભળે છે. પણ કાંઈ સૂઝતું નથી, કેમ? હવે ભાઈ મને મારા આ દેહનો ભરોસો નથી. તું કંઈ સમજી જા. કેટલાને મારે ના પાડવી?' એમ કહી અનેક માગણીઓનાં સવિસ્તાર વર્ણન પિતાજીએ રજૂ કર્યાં. . . . આ પાછળના ઘરવાળાં પણ લાગ્યાં છે. સમજતાં નથી. મોસાળમાં લગ્ન છે એ ઉકલે એટલે આવતાં બે-ત્રણ મુહૂર્તમાં, તું ના પાડે તો પછી બીજા કોઈને ય ગોતી કાઢી, કરી નાખશે.'

'. . . તો ને?'

અંબાલાલ બોલ્યો બે જ શબ્દો, પણ જવાબમાં ડોસા પાસે આનંદસૂચક શબ્દ જ ન હતા. 'જીવતો રહે, દીકરા મારા, સો વરસનો થા.'

પિતાશ્રીના આ સ્પષ્ટ આશીર્વાદ કરતાં એમની ખુશાલી જ મહાન આશીષ હતી. અને એના પોતાના આત્માની ખુશાલી પણ જેવા તેવા આશીર્વાદરૂપ ન હતી. જીવનયાત્રાની સહમાર્ગિણી પોતાની પીઠ પાછળ જ હતી અને પોતે એની શોધમાં કયાંનો ક્યાં ભટકતો રહ્યો! અંબાલાલને મનમાં ને મનમાં ખૂબ અચંબો થયો. હાથ બસ બાંધ્યો હોય, પોતે તો બાંધ્યો નથી!

પરબારિયાં

[કલમાંઓ પળની એક વાત]

આજે જગદીશચંદ્ર નગરથી દૂરની અમદાવાદ ભાગોળમાં જે બીજ આવ્યું છે તેથી અને કદી જ વિદ્યાર્થીમાં ન થયેલું એવું આશ્ચર્ય થાય છે. આપણા આનંદ કાર્યકર્તાઓનો પાછળથી હાજરાહજૂર ઉત્પત્તિ એ અને મગની વાત તો નથી જ, પણ આ કિસ્સામાં જેમ કહ્યું મન શાંતિ પકડતું નથી.

જગદીશચંદ્ર જ્યારે માત્ર જગદીશ અથવા તો કોઈની મોજ પ્રમાણે અમરનો જગુ હતા અને એના આજના બીજા પત્રકારો — 'લોકપોકાર'નો તંત્રી અમૃતનંદન અને અખિલ હિંદ મૈત્રીઆશ્રમના પ્રાણપ્રિય કુલપતિ સુખાનંદજી જ્યારે માત્ર શીવા સાદા અમુ અને સખારામ હતા, ત્યારે હું પણ અત્યાર આજની પેઠે રાજ્યનો કાનનમથી ન હતો, પણ એમના જેવો જ

એક હતો : એક સામાન્ય દેશસેવક, સ્વતંત્રતાનો સૈનિક, રાષ્ટ્રનો સ્વપ્નશિલ્પી. એ વારામાં, જગદીશ અમારો આદર્શ હતો. એનો દેશપ્રેમ ઉત્કટ સ્વભાવનો. એ દેશદાઝથી પ્રેરાઈ ચોવીસે કલાક સ્વાતંત્ર્યની ધૂન રટ્યાં કરતો. આજ એક ગામ હોય, કાલે બીજે. સાંજે મુંબઈ હોય તો સવારે સેંકડો માઈલ દૂર જતો રહે. એનાં ગતિ, વેગ, જોમ, જુસ્સો અનેક ગણાતાં.

અમુ અને સખારામ જગદીશની બે પાંખ સમા હતા. એ ત્રણ મળીને એક જબ્બરજસ્ત શક્તિનું રૂપ પકડતા. બનતા સુધી આ ત્રિપુટિ સાથે જ હોય. જ્યાં જાય ત્યાં એમની હાજરીનો વંટોળિયો કોઈની આંખો આંજીને, કોઈને ફફડાવીને, કોઈના છાપરાં ખખડાવીને, કોઈની ડોક પણ મરડાઈ જાય એટલે ઊંચે ચડી જઈને, સૌનું ધ્યાન અવશ્ય ખેંચી શકતો. એ સમયના એક અગ્રગણ્ય નેતાના હાથ તળે આ ત્રિપુટિ એક અમોઘ શસ્ત્ર લેખાતી.

કાળે કરીને નેતા સ્વાતંત્ર્યનો સંદેશ જનતાને પહોંચાડવાના ગુન્હા બદલ તે જમાનાની સરકારની આંખે ચડયા અને એમને કારાવાસ મળ્યો. બહાર પેલી ત્રિપુટિની જવાબદારી આથી તો વિશેષ વધી. ત્રણે જણાએ આત્મભોગની માત્રા વધારી મૂકી. ત્રણે જુદે જુદે મથકે રહી કામ કરવું એવો નિશ્ચય એ એનું પ્રથમ ચિહ્ન હતું.

[illegible]

[illegible]

પેરી ત્રિપુટિ હાસ્યરામ ગેરના કોલેજના ઉપર પ્રેમોના વરસાદ જ વરસાવતી હતી એમાં કોઈ ભાગ્યશાળી હશેકે હોય ના ન ઉંગ નામની આગીનો ભાગ જ દેશનેતાને આપવામાં આવતા કેમનેતા, ભાગ પ્રથમ પંક્તિના દેશના દેશ, જેવા અમદાવાદી પ્રત્યનતા ... અમગત મોકો એની ... વગેરે માટે પૂરતી

એક અગત્ય ત્યારે દેશનેતાએ વર્તમાનપત્રમાં વાંચ્યું કે દયાળજીની આગળમાં ન ... જેમ કેરાક થયા છે. એમને ના રોકવાન પછી ને કિલ્લાએ ખૂબ ભગતુ હતું. છતાં પોતાના અજાણ દેશબાંધુઓ પર પડેલ મેગાવ્યા એમણે રેગ્નો ગોળી હાટલો. એમને કોઈ સખત ભણવી સાધનની મજા હતી નહિ. છતાં પોતે શરીર અને મનના સ્વાસ્થ્ય ખાતર બગીચાનું અને એવું બીજું કામ કરતા.

એમાંથી થોડો વખત બચાવી હવે એમણે નક્કી કર્યું કે પરબીડિયાં બનાવી પાઈપાઈનો બચાવ કરવો. આ માટે બહારના મિત્રોને એમણે સૂચવ્યું કે જેલના અધિકારીઓને એ માટેની વસ્તુઓ પહોંચાડે તો પોતે એ મેળવીને પોતાની યોજના અમલમાં મૂકે.

બહારના મિત્રોએ દેશનેતાની આ સૂચના સાંભળતાં વેંત એને ભરૂકમળકે વધાવી લીધી. કાગળો, અલબત્ત સ્વદેશમાં જ બનેલા, અને બને ત્યાં સુધી સારામાં સારી જાતના મેળવવા માટે ચારે કોર મોટરો દોડી રહી અને વિદેશી પેટ્રોલના અને સ્વદેશી પૈસાના ધૂમાડા ઉડાવી રહી. ટપાલખાતાને પરબીડિયાની પાઈ આપી દેવી એ કરતાં જાતે કરી લીધું હોય તો કેટલું સસ્તું પડે અને એકંદરે એમ કેટલી રકમ ટપાલખાતાને ચરણે ફોગટની ધરવામાંથી બચી જવાય! આ એક સરળ, સૌને સમજાઈ જાય એવો, સૌથી પળાય એવો આદર્શ હતો. સદ્ભાવનાથી દેશનેતાએ તો એ આદર્શને રમતો મૂક્યો હતો. પણ કારાગાર બહારના લોકોએ આદર્શને ઝીલવામાં પોતાની હંમેશની આગવી રીત જ અખત્યાર કરી. આદર્શપૂજનને બદલે આદર્શકારની પૂજાને પ્રાધાન્ય આપ્યું.

અનેક, અસંખ્ય, પાર્ટીઓના ખર્ચનો બોજો વહેતો પરબીડિયાં બનાવવાના સામાન–કાગળ, કાતર, ગુંદરિયાં વગેરે — દેશનેતાને પહોંચ્યો. એમણે તો પોતાની મુનિસ્થા અનુસાર દિનપ્રતિદિન પરબીડિયાં બનાવ્યાં જ કર્યાં અને

પરબીડિયાં

[illegible]

[illegible] પરબીડિયાં [illegible] ટપાલમાં [illegible] નહિ [illegible]

એમ કહેવાની જરૂર નથી કે આ સિદ્ધાંત અમલ
[illegible] કામ [illegible] પત્રવ્યવહાર [illegible]
પડતો એમાં તો ટપાલખાતાનાં પરબીડિયાંનો જ વપરાશ
કરવો પડતો. કારણ કે એમાં બીજો કોઈ ઉપાય જ ન
હતો. [illegible] એવા તો નિયમ રહેતા કે
પરબીડિયાં બનાવી લેવાની [illegible] જ [illegible]
[illegible] હંમેશ રહેતી.
[illegible] અને ચિંતાનો કંઈ પાર ન હતો. એમાં
કોઈ [illegible] પણ [illegible] ના [illegible] કામને [illegible]
[illegible].

દા. ન. અમુકે એકવાર જગદીશને ટપાલથી ખબર
આપી કે અમુક દિવસે એ એને ખાસ અગત્યના કામે

મળવા આવશે. પણ એને ક્યાં ભાન હતું કે એ દિવસે જગદીશને ત્રીજે જ ઠેકાણે એક નવું જ પરિવર્તન લાવનારી સભામાં હાજરી આપવા જવાનું હતું અને એ જગાનું સરનામું એણે સખારામને પત્રવ્યવહાર માટે પહોંચાડ્યું પણ હતું? અમુનો કાગળ આવતાં જગદીશને લાચાર થઈને સખારામને લખવું પડ્યું કે પોતાનું સરનામું — ઉપયોગ કરવો પડે તો — અત્યારે છે તેજ ચાલુ રહેશે. એને શી ખબર કે અમુ તરફથી બીજી જ સવારે મળવા આવવાની પોતાની અશક્તિનો દિલગીરી દર્શક કાગળ આવવાનો છે? કંઈ નહિ. બીજે દિવસે એણે ફરી સખારામને પોતાની સાથેના પત્રવ્યવહાર માટે—જરૂર પડે તો — મૂળનું ફેરફારવાળું સરનામું પહોંચાડ્યું. દરમ્યાન સખારામના એ દિવસ આ અગત્યના સ્થળ-ફેરફારના ચોક્કસ ખબર મેળવવા પાછળ જ ગયા. કેમકે એણે તરત રીતું અમુને જ લખી પૂછાવ્યું અને જણાવ્યું કે જગદીશ તો અમુક ઠેકાણે જવાનો હતો. જેને પરિણામે અમુએ અગમચેતી વાપરીને જગદીશ જ્યાં જવા ઇચ્છતો હતો ત્યાં પણ કાગળ લખી પોતાનો નિર્ણય, અને પછીથી નિર્ણય ફેરવ્યાનો નિર્ણય, પત્રદ્વારા જણાવ્યો હતો. આમ એકમેકના પત્રની રાહ જોવાની, પત્રો સમયસર અને સ્થળસર મળે એની અરસપરસ વ્યવસ્થાના અને એવા ઇતર અતિમહત્ત્વના કામકાજ આડે એમને [illegible] બનાવી દેવાની ભાગ્યેજ ફુરસદ રહેતી. ટપાલ આવતાંની [illegible] કમાડી પર કાન મૂકવા જતાં

પોતે અહોરાત કરેલા દેશકાર્ય પર કાતર મૂકાઈ જાય એ ડર જેવો તેવો ન હતો.

દેશનેતાને પોતાને અનુયાયીઓ તરફથી ધોધમાર પત્રો મળતા. એમને સર્વદાશ્ચર્ય થતું કે અનુયાયીઓ પોતાના રોજિંદા જીવનની અસંખ્ય ઝીણી ઝીણી બાબતો, પોતે કેટલી ચમચી કેસ્ટર ઓઇલ પીધું પોતે અમુક 'બહેન' સાથે કેટલી વખત કેવી અકલંક ભાવનાથી મળવામાં સફળ થયા વગેરે વગેરે લખવા માટે સમય મેળવી શકતા; પણ એ કાગળને લપેટવા માટે એક અમથું પરબીડિયું જાતે બનાવી લેતા નહિ. પણ દેશનેતાના મહેરામણ દેશનો પ્રેમ આવી ભૂલોને માટે અનુયાયીઓને ટકોર આપ્યા કરવાને બદલે પોતાને જ સ્વકર્મમાં વધારે મશગૂલ થવા પ્રેરતો.

દેશનેતાએ પોતાની બનાવટનાં પરબીડિયાંનો એક મોટો જથ્થો જગદીશ ઉપર મોકલ્યો. એમણે કાંઈ એ અનુયાયીઓને ટોણા દાખલ મોકલ્યો ન હતો. પણ એમને એવી આશા હતી કે સૌને પોતાને બદલે પરબીડિયાં જાતે બનાવી લેવાનો સમય ન મળે પણ આ મોકલ્યાં છે તે વાપરે અને એટલા પૂરતો કંઈક બચાવ થાય.

પરંતુ દેશનેતાના આ નવા પગલાથી તો અનુયાયીઓનું કામ ઊલટું વધી પડ્યું. પત્રો તો જાણે પહેલાંની જ જેમ છાપખાનાનાં પરબીડિયાંમાં વીંટળાઈને જ જતા. પણ દેશનેતાની બનાવટના પરબીડિયાંના આ

જથ્થાને એક સુંદર કબાટ બનાવી એમાં સુવ્યવસ્થિત રીતે ગોઠવવા અને એની સલામતી માટે જવાબદાર રહેવા એ કાર્યકર્ત્તાઓને ફરજ પાડચા.

અત્યારે અત્યંત દુઃખની વાત છે કે દેશનું શ્વાસેશ્વાસે હિત ચિંતવનાર એ દેશનાયક નથી. આપણે જે કાંઈ અત્યારે છીએ એમાં એમનો હિસ્સો અમૂલ્ય છે એ આપણાં નાનાં બચ્ચાંઓની પણ ધ્યાન બહાર નથી. છતાં આવા પ્રતિભાસંપન્ન લોકનાયકોની શક્તિ પ્રજાને શી રીતે આગળને આગળ દોરવામાં ફાવી શકે છે એ મારે મન હજીયે કોયડો જ છે. શું આ દેશના ઇતિહાસમાં કે શું પરદેશની તવારીખોમાં.

કાળે કરીને ટપાલના દર તો પાછા ઠીક પણ થઈ ગયા. જગદીશમાંથી બનેલા જગદીશચંદ્ર ધારાસભાની ચૂંટણી માટે ઊભા રહ્યા તે પૂર્વે એમણે દેશનેતાનાં પેલાં પરબીડિયાંનો કબજો મેળવ્યો હતો. દેશનેતા જેલમાંથી નીકળ્યા ત્યારે તો થોકબંધ પરબીડિયાં લઈ આવેલા. એ બધાનો પણ જગદીશચંદ્રે જ્યાંત્યાંથી મહામહેનતે હવાલો મેળવ્યો હતો. ખાનગી વ્યક્તિઓ ઉપર લખાયેલા પત્રોનાં વપરાયેલાં ટપાલ-છાપવાળાં પણ એમણે કોરા પરબીડિયાંના બદલામાં મેળવી લીધાં હતાં. લોકનાયકોનું, દેશના સ્વાતંત્ર્યના રચયિતાઓનું, ભવ્ય કીર્તિમંદિર રચાવવું એ મુદ્રાલેખ સાથે એ મધ્યસ્થ ધારાસભાના ઉમેદવાર તરીકે બહાર પડ્યા હતા.

[illegible]

આજે, [illegible] આવી [illegible] [illegible] [illegible] માટે કે [illegible]
એમાંનું [illegible] [illegible], [illegible], [illegible], વગેરે [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], અને [illegible] [illegible] [illegible] ના [illegible] [illegible]

નાણાંવિષયક મંત્રીએ [illegible] [illegible] કે યોજનાને [illegible] [illegible] [illegible]. પણ [illegible] [illegible] કે આંતરરાષ્ટ્રીય યુદ્ધમાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કહેવાય એમ નથી. યોજનાના [illegible] [illegible] [illegible] [illegible] આર્થિક [illegible]

આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. આવી યોજનાનું [illegible] [illegible] [illegible] [illegible] નેતાઓનું અપમાન કરે, તો [illegible] [illegible] [illegible] [illegible] આપના [illegible] [illegible] યુદ્ધની [illegible] [illegible] 'લોકશાહી' [illegible] [illegible] પ્રમાણ [illegible] એમણે [illegible] ઉલ્લેખ કર્યો હતો અને [illegible] અભિનંદનના આ વિષય પરના [illegible] [illegible] [illegible] યોજનાને [illegible] [illegible] [illegible] વિચારો કર્યા હતા.

પણ નાણાંવિષયક મંત્રી વિચાર શું કરે? યુદ્ધખાતું [illegible] માગે તેની જરૂરિયાત પૂરી પાડવી એનું શું?

સ્વાતંત્ર્યના જરૂરની હતી કે વ્યાજખાઉઓની પાસ ! ભાગ્યવિધાયક ગાંધીજીએ આગાહી ભાખી અને શ્રી. જગદીશ-ચંદ્ર ઉપરના કોઈ નવીન સાધનનો પ્રબંધ પાસે સ્વીકાર કરાવશે તો એમાંથી કરાય એમની યોજના પાર પાડી શકાય એમ સૂચવ્યું.

જગદીશચંદ્રે સાથે જ અગિયાર સૂચનાઓ કરી પણ ખરી. એનો અસ્વીકાર થતાં એમણે નવી એક સૂચના એ કરી કે દવાખાનાની આવક કરાય વધારી શકાય. પરબીડિયાના દરમાં એક પાઈનો વધારો કરવામાં આવે તો સહેજે એમની યોજનાની શરૂઆત કરવા જેટલું મળી રહે.

આજની સભાનું કામકાજ સાંજ પડી જતાં એ સૂચના સુધી આવીને અટક્યું. હું ત્યારનો સારો ય વખત વિચાર કર્યાં કરું છું કે પાઈ પાઈ બચાવવા ખાતર દેશનેતાએ પરબીડિયાં બનાવ્યાં એની પાછળની ભાવનાની ક્યાં સુધી વિડંબના થઈ શકે છે. અને તેમ છતાં ય દેશ-પરદેશની—સર્વત્રની—તવારીખોમાં જોઈએ છીએ કે પ્રતિભા-શીલ લોકનાયકોની ભાવનાઓ સર્વથા અવન્ધ્ય જ હોય છે.

એક સુધારકનું વસિયતનામું

સર બિહારીલાલ એ અત્યારે મોટા સર તો છે, ને શહેરના એક અગ્રગણ્ય નાગરિક ગણાય છે. પણ એકવાર જ્યારે એ પૈસાદાર ન હતા, ચાર માણસમાં પૂછાતા ન હતા ને પંદર રૂપિયાની ખોલીમાં પડ્યા રહેતા, ત્યારે કોને ખબર કે એ જમાનામાં કોઈથી સહેજે ન બની શકતું એ પોતે કરી બતાવીને એટલે કે સુધારક બનીને પોતાના નસીબ આડેનું પાંદડું ઉડાડી મેલશે? છેલ્લાં વીસ વરસની એમની ઉત્તરોત્તર વધતી જતી આબાદીના ઇતિહાસના પાયામાં જે હકીકત હતી તે, જગજાણીતી હોવા છતાં ફરી કહેવાની જરૂર હોય તો, એટલી જ હતી કે બિહારીમલે વિધવાવિવાહ કર્યો હતો.

એટલે આજે સર બિહારીલાલની દીકરી રંભા પતિવિહોણી થઈ એ જાણીને સમાજના પ્રતિષ્ઠિત અને સંભાવિત નાગરિક મિત્રોએ બન્ને સર બિહારીમલ અને

એમની મુખી ઉપર નવાં તેજ નાંખી પ્રેસિડેન્ટ. સાર. કપાસ અને મુલાકાત દારા આધાસનની જડીઓ વરસાવી હોય; સામાન્ય જનસમૂહે તો છાપામાં તેઓને 'વાહ, ફરી પરણશે' એટલું જ મહત્ત્વ એ બનાવને આપ્યું.

સર ભિખારીલાલને પણ કાઈના સરખો ખ્યાલ નહિ કે અર્ધાંગીના કરતાં બે ચે ડગલાં આગળ નહીંને ઈંગ્લંડમાં ભણતાં ભણતાં જેની જોડે પ્રણયસંબંધથી રંભા જોડાયેલી તેને એ ટુંકા સમયમાં જ ભૂલી જશે . . . કપાળે હાથ દેવાને બદલે મૂછ પર નાખી 'જોઉં છું!' એટલું સ્વગત બોલી ઘંટડી વાગી . . . 'લક્ષ્મન, રંભાબાઈલા બકો પાઠવ.'

'બેન આ શું છે?'

'છબી. તમને બીજું કંઈ દેખાય છે? મને તો અવાજ પરથી પારખીને?'

'જો હસવાનો આ વખત નથી. કોણ છે?'

'જુઓને.'

'ઓળખતો નથી.'

'પણ હું ઓળખું છું ને?'

'તું ઓળખે એ ચાલે?'

'મારે જરૂર, એટલે હું ઓળખું એ જ બસ નહિ?'

'તારે જરૂર? અને બસ તો ગણું ઘણોયે, જો એ પોતે જાતે આ ઘરમાં દાખલ થાય. છબીના ઘરપ્રવેશ માટે કાયદાએ ઈલાજ ક્યાં રાખ્યો છે?'

'હૃદયપ્રવેશ, બાઈજી.'

'ના હવે, બાઈજીનું નામ લજવવાવાળી.'

'બાઈજી, ઘરપ્રવેશ નો તમે કર્યો કહેવાય. મારા કમરામાં પેસી ટેબલપરથી છબી ઊઠાવવાનું કાંઈ કારણ?'

'કમરો કોનો છે?'

'મારો જ વળી.'

'ઘર?'

'તમારૂં, તેથી શું? હું કંઈ તમારી ઓછી છુ.'

આપદીકરી વચ્ચે પુષ્કળ ઝપાઝોડી થઈ. અને તે એક દરેલ પ્રતિષ્ઠાસંપન્ન ને ફત્તેહમંદ પિતા અને એક નિતાન્તઅર્વાચીન પુત્રી વચ્ચે થઈ શકે એવી જ હતી. સર બિહારીલાલે પોતે વકીલ ન હોવા છતાં રંભાની સારી એવી ઉલટ તપાસ લીધી. પણ રંભા કંઈ જ મચક ન આપવાને બદલે બધું જ સામેથી રોકડું પરખાવતી હતી. પિતાએ એને જવાબમાં કહી જોયું કે એના આ આગળપડતા વિચારો માટે એણે પિતાનો જ આભાર માનવો જોઈએ. નહિ તો બીજા કોઈને પેટ પડી હોત તો નો બે હાથનો ઘૂંમટો કાઢીને કોકને ઘેર ખૂણામાં કકળતી હોત. રંભા એમ ગાંજી જાય એમાંની ન હતી. એણે કહ્યું 'બાઈજી, અકસ્માતોને વચ્ચે હડફેટમાં ન લાવો. હું અકસ્માત તમારી દિકરી છું, ને અકસ્માત તમે પિતા છો. એથી કાંઈ અત્યારના મારા પગલામાં કશું અયોગ્ય થઈ જતું નથી.'

. સર બિહારીમલે રંભાના મનમાં એના ગત પતિ વિષે લાગણીઓ ઉશ્કેરવા પ્રયત્ન કરી જોયો, પણ એ બધામાંથી એના અત્યારના પ્રેમી વિરુદ્ધ અદ્દગો પ્રસરતી એ રંભાથી સાંખ્યું જાય નહિ. 'ભાઈજી, જવા દોને જેમ મન્મથકુમારને મેં શોધી કાઢ્યો હતો તેમ આને પણ મેં જ શોધી કાઢ્યો છે ને?'

'એ તે કંઈ ચાલે? એ વાત જુદી હતી ને આ વાત જુદી છે. એમાં તારે જ એકલીને શોધ્યે કંઈ વળતું નથી.'

'ત્યારે શું મન્મથકુમારની સાથે પરણી તે બીજા કોઈને લીધે કે માટે?'

'ના, બેટી, તારે લીધે ને તારે જ માટે.' સર બિહારીમલ સ્મિતપૂર્વક બોલ્યા.

'તો ભાઈજી, આ પણ મારે માટે જ છે ને મારે લીધે જ છે. તમે શા માટે વચ્ચે પડો જ છો?'

'દિકરી, વચ્ચે ન પડું ત્યારે શું કરું? તારા સસરાને ઘેર રહીને તારે ફાવે તેમ કરવું હતું. હું ક્યાં વચ્ચે બોલવા આવત?'

'મન્મથના ગયા પછી એ ગમારો સાથે રહીને શું કરું? ભાઈજી, તમે ય તે આવી ભાષા વાપરો છો? હું તો મન્મથને પરણી હતી કે એના કુટુંબને?'

'તો પછી', સર બિહારીમલ આસ્તે આસ્તે શ્રદ્ધાના અવાજથી બોલતા હતા, 'અહીં રહીને અમને સૌને ગમાર

કરી મૂકવા હોં! અત્યારે ત્યાં જશે તો અમને શોભે એવું જ લાગશે થાય.'

'મન્મથને પરણી ને તમને શોભા આપે એટલા માટે પરણી હતી?' રંભા તડૂકી.

સર બિહારી પણ બિન્જર થયા વગર બોલ્યા. 'તેં ભલે તેમ માન્યું હોય. તારે શોભા આપવી હોય કે નહિ. અમને તો ભગી હતી.'

'તે ન ભગે એમ હોત તો?'

'તોની વાત તો ત્યારે થાત ને? અત્યારે એની માથાઝીંક શી?'

'હં! એટલે અત્યારે હું કઈ પગલું લઉં તો તે તમને નહિ શોભે એમ!' રંભા રોક કરતી રહી.

'એમાં કંઈ શંકા છે?' ઠંડે પેટે સર બોલ્યા.

'એટલે તમને શોભતું જ બધુ કરવા હું જન્મી છું એમ ને?' રંભા જાણે કે સ્વગત જ બોલી.

'એ તો શું જાણે. અમે તો એવી ફિલસૂફીમાં ઊતરતા નથી.' સર બિહારીએ વિજયની આશાથી એક રાહતભર્યો દમ ખેંચ્યો. બધુ બીનું સંકેલાઈ જશે એમ એ સ્પષ્ટ જોઈ ગયા.

પણ રંભા વિફરેલી વાઘણનું રૂપ પકડવાની તૈયારી કરી રહી હતી. એક વાર તો બધી જ હિંમત એકત્ર કરીને એણે કહી નાખ્યું. 'બાઈજી, મારી બાએ જે કર્યું તે એની દીકરીથી નહિ થઈ શકે!'

[illegible]

[illegible] રંભાએ 'નખે' ઉપર વિશેષ ભાર મૂક્યો.

રંભાના હિમ્મતની નોંધ લેતા [illegible] કડકાઈથી સાફ બોલ્યા. 'જો, તારી બાની વાત જુદી હતી ને તારી વાત જુદી છે. એમ તારી બા ને તું એ જુદાં છો.'

રંભા અકળાઈ જ ગઈ. 'વિધવાની પુત્રીથી વિધવાવિવાહ ન થાય ત્યારે કોનાથી થશે! દુનિયા તે આગળ વધે છે કે પાછળ જાય છે?'

ભિખારીમલ બગાસું રોકતા બોલ્યા, 'દુનિયાનું તો કોણ જાણે, પણ હું તો આગળ વધ્યો છું.'

'એટલે જ વિધવાને પરણીને એની જ દીકરી પુનર્લગ્ન કરવા માગે તો આડે આવો છો!'

ભિખારીમલે રંભાની બરોબર સામું તાકીને એની વધતી જતી હિંમત પર અંકુશ મૂકવા પ્રયત્ન કરી જોયો.

અને દંડા અનાજે બોલ્યા, 'હા, રંભા. વિધવાને પરણ્યો એટલે જ એની દિકરીનો પુનર્લગ્ન કરવા દેતો નથી. નાની બાને પરણ્યો ત્યારે મારી સ્થિતિ પુનર્લગ્ન કરવા જેવી હતી. શી ખબર કે એને જ પરિણામે હું આટલો આગળ વધ્યો અને એટલા બધા પ્રતિદિન સમાજમાં હજી પરેશાનગી છે નાના આવા પગલાથી એ સમાજ વચ્ચે ટકવાનું જ અઘરું થઈ પડે!'

રંભા સાંભળીને સડક જ થઈ ગઈ. આજસુધી ગોદી ચાખ્યા પછી વાઘ જંપીને બેસે નહિ એમ એણે પિતાશ્રીને સંભળાવવા માંડ્યું હતું ત્યારે બેગાબેશ કહી જ નાખ્યું: 'તો તમારી ને તમારી પ્રતિષ્ઠાની હું કોઈ ખોડી જ વેચાયેલી છુ. આ તો સમજ છે કે ઠીક અંદરખેંચ રાજી રહો તો. બાકી મારે શુ કરવું ને શું ન કરવું એની આડે તમે આવી શકો એમ માનવાની તો ભૂલ નહિ જ કરતા હો.'

'હજુ હું ત્યાં લગી તો શું કરી શકું એ તું જોઈ શકીશ.' કહીને એમણે ટટાર થઈ ઊઠીને તિજોરી ઉઘાડી, એક મોટો લિફાફો કાઢી, અંદરનો ખરીતો રંભાની સામે મૂંગી કંડી ઘૃણા સાથે ફેંક્યો. અને પહેલાંની જેમ બેસીને દીવાનું અજવાળું જાણે ટાળવું ન હોય એમ હથેળી ભ્રમર પર ટેકવી એની છત નીચેથી રંભાના હાવભાવનું નિરીક્ષણ કરી રહ્યા.

રંભાના હાથમાં એ ખરીતો એટલો બધો ધ્રૂજતો હતો કે જાણે ખરીતો પોતે સ્થિર હોય અને એની ઉપર રંભા પોતે તરફડિયાં ખાતી ન હોય એવું લાગતું હતું.

ધૂંવાંફૂંવાં થઈને રંભાએ ખરીતો પિતાશ્રી તરફ ફગવીને કહ્યું, 'એટલે એમ માનો છો કે વિલમાંથી મને બાકાત રાખશો તો હું મારા નિશ્ચયમાંથી ડગી જઈશ?'

બિલકુલ ઠંડે પેરે પણ ભમ્મર પરની હથેળી દૂર કરી, આંખો બની શકે તેટલી ઊંડી લઈ જઈ, રંભાની અને એની પાછળની દિવાલની ય આરપાર જોતા હોય એવી નજર કરીને સર બિહારીમલે કહ્યું, 'ના, બેટી, તારી હિંમતમાં તો પૂરો વિશ્વાસ છે, અક્કલમાં જ નથી. વસીયતનામાની તારીખ વાંચી બતાવ જોઉં!'

'આજની જ તારીખ છે. તમે આજે જ વિલ કરાવ્યું?!' રંભાથી ચમકી જવાયું.

સર બિહારીમલ કંઈ મોટી વાત ન હોય એમ બોલ્યા :

'હા. કાલે ન કરાવી શકાત. અને મારી ગેર-હાજરીમાં તારા જેવી ઉખડેલ દિકરીનું ભલું . . .'

એમને રોકીને જ રંભા ભાગેલા જેવી થઈ જઈને બોલી. 'તમે...તમે...? કહો કે ખોટી ધમકી જ છે!... હું એમ કંઈ ડરી જાઉં એવી નથી...તમારે જીવવું હોય

તો જીવો...ના, ના, એના કરતાં તો મને મારી નાખોને એટલે પત્યું. હું જીવતી મરું એમાં તમને ય શો ફાયદો થશે ?'

બાજુએ જોઈને અહીં તક ઝડપી લઈને સર બોલ્યા, 'ના, ના, હું તને તો જીવવાની જ સગવડ કરી આપું છું.' શામદામભેદદંડમાંથી એકે ઈલાજ આ પ્રસંગમાં દિકરી વિરુદ્ધ ચાલી શકાય એમ હતો નહિ એટલે ઉલ્ટો પ્રકાર સર બિહારીમલે પોતાની વિરુદ્ધ અજમાવીને જ જીતવાનો ઇલાજ લીધો હતો.

'મારે તમારી પાસેથી કશી જ સગવડો જોઇતી નથી. હું મારે . . .'

વચ્ચેથી જ રંભાને અટકાવી પિતાએ ક્રૂર સ્વસ્થતાથી કહ્યું, 'રંભા, તારે જોઈતી નથી, પણ મારે આપ્યા વગર છુટકો નથી. જે સમાજમાં અત્યારે છું એમાં એમ કર્યું જ શોભશે.'

રંભા રડવા જેવા અવાજે બોલી, 'નહિ, નહિ, બાપુજી, તમે એવું નહિ કરી શકો. કહો કે નહિ કરો. કહો . . . કહો . . .'

'કેટલુંક કહેવામાં કંઈ સાર નથી હોતો, કરવામાં જ મઝા છે.' સર બિહારીમલે ટેબલ પર નીચું માથું લાગીને કર્યું અને હાથનાં આંગળાં હલાવી રંભાને ચાલ્યા જવા ઇશારો કર્યો.

અત્યંત તિરસ્કારથી ડૂસકું ગળામાં જ રૂંધીને ચીસ પાડીને ગાંડાની જેમ રંભા બોલી, 'તમે સુધારક થઈને જ આવું . . .'

પાછલા શબ્દો સંભળાયા નહિ. સર બિહારીલાલે માથું ઊંચું કર્યું ત્યારે રંભા ઓરડામાંથી ચાલી ગઈ હતી. ટેબલ ઉપરથી બે ચીજો ગૂમ થઈ હતી : એક રંભાના પ્રણયીની છબી અને બીજું સર બિહારીમલનું વસીયતનામું.

સર બિહારીમલે ઊઠીને ખંડમાં આંટા મારતાં મારતાં પોતાને જ જાણે કહ્યું : બાપ સુધારક છે એના જોર પર પોતે સુધારક થવા નીકળ્યાં છે! એમ બધું એટલું સહેલું હોત તો દુનિયા આખી જ આજે સુધરી ગઈ ન હોત?

*　　　*　　　*

પાંચેદસે વરસે કુદરતી રીતે સર બિહારીલાલ મૃત્યુ પામ્યા ત્યારે વસીયતનામામાંની એક વિગતથી બીજાઓને તો ઠીક પણ ખુદ રંભાને ય આશ્ચર્ય થયું. દેશમુખનું બિલ પસાર થાય કે ના થાય, પણ પોતાની દીકરીને દીકરા સુંદરમલ જેટલો જ મિલ્કતમાંથી ભાગ આપવો એમ સ્પષ્ટ અંદર લખેલું હતું. માત્ર એક સરત હતી કે જો રંભા પુનર્લગ્ન કરી ઘરસંસાર માંડવાની હોય તો જ એના નામ પર આગવી એટલી મિલ્કત કાઢી આપવી.

સરતની નીચે સર બિહારી મને સ્વહસ્તાક્ષરે લખેલું હતું: આપની હિંમતનો વારસો ન મેળવી શકી એને કમાઈનો વારસો તો છો મળતો; હવે જ્યારે હિંમત બતાવવાની તો જરૂર જ એને, મને લાગેવળગે છે ત્યાં સુધી, રહી નથી ત્યારે તો બન્ને મળનો. અને પછી કૌંસમાં ઉમેર્યું હતું હું એક વખત તો સુધારક પોને એને માટે જીવતાં લગી કશી હિંમત બતાવવા અસમર્થ હતો, કેમકે હું પ્રથમનો સુધારક ન હોતો રહ્યો. સુધારક મટીને, પછી બન્ને ને સુધારકપણાને લીધે જ, હું પૈસાદાર બન્યો હતો. અને પૈસો એટલે જ સ્થિતિચુસ્તતા.

રમેશ

સમય: સપ્ટેમ્બર, ૧૯૩૨.

એલિસબ્રીજ સ્ટેશન સુધી રમેશની પાછળ પાછળ વિદ્યાર્થીઓ ગયા હતા. એક નાનકડું સરઘસ જ થઈ ગયું હતું. મોખરે એક હાથમાં ટ્રંક ને બીજામાં બિસ્તર લઈને લાંબાં ડગલાં ભરતો રમેશ ચાલતો હતો. પાછળ જ અતુલ હતો. એણે ટકોર કરી.

મિ૦ રમેશચંદ્ર શાસ્ત્રી, બે ફર્લાંગના ડિસ્ટંસ (અંતર) માટે આવડી ફલંગો ન હોય! જરી ધીમા ચાલો.'

'ધીમા ચલાવીને જ દેશની આ દશા કરી છે ને?' રમેશને બદલે કોઈ ત્રીજાએ જ લાક્ષણિક જવાબ આપ્યો.

'ના, પણ રમેશ, તું સમજતો હોઈશ મશ્કરી, પણ હવે તો બાણ છૂટયું તે છૂટયું. પાછા ફરે તે બીજા.' છેક પાછળથી એક અવાજ આવ્યો.

પણ ભારે [illegible] નિરંતર [illegible] [illegible] દીધી [illegible] બુદ્ધિ અને તેના આત્મસાતનાનો હતો. [illegible] કોઈ [illegible] [illegible] [illegible] ભાષાઓની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] પણ કહેતો. "હવે આ પાછી નહિ બદલું" [illegible] [illegible] [illegible] થયા છે ત્યારે [illegible] [illegible] [illegible] પણ પાછો [illegible] [illegible] [illegible] [illegible] "[illegible]" [illegible] [illegible] [illegible] [illegible] આવનારની [illegible] [illegible] [illegible] નહિ પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઉપયોગ કર્યો છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે." [illegible] [illegible] [illegible] કામ આવ્યું નહિ. પાછળ [illegible] [illegible] [illegible] [illegible] રમતની પાછળ [illegible] [illegible] [illegible] આવતું ન હતું

બીજા વિદ્યાર્થીઓ તો આવી ઘટનાને એક અલગ મનનો કંપાસકંપિત ઉકેલ જ ગણતા હતા. ગોળથી [illegible] ઉદારના હતા ને રમતના પીગા હઈ પાછળ

પવનની ઝાપટમાં ખડખડાટ સ્વર સાથે ઘસડાતાં પાંદડાંની પેઠે એકઠામ હસતા હતા.

અતુલ હસતો હતો એમ તો નહિ કહેવાય, પણ એના મનમાં ઊંડે ઊંડે હજી એમ હતું ખરું કે રમેશ ગાડી આવશે ત્યારે બેસવાની ધાંધલ વગેરે બધું બરોબર કરશે ને છતાં 'અરે, ટિકિટ તો લેવી જ રહી ગઈ!' એવું કંઈ કરી ગાડી ચૂકી જશે, ને એકદમ ગંભીર મટી જઈને હસી પડશે. . . અને બધાને કેવા બનાવ્યા એમ કહી છાત્રાલયમાં પાછો આવશે. પણ રમેશે તો પહોંચતાં જ ટિકિટ લીધી એટલું જ નહિ પણ ખરેખર ગાડી આવી એટલે અંદર ડાહ્યો ડમરો થઈને બેસી પણ ગયો. બધાને અમથી બે દિવસની ઓળખાણ હોય એમ સહેજ નમન કરીને ચાલ્યો જશે કે શું એમ અતુલ ગભરાયો. છતાં એણે તો પોતાની હમેશની રમૂજથી રમેશનો હાથ ખેંચીને કહ્યું: 'હવે, ચાલે છે કે નહિ પાછો? બહુ બનાવ્યા અમને! બસ? . . . ખરેખર આનું નામ બનાવ્યું કહેવાય. મોંઢાની એક રેખા પણ બદલાય છે?' પણ રમેશ સાંભળતો હોય તો ને? . . . ગાડી તો આ ચાલવા પણ માંડી! અતુલ ન–રડી–શકે–એવી આંખે ચાલતી ગાડી ભણી જોઈ રહ્યો. પાછળ વિદ્યાર્થીઓની હસાહસ પૂર જોસમાં ચાલતી હતી:

'આવે છે અહીં કોઈ કોઈ ઓલિયા આવા!'

'હા, હા, હા!'

'ભાઈ, બહુરત્ના વસુન્ધરા!'

'હા, હા, હા, હા!'

'કહો છો ને કે દુનિયામાં નથી પડ્યા!'

'હા, હા, હા, હા!'

'કહું? Brokenheart લાગે છે. આપણને જણાવા નથી દીધું એ જ.'

'એમ જ! એમ જ!' ફરી બધા હસી પડ્યા.

અતુલ ચુનંદો હસનાર હતો. એને ચૂપ જોઈ એક જણાએ એને લીધો. 'કેમ તમે પણ તમારાં કમ્યુનીઝમનાં ગાંસડાંપોટલાં બાંધી રમેશને રસ્તે જવાના કે મિ૦ અતુલ શ્રોફ?'

'જો જરી સંભાળીને મશ્કરી કરજો હો!' અતુલ પહેલી વાર આટલો ગંભીર થયો હશે.

બીજા એકે સંભળાવ્યું, 'જો જરી સંભાળીને હો!'

વળી બીજાએ ઉમેર્યું, 'ગંભીર થઈ ગયો તે સમજ્યું? ભાઈને આબાદ શિકાર હાથ આવી ગયો છે. આજ ડિબેટમાં અતુલના દિદાર જોઈ લેજો. સામ્યવાદ કે ગાંધીવાદ? – ગમે તે વાદ પણ વચ્ચે રમેશનું આવી બન્યું એ તમારે નક્કી સમજજો. બધું હસવાનું ડિબેટ માટે સ્ટોર કરી રાખે છે સમજ્યા?' અને એની અક્કલની તારીફ ખાતર રસ્તે ચાલે છે એ ભૂલીને પણ સૌ વાંકા વળી વળીને હસી રહ્યા.

પહેલો બપોરનો પિરિયડ વર્ગમાં ગાળી કેમ રહેવું એનો અતુલને કોયડો થઈ પડ્યો. એના પ્રિય કવિ પ્રોફેસરનું ભાષણ ચાલતું હતું. પણ અતુલનું મગજ એક અક્ષર પણ ઝીલવા તૈયાર ન હતું. એની વ્યગ્ર આંખો જે હમેશાં સ્વાભાવિકપણે ઘડીમાં પ્રોફેસર તો ઘડીમાં ટેબલ પાસેની પાટલીઓ તરફ ફર્યા કરતી તે અત્યારે સામેની બારીની આરપાર રસ્તા પર ખૂંપી ગઈ હતી. ત્યાં રસ્તા પર કોઈ રેંકડી જતી હતી, તો કોઈ ભારવાળો જતો હતો. કોઈ ફૂલવાળી નદીએ માંજેલા દેગડા માથે વાંકા મરોડે જતી હતી, કોઈ . . . પણ એમ ગણાવે તે પાર આવવાના હતા? અતુલની આંખ ન જોઈ શકવાના શ્રમથી મિંચાઈ જવા લાગી. એની નજર આગળ રમેશની મૂર્તિ તરી રહી. એણે એના ગામડાનાં, એના કૂણા પ્રણયનાં, એની સેવાભાવનાનાં, મહત્ત્વાકાંક્ષાનાં ચિત્રો કોઈ કોઈ વાર કહેલાં તે અત્યારે આંખ આગળ તરવરવા લાગ્યાં. . . 'કેમ, સિક છે, અતુલ?' એક મિત્રે ખબર પણ પૂછી.

માંડ પિરિયડ પૂરો કરી પોતાની સાથીદારવિહોણી ઓરડીમાં જઈને અતુલ પથારીમાં પડ્યો. એનું માથું ભમતું હતું. પાસેની રૂમમાં એણે ચિઠ્ઠી લખીને નાખી કે સાડાત્રણે એને ડિમેટને વખતે જગાડે (ડિમેટનો એની પર આધાર ગણાતો). સામેની દિવાલપર સ્મૃતિચિહ્ન તરીકે આંચકી લીધેલા રમેશના ફોટોગ્રાફ પર થોડીક

[illegible]

* * *

[illegible]

'ભાઈ, [illegible]'

'હા, હા, પણ [illegible]'

'કેમ નાસ્તામાં નહિ આવ્યું?' એક પડોશણ બોલી [illegible] 'તમે નહિ [illegible] [illegible] ભાર [illegible] ભરતી [illegible] કે [illegible].'

પછી પાડોશીએ કહ્યું, 'ભગવાન શાન્તિનું [illegible] હે ભાઈ, [illegible] એટલે [illegible] આવ્યો. [illegible] ધરમ સમજાવો, ન સમજાવો તો?'

'પણ [illegible] આવે તેનું ને?' રમેશની [illegible]

'[illegible] રે [illegible]?' પડોશણ બોલી. 'એક [illegible] થતા તો [illegible]. [illegible] ધરમ [illegible] એના શું કમાયા?'

પણ આત્માની [illegible] જ્યારે રમેશ સગાંઓની [illegible] આત્મ[illegible] ને બે કલાક

[illegible] હતી. ત્યાં રસ્તા પર કોઈ [illegible] હતી. [illegible] હતો. કોઈ [illegible] કરી હતી. કોઈ . . . [illegible] એમ ગણ્યું ને પાર આવ્યાના હતા! અતુલની આંખ ન દેખી શકવાના ભયથી મીંચાઈ જવા લાગી. એની નજર આગળ રમેશની મૂર્તિ તરી રહી. એણે એના ગામડાનાં, એના કૂવા પ્રભાતનાં, એની સેવાભાવનાનાં, મહત્ત્વાકાંક્ષાનાં ચિત્રો કોઈ કોઈ વાર કહેલાં ને અત્યારે આંખ આગળ તરવરવા લાગ્યાં. . . . 'કેમ, ઠીક છે, અતુલ?' એક મિત્રે ખબર પણ પૂછી.

માંડ પિરિયડ પૂરો કરી પોતાની સાથીદારવિહોણી ઓરડીમાં જઈને અતુલ પથારીમાં પડ્યો. એનું માથું ભમતું હતું. પાસેની રૂમમાં એણે ચિઠ્ઠી લખીને નાખી કે સાડાત્રણે એને ક્રિકેટને વખતે જગાડે (ક્રિકેટનો એની પર આધાર ગણાતો). સામેની દિવાલપર સ્મૃતિચિહ્ન તરીકે ચાંચકી લીધેલા રમેશના ફોટોગ્રાફ પર થોડીક

'તારા કાકાની દીકરીનું શું?' આમે જનાર્દનના જ હિતની વાત સંભારી આપી.

'પરણવાનો તો આખી વાતમાં શબ્દ સરખો ક્યાં આવવા દે છે?'

'તો પછી?'

'પછી, કંઈ નહિ. એ બહુ હોશિયાર છે તો એને મન ફાવે તેમ કરે. આપણે જોયાં કરવાનું.'

'જોયાં કરવાનું નહિ, જનુભાઈ, ગાંડો થયો છે કે શું?' આ ટટાર થઈને બોલી. 'એને કરવું હોય તે કરે. પણ અહીં નહિ.'

જનાર્દને રમેશને આ નવા મુદ્દા પર ઝિઘોળાતો ફરી જોયો. 'તે પોતાના ગામમાં કોઈ પણ માણસ સહેલાઈથી ફતેહમંદ નીવડતો નથી. સેવાકાર્ય બીજે જઈને કરો તો કીર્તિ પણ નીકળે ને કદર પણ થાય. ગાંધીજીએ પણ દક્ષિણ આફ્રિકામાં જ પ્રથમ અખતરો શરૂ કર્યો હતો.

જનાર્દનના ડહાપણમાં રમેશને વિશ્વાસ હતો. પણ આજે એને જનાર્દનમાં કાંઈ ન લાગ્યું. ટૂંકામાં જ એણે વાત કાપી નાખી: 'જુઓ જનુભાઈ, લોક શું બોલશે એની મને પડી નથી. બાગી ઝાડ પોતાનો છાંયડો આપવા ફેરેફેર ભમવા જાય છે? એ તો પોતે ઊગ્યું ત્યાં ઊભું રહે છે ને ટાઢતડકા, વરસાદપવન, ગાળાગાળી વેઠીને, જે કોઈ આવે તેને છાંયડો આપે છે.'

[illegible]

[illegible]

[illegible]

[illegible] ભારે આફત આવી છે. [illegible] 'બાપુ, મારી દાદી આ આપણી [illegible] ત્યારથી માંડીને આજ લગી જે જે બન્યું તે મારા

પેટમાં છે. પણ આનો તો કાંઈ નિવેડો જડે એ
નથી! મેં તેને ખબર પડે કે ગંગનાથ શાસ્ત્રીના જ
દીકરાને હાથે ગામ કૂવામાં ડૂબવાનું હશે! કળજુગ,
કળજુગ, હળાહળ કળજુગ! બોલ્યું શું, બાપુ!'

આખું ગામ કૂવાને થાળે ઊભરાઈ ગયું. પરંતુ
ખાંધાનો રમેશ કૂવામાંથી પાણી ખેંચીખેંચીને વાસનાં
લોકોને એમનાં વાસણોમાં રેડી આપતો હતો. . .
ગંધોલની જરૂર ન હતી. ગામમાં કોઈ બારે હતો નહિ,
છતાં દસ પંદર માટલાંને ઠેકાણે લાવવા માટે પણ એકેકો
પત્થર છૂટ્યા હશે. રમેશને ધર્મરક્ષણ માટે પુરુષાર્થ
કરવાનો સહારો જિંદગીમાં ફરી પાછો ન મળે! વાસનાં
લોકો તો ગામીને ક્યારનાં ભાગી ગયાં હતાં. છતાં
એમનામાંથી પણ કોઈ કોઈને આ ધર્મવીરોએ ફરજિયાત
'લઘરી ઘોડી' રમાડી હશે. રમેશને પણ સમજ્યા પર
એક ચોટ લાગી હતી. તમ્મર ખાઈ તે નીચે પડ્યો.
'હવે તમારે ઘડીકમાં ડાગો થઈ ગયો સમજો!' કહી સૌ
ચરતીરો ઠેકાણે પડી ગયા. એક ટુકડી ગઈ તે વાસનાં
છાપરાં બધાં ખાખરાં કરી આવી.

દદઃને મોઢે રમેશ ગામમાં પેઠો. પાસની દિશામાં
હજી ધુમગાળુ ચાલુ હતી. આ તરફ કંઈ શાંત હતું.
વચ્ચે જનાર્દનના ઘર આગળ ન નીકળવું પડે એ માટે
સહેજ આડરસ્તો લઈ રમેશ જતો હતો. છતાં
જનાર્દનના કાકાની છોકરી ક્યાંયથી ને ક્યાંયથી એને

સામી મળી. મોઢું બાર મણનું કરી દઈ, રમેશ પાસે થઈ પસાર થયો એટલે ઓઢણાની કડક સંભાળી કોઈ નીચી વરણનાને રસ્તો આપતી હોય એમ જરી બાજુએ નમીને પાણીના રેલાની જેમ ચાલી ગઈ. રમેશ તો સૂનમૂન જ થઈ ગયો. કઈ દુનિયામાં પોતે ચાલે છે તે જ ન સમજી શક્યો. બીજો વખત હોત તો આંખનાં પાણીથી એણે જ એનો ઘા ધોયો હોત ને મખમલ વાળથી સાફ કર્યો હોત. અત્યારે તો સમાજે એની આંખોને ઠેકાણે કાચની બે બનાવટી આંખો મૂકી દીધી હતી કે શું, પણ રમેશને પૂરો જોયો હોય એવું એક પણ ચિહ્ન એના મોં પર જણાતું ન હતું. . . . ધર્મવિદ્રોહી રમેશ–એવી એક ગોળગોળ આકૃતિ તો એણે તરત જ જોઈ લીધી હતી. અને એ બસ હતું.

માંડમાંડ લથડિયું ખાતાં બચીને રમેશ આગળ વધ્યો. પણ અચાનક પગ લોઢાના હોય એમ ભારેખમ થઈ થંભી ગયો. રખેને સમાજે બાની પણ આના જેવી જ દશા કરી હોય. રખેને સૌ એને મૂએલો જ ગણતાં હોય, ને અચાનક એનું ભૂત આવેલું જોઈ ત્રાસી ફફે . . . બીજે રસ્તેથી તે પાછો વળી ગયો.

વાસમાં જાય છે તો સૌ અત્યંજો એની ઉપર તૂટી પડ્યા.

"જો, આ ધોને પાપે પીંપળો બળે છે તે આનું નામ! તારે સેવાનો ચસ પૂરો થયો, ને અમારાં ખોરડાં ભાગ્યાં!'

'હે દવે બસ! મા! બાપ! આમણ કર્યને અમને શો છે તે! આવને જનમ પાછા દેહમાંથી સમ શું નથી અમારે!'

ગંગનાથ બાપા કેવા મર્મે સાચવતા ને પોરબારે કરતા. દેવનું મોકલ્યું માણસ.'

'અમણે પોરબારમાં તમને નિચોવ્યા એનો તો હું બદલો વાળવા કહું છું.' રમેશે ભિકારો કર્યો.

'માબાપ, હાથો દો તો એમના જેટલું જ કરી બનાવ, અમને રંજાડ મા!'

'સખે પડી રેવા દે, બાપ. ગામવાળા આખા વાનની હોળી કરી દેશે તો પછી તું કોની ચાકરી કરવા જઈશ! અહીં ખૂણામાં અમને પડી રેવા દે, આટલો જનમ, માબાપ.' કોઈ ઘુડાએ કહ્યું.

'બધી બાજુથી તમારો મરો છે. તમને સનાતનના સૌ કોઈ નવા નવા રસ્તા લઈ આવે છે. આ બહુ ભણ્યા એટલે વળી તમારા વહાલા થઈને તમારાં આયખાં ખોખરાં કરાવી ગયા!' કોઈ જુવાન બોલ્યો.

રઘવાયા ઢોરની માફક આખો દિવસ રમેશ આમતેમ ગામ બહાર રખડયો. ક્યાંય એનો જીવ ઠરતો ન હતો. કોઈ પણ યોજનાનો ખ્યાલ કરે પણ છછેડાયેલી મધમાખોની પેઠે સમાજના વિચારો એને જંપવા દેતા ન હતા. આખરે એ સમાજને જ

તિલાંજલિ આપવી એ જ આત્મહત્યામાંથી બચવાનો એક માર્ગ છે એમ એણે નક્કી કર્યું. સારું હતું ને શરીરનો ગાંઠો ઠીક હતો. વાન પણ ભીનો હતો. ભગજ પર સુધારાનો રંદો ફર્યો હતો. છતાં દેખાવ જોઈએ તેવો બરછટ હતો. એણે ટૂંકડા પોતિયા ને બંડીમાં સજેલી પોતાની આકૃતિ તરફ એક નજર ફેરવી જોઈ અને 'ચાલશે!' એમ સંતોષથી બોલીને પગ આગળ જે કોઈ રસ્તો હતો તે પર ચાલવા માંડ્યું.

રાતના મોડું થઈ ગયું હતું. છતાં સૌ હજી છૂટાં પડ્યાં ન હતાં. ત્યાં ઝાંપલી પરથી અવાજ આવ્યો. સઘડીમાંના દેવતાને વચમાંના માણસે એક બાજુ નમી જઈને ઝાંપા તરફ ડોકિયું કરવા દીધું. ઝાંપા પર તેજસ્વી કપાળ ને આંખવાળો કોઈ માણસ દેખાયો.

'કોઈ ઊંચી વરણનો લાગે છે.' ટોળામાંથી રઘુ નામનો જુવાન બોલ્યો. 'એ ભાઈ, કાંઈ ભૂલા પડ્યા લાગો છો. આ તો અમારો વાસ.' એણે 'અમારો' પર ભાર મૂકીને આગંતુકને કહ્યું. ને હાથ લંબાવી ઈસારો કરીને બોલ્યો; 'પણે ટીંબા પર બ્રામણવાણિયાનાં ઘર. આવે કોઈ બતાવા ?'

'ના, ના, ભઈ, મારે વાસમાં જ આવવું હતું.' આવનારે કહ્યું.

'તું તો કોઈને ગામમાં પેસવા જ ન દે!' કહીને એક ઉમરાવદાર માણસે કહ્યું અને પોતે ઊઠીને જાતેથી મહેમાનને અંદર લઈ આવ્યો.

'સાંઈ, જુઓ પડખો લાગે છે'' પોતાના મનથી જ ગણગણ્યો.

મુકાદમ ગામની નહેરુઆળી પતાવીને હવે મો ખાવાની તૈયારીમાં હતાં. ફકરની રીતે એમણે મહેમાનને પણ જમવા આગ્રહ કર્યો.

આવનારે પોતાની ચિંતા સાત જન્મની શક્તિ એકત્રિત કરીને મોંઢાની રેખાઓ અબોલ જાળવી રાખી. ન નાકના સ્નાયુને હલવા દીધા, ન આંખ ચડાવી.

'મને કંઈ ભૂખ જેવું નથી લાગ્યું.'

'એ કયાંની વાત?' એક જણે આગ્રહ કર્યો. 'તમે થાકીને લોથપોથ થઈ ગયેલા તો દેખાઓ છો''

'કેટલેથી?' બીજાએ પ્રશ્ન પૂછ્યો.

'ખરું કહું? હું ભગત માણસ ચાર દહાડે પણ મળે તો ઘેંશરાબથી પેટનું ભાડું પૂરું કરું, નહિ તો રામ બેલી. આટલો ધરમ વળી આ ખોળિયે પળાય ત્યાં લગણ પાળું છું.'

'હા, ભાઈ ભગત માણસને આપણા જેવા શા દને કરીએ?' કરીને એક આધેડ બાઈ ઊઠી. 'લીઉં, ભગત, બપોરુંની રાબ છે તે આલું. ચાલશે?'

'ચાલશે એ સવાલ કેવો, માડી?'

પાછળ રવાએ વચકો કર્યો: 'તે આ અમલી પહેલેથી બોલી હોત તો મોઈ, આપણે પણ ભગત થઈ જાત!'

'જો સૌની ટેકડી ઠીક નહિ, રવલા.' એક મોટેરાએ એને ટોક્યો. 'કોક વેળા બૂરા ભેળી સારાની ય નિંદા થઈ જાય.'

બીજે દિવસે સૌ એ જ તાપણા ફરતાં બેઠાં હતાં ને કિલ્લોલ કરતાં હતાં. 'કિલ્લોલ' એટલે કવિઓ સમજાવે છે તે નહિ, પણ એટલું જ કે તેઓ પોતાના ક્ષુદ્ર આનંદો, ક્ષુદ્ર કજિયાઓ, ક્ષુદ્ર વેદનાઓ ને ક્ષુદ્ર લાગણીઓમાં ગળાબુડ સેલતાં હતાં. બહાર ભલે પછી ભયંકર લાવાની ચાદરથી સમાજ એમને લપેટી રહ્યો હોય. એ ભયંકર લાવા કરતાંયે વધારે ભયંકર તપોબળથી ભલે કોઈ કોઈ માનવવીરો એમને બચાવવા ભગીરથ પ્રયત્નો કરી રહ્યા હોય. પણ કશાનું ભાન ન હોય એમ સિંગર મશીનના ફરતા પૈડાને અટકાવતી દરજીના પગની પીંડીની પેઠે સાવ જુદી આ મંડળી આખાં શરીરથી ભિન્ન પોતાના નાનકડા અસ્તિત્વમાં ચકચૂર પડી હતી.

'ભગત માણસ છે તો સોનાની લગડી છે હો!' આવનારાએ એક દિવસમાં તો તારીફ પણ મેળવી લીધી.

'ને હમણાંના ભગત સૌ બોલકા થઈ બેઠા છે એવું ય આમાં તો ન મળે. ઘણું તો એ ભજન ગાય ને એના ભજનાનમાં લેલીન રહે.'

'લ્યો, આ આવ્યા... આવો, આવો, રામભગત.' અને બધાની વચ્ચે તાપણાની ફરતા કુંડાળામાં રામભગત ગોઠવાઈ ગયો.

અત્યારે રમેશ પોતે બહારથી આવીને અહીં નજર કરત તો પોતે રામભગત છે એ એનાથી પણ ઓળખી નહિ શકાત... બે જિંદગીમાં નહિ શીખી શકાત તે બે દિવસમાં એ શીખી ગયો હતો. અહીં ભાગ્યે બગડા કે નીતિનાં બણગાં બધું એ ટોચે ચડાવીને બેઠો હતો. બધાની વચમાં બધાની જેવો થઈને રહેવા કરતો હતો. એની બોલીનો પણ એણે સહેજ બોરકુટો કરી દીધો હતો. છતાં ક્યાંઈ સુધરેલું બોલી જતો તો સાંભળનાર માત્ર હસીને ઈસારો કરતું કે 'બાઈ, ભગત માણસ જેવું આપણને શેણે બોલતાં આવડે?'

ધારત તો રામભગત બધાને મહિનાકમાં અક્ષરજ્ઞાન આપી શકત, ઘણા વિષયોનું જ્ઞાન આપી શકત, દુનિયાની દશા વિશે ખ્યાલ આપી શકત, એમના ઉદ્ધાર વિશે શું શું થાય છે, શું થઈ શકે એની ચર્ચા કરી શકત. પણ આ તો ઉલટું સામેથી કોઈ પૂછે કે ભગત આ માત્મા આપણુ સારૂ ભૂખે મરે છે શાંદને?' તો એનો પૂરેપૂરો

ખ્યાલ મનમાં હોવા છતાં અણઘડ માણસની પેઠે, પોતે ન તરી આવે એટલું જ જ્ઞાન બતાવીને, કાણો બોબડો ખ્યાલ આપતો. . . . એને ડર હતો કે જે ક્ષણે પોતે જાહેર થવા દેશે કે એમનાથી પોતે જુદો છે (એટલે કે ઊંચો છે) ત્યારે એમને જરી પણ કામનો એ રહેવાનો નથી. તો આમે શું કામ કરી શકતો હતો? વાહ! બધાની વચ્ચે રહી બધાના નાના નાના શોકાનંદમાં ભાગ પડાવી હોય તેટલી માણસાઈથી રહેવું ને માણસાઈની મૂંગી અસર થવી હશે તે થશે. આમ ને આમ દિવસો વહેવા લાગ્યા. ઉચ્ચ વર્ગના સમાજનો નથી એમ જ પોતે પોતાને ગણી લીધો છે એટલે આ લોકોની સાથે રહેવું એ જ એક કર્મ ધર્મ. પણ પોતે એમનાથી બહારનો નથી એ બતાવ્યા વગર પણ થઈ શકે તેટલું કામ કેમ ન કરવું! ખાસ કરીને તેથી તરી ન અવાતું હોય તો!

ને ખાસ કરીને રઘાના કાકાની છોકરી રૂપાં. દીવાની જ્યોતિ પેરે રૂપથી ઝળાંઝળાં બળતી, રૂપાં વિષે એણે વાત સાંભળી ત્યારે પોતાના મનને એણે અનહદ નિંદવા માંડ્યું. જે પાપને જોઇ રહેવાની જ જિંદગીભર સજા વેઠવા માટે ઊંચ સમાજને એણે વર્યો હોય તો એથી તો મોત રૂડું. પોતાની માણસાઇની અસર મૂંગી રીતે વાસનાં લોકોને સદ્વર્તન તરફ ન વાળી શકતી હોય તો મોંઢામાં જીભ છે તે શું બીજા મોટા કામમાં આવવાની હતી?

ગામમાં ચાર આનાનાં હતાં ત્યાં ચાલવાથી કેટલુંક માણસ મજૂરીએ જતું. પાછા આવવામાં દરરોજ આવવા ઉપાડવામાં આરો નિધાર કરવામાં આવે એ મોન ભગ પ્રમાણે ચાર છ આનાનું રળિયું આવી જતું. પાયખ પર બેઠી આરસાણી કમાણથી હામ કરેના આમદ-ખામદ મિસ્ત્રીના પગાર તો ઘણા બેરોજગાર હતા. પણ એમનાં ગજવાં કાણાં હતાં. રૂપાંના ખોખામાં એ પોતાની કમાણી રાખતના, ને ખડબામાં રૂપાં પોતાની એ આંખો રાખતની. આ વગરની રીકરીને મોટી રૂપાનું કળ આવે મોઢામાં આપને ભગવા માંડ્યું હતું ત્યાં ગામભગતે એનો ઝાલ્યો: 'કાકા, આ તમારી રૂપાં . . .' ભગતના આવેશને સમજી નહિ શકવાથી એ વચ્ચેથી જ બોલ્યો 'રાખો રાખો, ભગત ધર્મને તમારું મન તે મળ્યું કે શું?'

'રામ' રામ! એ શું બોલો છો? હું તો કહું છું મને દીકરો ગણો. હું તમારે હાજે મજૂરીએ જઈશ. ને એનનું ને તમારું પૂરું કરીશ.'

એનવાળું સાંભળીને બહાર પસાર થતો રઘલો ખમચ્યો ને અંદર આવી બોલ્યો: 'ભગત, બત્રીજને તો હું છું એમનો.'

'તો એમને સગા મનિ કેમ દેતો નથી? એનને પાપના કૂવામાં . . .'

વચ્ચેથી જ રઘુ વંકાયો, 'રાખો, રાખો, હવે ભગત. દેહને રોકડો જોઈએ તે દેહ નહિ મેળવે તો કોણ

મેળવશે?' સાંભળીને રામભગતના ભારદ્વાજ લગીના બધા પૂર્વજો ખળભળી ઊઠ્યા. એણે ઘણી ઝીંકાઝીંક કરી જોઈ. છેવટે પોતે વાસ છોડી નાસી જવાની ધમકી પણ આપી. વાસમાં ભગત એટલો બધો લાડકો થઈ ગયો હતો કે એને 'ધમકી' બેલાશક કહી શકાય. પણ એમાંથી પરિણામ એ આવ્યું કે બે દિવસ પછી સૌ એક સવારે ઊઠીને જુએ છે, તો રૂપાં ને એનો બાપ રાતોરાત અલોપ થઈ ગયાં છે. પાછળથી સાંભળવામાં આવ્યું હતું કે તેઓ શહેરમાં ગયેલાં ને ત્યાં કોઈ કંત્રાક્ટરની નીચે બંગલા થતા હશે ત્યાં કામે ચઢેલાં. કંત્રાક્ટર ભલા સ્વભાવનો તે એણે પાણીને દૂધનો ફરક જોઈ લીધો ને અંધારગલીમાં એક સારી બાઇની નીચે ડોસાની દીકરીને મૂકી આપવાનો કંટ્રાક્ટ પાર ઉતાર્યો. ડોસો કંટ્રાક્ટરના બંગલાની સફાઈને કામે રહ્યો. ને રૂપાં? એના હાથનું પાણી સુદ્ધાં જે બોટવા તૈયાર ન હતો તે વર્ગ એના રૂપને બોટવા પડું પડું થઈ જતો હતો તે એ જોઈ રહી.

રઘુએ ભગતને એકવાર બરોબર સપાટામાં લીધો 'એવું હતું તો એને પરણી લેવું હતું. બધું થાળે પડી જાત . . . પોતે ભગતાઈ છોડવી નથી ને બીજાને પણ રાખ ચોળેલાં જોવાં છે. ભગતાઈમાંથી હાથ કાઢીને જરી અમારી જેમ ઘડીક જીવી તો જુઓ!'

આ રઘુની આંખથી રામભગત હમેશાં ત્રાસતો. એ કંઈ શંકાની વેધક નજરથી એની સામે જોતો. નદ્દન

નફફટવાદી. સ્વપ્નાનો બોજો સરખો જુએ તો ત્રાડ પાડી ઊઠનારો.

રામભગતને વાસમાં રહેતાં બોંય બારે પડે તો નવાઈ નહિ. ઉચ્ચ વર્ણના સફાઈવેડા છોડ્યા છતાં, આ નવી 'ભગતાઈ'ની કાંચળી ખોળીયા પરથી ફગાવી શકાય એમ ન હતું. જાણે ભારદ્વાજથી માંડીને ગંગનાથ સુધીના પૂર્વજો કોઈ સૂક્ષ્મ દોરીથી એને ઝાલી રહ્યા ન હોય.

છેવટે બનવાનુ હતું તે બન્યું પણ ખરું. ગામલોકો ને વાસ વચ્ચે એક જબ્બર વઢવાડ થઈ. વાતમાં કાંઈ દમ ન હતો. પશવાનો દીકરો લાલિયો ગામમાં માગવા નીકળેલો ને વાટમાં એક ચીંથરાને એનો પગ અડી ગયેલો, એ બારીમાંથી સોમેશ્વર ભટની વહુએ જોયું. ને માથે ભરી ટાઢોળી હતી ને શંભુ શુક્લની વહુ ચીંથરાને પીલીને ગયાં ને પણ એણે જોયું. ઘેર જઈ એણે બેડું ઉતાર્યો પછી જ બટાણીએ જઈને વાતનો રફેટ કર્યો. હાય હાય' બોળાવાડો થઈ ગયો . . . આટલામાંથી વાત વિફરી. પંચ સમક્ષ પશવાએ ખાતરી કરી આપી કે લાલિયો તો ગયા ચઉતરમાં લૂનો ખાયો રામશરણ થઈ ગયો છે એની કદાચ બટાણીઆને ખબર નહિ હોય.

'ના, ને અમે તમારું વસ્તીપત્રક રાખવા નવરા બેઠા છીએ' સાળી કીડીની જાત' સોમેશ્વર બટે એક

બૅરિસ્ટરને છાજે એવી છટાથી પોતાની વસ્તુનો બચાવ કર્યો.

'લાલિયાથી નાનો છે તે હશે?' શંભુ શુક્લે તોડ કાઢયો.

'માબાપ, અંબામાએ એક એટલો લાલિયો આલ્યો 'તો તે માતાજીએ ખોળે બોલાવી લીધો! રામજી, દુખિયારો આયખું હસતું હું.'

'વાસ તો આખો કિડિયારાની જેમ ઊભરાય છે!'

'અંબા મા એના દીકરાને ખોળે લેવા નવરી બેઠી છે! આ લોક શું ધારતા હશે મનમાં?'

'આપણા દેવદેવી અભડાવી માર્યાં'–

સૌ ગુનગુનવા લાગ્યા.

નિર્ણય એવો સુણાવવામાં આવ્યો કે ભટાણી કાંઈ ખોટું બોલે નહિ, ને શુક્લાણીને થયેલો અન્યાય ભૂંસવા માટે વાસવાળાઓને સખત નશિયત આપવી જ જોઈએ. હુકમ છૂટચો કે વાસ નદીને સામે પાર જઈને રહેવું હોય તો રહે.

વાસનાં છાપરાં નીચેની ધરતી હાલી હોય એમ ત્યાં ગડબડ મચી રહી. સૌ વખાનાં માર્યાં 'એમ તો એમ' કહીને સામે પાર જવાની તેવડમાં પડવા લાગ્યાં.

સાંભળો તો ખરા! રામભગતના મોંઢાનો બોલ શો પડે છે? 'આપણે સામે કિનારે જઈશું. સામે

કિનારે તો સામે કિનારે. પણ આપણને કેવો દેવાનું
કોઈ નરેખના લોકથી ઓછું બને એમ છે ! કાલે સવારે
પોતાની જાય ગમનરો અને આપણને કાંઈ ભાગીને આવતી'
પાછા ધતરી લાવશે, કાંઈ ભાગીને.'

પણ સૌનો વેરી પેલો રઘુ ક્યાં જંપવા દે એમ હતો ! એણે તો સૌ નરસોદિયા જવાનિયાને ક્યાં બોળ્યા ને સળગાવી દીધું ઠંડે ને ઠંડે. ગશોલની ધાગરીઓ જરી જેટલી જોડને. વળી જાય એવી તો નથી ને ! નહર તમારાં જ હોળાં વળી જશે . . . સૌ હતી પડ્યા રઢું રઢું અવાજે રામભગતને શાંતિનો રાહ બતાવ્યો ને આશાના પાણી ચડાવ્યાં. પણ વેરભાવનો રઘુ ક્યાં કાચો હતો ?

'ઝીંદું' ને જાય ને એ લોક નદીની સામે પાર. અમે તો નદીમાં કૂવા જઈશું પણ સામે પાર જનાર નથી. નથી ને નથી' તમારા સગા થતા હોય તો તમે ય જજો એમની સાથે સામે પાર' અમે જનાર નથી તે નથી જ. ઝીંદું'' ઝીંદું તો એવું હાડમાંના મજ્જારસને દારી દે એવું આવતું.

બીજે સવારે ધમમમમમ્ કરતી ગશોલો છૂટી ને સામેથી પણ એને મળતી જ અજમાયશ થઈ. શાંતિપૂર્વક રામભગત બન્ને પક્ષના પહેલા ધા વચ્ચે રહીને સંધિ કરાવવા જતા ખાધા. સારું થયું તે વાસમાંના

એક બહાદુર જુવાને એને વચ્ચેથી ઉપાડીને એક ઝૂંપડીમાં નાખ્યો. નહિ તો એટલે જ બધું પતી જાત.

થોડી વારે રામભગતે આંખ ખોલી ત્યારેયે એના કાનમાં ધમમમમમ્ અવાજ ગાજતો હતો. વાંસનાં ખાપોટિયાંના બારણા ઉપર કોઈ ખટ ખટ ખટ કરતું હતું.

કન્ટ્રાક્ટર અતુલને કંઈ સગો થતો હતો ત્યાંના ઝાડુવાળાનું દયામણું મોંઢું જોઈ અતુલે હંમેશની ચેતનાથી એની કથની બધી પૂછી જાણી હતી. એને વહેમ આવ્યો. રમેશના ગામે કાગળ લખી જનાર્દનને એણે શહેરમાં બોલાવ્યો. બંનેએ પૈસાની વેતરણ કરી રૂપાંને છોડવી, ડોસો ને સૌ વાસમાં આવ્યાં. રામભગતના બેહાલ સાંભળી અદ્ધર શ્વાસે આ ઝૂંપડી ભણી દોડી આવ્યાં . . .

ખટ–ખટ–ખટ . . .

બારણું ખુલ્લું જ હતું. અતુલને જોઈ ભગત બોલી ઊઠ્યો, 'અતુલ, અતુલ, ગાંધીવાદ કે સામ્યવાદ? ગેબીવાદ કે નક્કરવાદ? બોલ, બોલ, દવા શી ?ગાંધીવાદ કે સામ્યવાદ!'

* * *

અતુલની ઓરડીના બારણાની ફાટમાંથી પડોશી સાડા ત્રણ થઈ જવાથી ડોકિયું કરતો હતો અને

આનંદથી આંગળા પર ટકોરા લગાવતો હતો ને મોટેથી બોલતો હતો, 'અનુપ ભાઈ, ગાંધીવાદ કે સામ્યવાદ ?'

જમણીને આંખ ઉઘાડી અનુપ બોલ્યો 'બાપ, બાપ ખુલ્લું છે બારણું' અને ઊઠીને એણે પવનથી હાલતી પૂર્વ અને પશ્ચિમ વચ્ચે ઝોલાં ખાતી રમેશની ઉભી ભીંત પર નમી રહીને જોતી.

પંચાનન

પંચાનન પોતાની ઓરડીનું તાળું ખોલી અંદર પેઠો. દીવાસળીનાનું ખોખિયું ઠક્ક કરતું નીચે પડી ગયું. બારણાં બબ્બેવાર ઉઘાડવાસ કરીને ખૂણેખાંચરે ફંફોસીને એણે જોઈ લીધું કે કોઈ કાગળપત્ર કે ખિસ્સાપાકીટમાં પડ્યાં છે કે નહિ. કોઈ નથી એવા પ્રકાશ સ્વાનુભવનો પોતાના જ્ઞાનમાં સંગીન ઉમેરો કરીને એ બુટની દોરી છોડવા નીચો નમ્યો. અને બુટની દોરીની સજ્જડ ગાંઠ વળી ગયેલી જોઈ બીજાઓ ટાઈ જેટલી સફાઈથી બાંધતા હશે તેથી વધારે ચીવટથી પોતે દોરી બાંધેલી છતાંય અત્યારે એને છોડતાં મુશ્કેલી પડી, ત્યારે તો એના નાસ્તિક ચિત્તને પણ દુર્દૈવ જેવા તત્ત્વમાં માનવાનો શોખ કરવાનું સૂઝયું.

ખુરશી પાસે ખેંચી લઈ દોરીની ગાંઠ ઉકેલતાં ઉકેલતાં એને જે મુશ્કેલી પડી — ભારે મુશ્કેલી ! — એમાં

એણે પરંપરાપ્રાપ્ત વહેમોમાં જરી આસ્થા સેવવાની પણ પોતાના મગજને તક આપી. જુઓને આ શહેરમાં કાંઈ માણસ એટલાં જ ઓછાં રહે છે? મુંબઈ બેટ ઉપર માણસની વસ્તી વધારે કે તાડની, એની કોણ ગણતરી જ કરે છે? જીવતા જીવ ગણો છો તેની જ વાત કરો. બિલાડીઓની આ શહેરમાં કોઈ આંકડાશાસ્ત્રીએ સંખ્યા કાઢી છે? કાચીપોચી બિલાડીને તો ક્યાંય ડરાવી જાય એવા ઉંદરો પણ આ બેટ ઉપર આંખવાળાઓની નજર બહાર ઓછા જ છે? આવા અડિખમ ઉંદરો સંખ્યાબંધ હોય ત્યાં બિલાડીઓ પણ શા માટે રોજીબંધ ન વસે? પંચાનનનું, શાસ્ત્રીય ઢબછબથી પ્રત્યેક પ્રશ્નનો વિચાર કરવા ટેવાયેલું, મગજ અશાસ્ત્રીય વિષયોમાં પણ એજ પદ્ધતિ અખત્યાર કરતું. પરીણામે એણે તારણ એમ કાઢયું કે ગમે તે ખુણો કે ખાંચો તમે વટાવવા જાઓ ત્યાં તમારી આડી કોઈને કોઈ બિલાડી ઉતરી જ એમ સમજો. અને પછી તમારા પર શું ગુજરે શું ન ગુજરે એ કહ્યું જાય નહિ. જેવાં તમારાં નસીબ. શુકન અપશુકન તો જે થવા જ નિર્માયેલું છે તેનાં સુચક માત્ર છે એમ નિષ્ણાતો તરફથી આપણને ખુલાસો મળે છે. નિર્માયેલું શું છે. કપાળ? જ્યાં રોજ ને રોજ બિલાડીઓ આડી ઉતરે, આવી બરછટ વસ્તીમાં સહેજે જ્યાં કંઈને કંઈ અપશુકન થઈ બેસે, ત્યાં દૈવ પણ લાચાર થઈને બેસે તો નવાઈ શી?

પંચાનન

પંચાનન પોતાની ઓરડીનું તાળું ખોલી અંદર પેઠો. મીજાગરીવાળાનું ઓળિયું ટક્ક કરતું નીચે ખેંચી બારણાં બબ્બેવાર ઉઘાડવાસ કરીને ખૂણેખાંચરે પડેલાં તો એણે જોઈ લીધું કે કંઈ કાગળપત્ર કે ચિઠ્ઠીચોપાનિયાં પડ્યાં છે કે નહિ. કંઈ નથી એવા પ્રત્યક્ષ સ્વાનુભવનો પોતાના જ્ઞાનમાં સંગીન ઉમેરો કરીને એ બુટની દોરી છોડવા નીચો નમ્યો. અને બુટની દોરીની સજ્જડ ગાંઠ વળી ગયેલી જોઈ બીજાઓ ટાઈ જેટલી સફાઈથી બાંધતા હશે તેથી વધારે ચીવટથી પોતે દોરી બાંધેલી છતાંય અત્યારે એને છોડતાં મુશ્કેલી પડી, ત્યારે તો એના નાસ્તિક ચિત્તને પણ દુર્દૈવ જેવા તત્ત્વમાં માનવાનો શોખ કરવાનું સૂઝયું.

ખુરશી પાસે ખેંચી લઈ દોરીની ગાંઠ ઉકેલતાં ઉકેલતાં એને જે મુશ્કેલી પડી — ભારે મુશ્કેલી! — એમાં

વિદ્યાર્થી પાસે ટેનિસનની એક કવિતાનો મુખપાઠ કરાવ્યો હતો. એમાં ના સુલતાન ટેકરીઓના ગાળાઓમાં, ખાડાઓમાં નમણું સંગિનીની પેઠે, પીરસાયેલી ભિખારણોને વેદના અજાણ્યામાં અનંત કર્યા છે કે એને એ પોતાની મુસ્તાના બનાવવાનો.

પણ જીવનના આવા કટાક્ષો હસી નાંખવાનું પંચાનન શીખ્યો હતો. આમઝેલન પર બીજા મિત્રાઇઓ પણ આવીને ભાવ જોતા ઊભા હતા. ભિખારણ બધાની જ પાસે માગતી હતી. એમાં પંચાનનનો વારો પણ વારેઘડીએ આવતો હતો. આમાંથી બચી જવા માટે એક પૈસા આપી છુટવા, ગજવામાં હાથ નાખવા જતો હતો, ત્યાં ખાંચામાંથી મીસ કાદંબિની દીવેકર એની નજર આડી ઉતરી.

મીસ કાદંબિની દીવેકરને સુપ્રભાતમની સલામ કરવા ખાતર પંચાનને ગજવામાંથી હાથ બહાર કાઢી લીધો એમ તમારે કહેવું હોય તો એમ કહો, પણ પંચાનનની બાબત તો પંચાનન સિવાય બીજું કોણ જાણી શકવાનું હતું? કોલેજની ડિબેટમાં મીસ કાદંબિનીએ હિંદમાંથી ગરીબી નાબુદ કરવા માટે ધનિકોએ ભોગ આપવો જોઈએ એવી માનવપ્રેમની વાત કરી હતી ત્યારે પંચાનને મુંડાએ પોતે ધનિક ન હોવા છતાં ગરીબોની વિરુદ્ધ બોલવામાં બાકી મૂકી ન હતી. મીસ કાદંબિની અને એ જે વર્ગની છે તે ધનિક વર્ગ ગરીબાઈ પર માનવ-

પ્રેમના કુચડા ફેરવી ગરીબોને ખોટા નશામાં નાખી દે છે એમ એણે બેધડક કહેલું. અને એ વખતે તાળીઓનો જે અપૂર્વ ગડગડાટ થએલો તેનો અવાજ હજી એના કાનમાં ગાજતો હતો. ગરીબાઈ એ તો ગુનો છે, ગુનો. આમ સાફ સાફ જાહેર કરનાર પંચાનન કયે હાથે ભિખારણને પૈસો આપી શકે ? અને તે કાદંબિનીની નજર તળે જ !

એના કરતાં તો વારેવારે 'શેઠ' તરીકે સંબોધાવાની અને 'જવાની સલામત રહે' એવા આશીર્વાદ પામવાની સજા (મીસ કાદંબિનીના કાન નીચે જ અલબત્ત) સહી લેવી એ બહેતર. પ્રત્યેક વખતે પંચાનનના મોઢા પરની વિકલતા વધી જતી. અને એ જોઈને તો ઉલટું એને વધારે વિકલ બનાવી ઝટઝટ પૈસો પડાવવા ભિખારણ વળીવળીને એની પાસે હાથ ધરવા લાગી.

બસ આવી ખરી આખરે. પહેલેથી એ મીસ કાદંબિનીની તરફ, માત્ર સલામથી પતાવી દેવાને બદલે હલ્લો મીસ સો એન્ડ સો કરતોકને ગયો હોત તો પોતાની કઢંગી સ્થિતિમાંથી બચી જાત. પણ એને થયું કે એકવાર સપડાયા પછી બચવા ખાતર જ એની તરફ જવામાં કંઈ સ્વમાન નહિ. એમ વિચારતો છૂટકારાનો દમ ખેંચીને બસ પર ચડવા જતો હતો. ત્યાં એ છૂટકારાનો દમ અરધો જ રહી જાય એવું એની પડખે જ બસ પર ચડતી કાદંબિની સ્વાગત બોલતી હોય એમ બોલી :

"મિસ્ટર પંચાનન, એન આલરાઉન્ડર ઇન લવમેકિંગ!"
(ગમે તેની સાથે પ્રણય કરવામાં એક્કા).

પંચાનન ખાલી જગાએ ગોઠવાયો ત્યારે એની પડખે એક બેઠક હતી તે ય ટાણાને—અરે સાવ ખાલી બેઠકો હતી તે ય ટાણાને—કાદંબિની કોઈ દ્વાલતુ માણસની પાસે જતી બેઠી. જો એનામાં હિંમત હતી તો એણે પંચાનનની સાથે બસમાં બેસી ખરી વાત જાણી લઈ શાસ્ત્રીય ચર્ચા કરી લેવી હતી.

પણ આવા જાણી જોઈ ને ન અટકાવેલા અકસ્માતોનું જ જીવન બનેલું છે એ નક્કર હકીકતને પંચાનન સારી રીતે જાણતો હતો. અને તેથી 'મેં એક પૈસો આપ્યો હોત તો હું મોટો ફિલેન્થ્રોપર (માનવહિતૈષી) બની જાત, કેમ?' એ ટાણો મીસ દીવેકરને આપી ન શક્યો એથી સહેજ પણ દિલગીર થયો નહિ. ઉલટું આખા પ્રસંગની ક્રૂર વાસ્તવિકતાને એટલે કે ગરીબીને, ભીખને, ભીખ માગનારનું વિજાતીયપણું કે કાદંબિનીનું હાજર હોવું, એ વસ્તુઓ ઢાંકી ન દે એની એણે ખાસ ચોકસી રાખી.

* * *

આ ભિખારીઓને તે શું કહેવું? તમને કહોડી સ્થિતિમાં મૂકે છે એનું તો જાણે કંઈ નહિ. પણ મગજ કામ ન કરી શકે એટલો બધો કંટાળો એ લોકો બે મિનિટમાં

જ આપી શકે છે. અને માનવકૃતિઓને તો હજી ભિખારી-ઓને પંપાળ્યે જ જવા છે! થોડા વખત પહેલાં પંચાનને એ પણ તક ચાખી લીધી હતી. રેંઢાર ન લોખંડી સળિયાની ફરતો હાથ વિંટાળી ચબૂતરની થપ્પી ઉપર ઘર વગરના લોકો ઝાડની છાંયા તળે બપોરો ગાળવા જરી આડે પડખે થઈ જાય છે. ત્યારે સળિયાને, કોઈ પ્રિયતમા પ્રત્યે પણ ન બતાવી હોય એવી આસક્તિથી, એમને બાઝી રહેવું પડે છે. એક ડાબે પડખે સુતેલો માણસ પંચાનનની નજરે પડ્યો, તેનો જમણો હાથ તો ઊંઘમાં પણ ભીખ માગતો હોય એમ ફેલાયલો હતો અને જુએ છે તો ડાબો હાથ જ મળે નહિ. ભાઈ સાહેબના જમણા હાથને તો શું પણ આખા પડખાને નીચેના ફુટપાથ પાસેથી ખોખરા થવાની ભીક્ષા મળવાની લાગતી હતી. પંચાનને સહજ લાગણીથી એને જરી ચપટી વગાડીને જગાડ્યો. અને એ સલામતીથી ફુટપાથ ઉપર બે પગ પર ઊભો છે એ સુખી દૃશ્ય જોઈ મનમાં સંતોષ પામીને પંચાનન તો એ ... ને આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં દુકાનોની મોટી વીન્ડો (બારી) ના કાચ તરફ એણે પોતાનું પ્રતિબિંબ જોવા સહજ નજર ફેરવી. માનવપ્રેમની નવી ચમક મોઢા પર જોવા પામે તે પહેલાં જ એનો ચહેરો અસ્તવ્યસ્ત થઈ ગયો. પોતાની પાછળ પેલો માણસ ચાલ્યો આવતો હતો એમ પ્રતિબિંબ પરથી જોઈને એ ખમચાયો. પાછળ ફર્યો ત્યાં પેલાએ પોતાનો હાથ, અને પ્રતિબિંબે પણ પોતાનો હાથ, લંબાવ્યો. 'શેઠ,

[illegible]

[illegible]

[illegible]

પંચાનન બરોબર આખું [illegible] વિચાર કરી કરીને દુઃખી હતો. [illegible] વિચારી કારે [illegible] વિચાર ન હતો. [illegible] લાગણી રાખી હતી હતી. [illegible] પોતાના ચિત્તતંત્રને [illegible] થવા દીધું ન હતું. નાની ઉમ્મરથી પણ [illegible] ઘટના એના હૃદયતંત્રને [illegible] મૂકતી.

* * *

આજે હમણાં આંહિ જ ચોપાટી પર એક મિત્ર મળી ગયો અને બન્ને [illegible] એક બાજુ બાંક પર બેઠા [illegible] હતા. ત્યાં બે બાળક [illegible] આવી ચઢ્યાં. પંચાનનને કંઈ નવાઈ ન થઈ. એ તો આજે—અરે ગમે ત્યારે—આવા બનાવ માટે તૈયાર હતો. એમાં બારેક વરસનો છોકરો હતો તે ૭ સાત વરસની

રડતી છોકરીને આગળ ધરી 'મારી બૂન ભૂખે મરે છે, પૈસાનો એક આપજો બાપ' કહી હાથ આગળ ધરીને એકાએક ચાલવાનું ભૂલી ગયો હોય એમ ખોટકાઈને ઊભો રહ્યો.

'કેમ, પંચાનન? પૈસા આપવો એ પહેલાં ફેશન હતી. પણ હવે એ કેટલું આઉટ-ઑફ-ડેટ (જૂના પુરાણા કાળનું) થઈ ગયું?'

'પણ રખે માનતો કે આ બાળા એકાદ પૈસા પડાવ્યા વગર અહીંથી ખસે.'

પંચાનને સાચું જ કહ્યું હતું. એણે દૂરથી જ જોઈ લીધું હતું કે છોકરો હોશિયાર હતો. બીડીનું ઠૂંઠું પોતે ફૂંકતો ફૂંકતો આવતો હતો. એની છેલ્લી ઘૂંટ ખેંચી લઈ પતાવી, 'બૂન'ના ખુલ્લા બરડા પર ચાંપી એને રોવડાવી ભીખવાનું એણે પાછું શરૂ કર્યું હતું. થોડી વાર સુધી પૈસોબૈસો મળ્યો નહિ તોયે ખસ્યો નહિ. બૂન પણ થાકીને રડતી બંધ થઈ ગઈ. એટલે એણે ચાંપતા ઈલાજો લેવા માંડ્યા. પંચાનનના અને પેલા મિત્રના પગ આગળ એણે ઝૂકીને સલામ કરવા માંડી. એ જોઈને નાની છોડીએ પણ તેમ કર્યું. એ વખતે લાગ જોઈને પંચાનનના જોડા પર એનું માથું હતું ત્યારે પેલા છોકરાએ પગના સહેજ હલનચલનથી બૂનને ગબડાવી પાડી. છોકરીને વાગ્યું એટલે તરત એણે આખી મુંબઈ સાંભળે એવડો ભેંકડો મૂક્યો. પંચાનન

પગ ખમેરી ચોકાળો ઊભો થઈ ગયો. એના દોસ્તે નૉન ઍટિકેટ (હબછળ)ની પરવા કરવી કોરે રાખીને તરત એકેક પૈસો બંનેને આપ્યો અને બંને ત્યાંથી ચાલી નિકળ્યા.

પંચાનનને આવું દૃશ્ય યાદ કરવું સહેજ પણ ગમતું નહિ કેમકે એથી એનો આત્મા કકળી ઊઠતો. છતાં અત્યારે બૂટમાંથી પગ બહાર કાઢી એણે પહેલું શું કર્યું? પગના પંજા પર એ ધીમેશથી હાથનાં આંગળાં ફેરવતો હતો. એ જોવા માટે કે પેલી બીખતી બાળકીના લોહીથી એ ભાગ ભીનો તો થયો નથી. ભિખારી ઊભી થઈ ત્યારે એના સમણા પર મ્યુનિસિપાલિટિની વીજળીબત્તીનું તેજ ભીનાશને લીધે ચકચક થતું હતું. લોહી નીકળ્યું હશે? કે આંસુ જ હશે? ગમે તે હો. પોતે શું કરે? એના વૈજ્ઞાનિક દૃષ્ટિવાળા ચિત્તે તરત જ એની જાતને લાગણીવેડામાંથી પાછી વાળી લીધી. એક ભીખારીને પૈસો આપ્યે ભીખ નાબૂદ નહિ થાય એ જ જો શાસ્ત્રીય સત્ય છે તો એને વળગી રહેવામાં લાગણીનો ભોગ આપવા પંચાનન તૈયાર હતો.

અભ્યાસમા ચિત્ત પરોવવા એણે ઘણો પ્રયત્ન કર્યો. પણ સારો વખત એના કાનમાં પેલી બે સીટીઓ,

આજ મારું તો મન ભીતર ખાલી

કોઈ બીજાની આશાના ભજનમાં ભીખ કૂંડામાંથી ઢસડાતી ઉપરાઉપરી ગવાતી સાંભળીને, મૂંઝ ફરી :

"હે દયાઘના !

દેવા! આમાં કંઈ મોકલો."

પંચાનન મનમાં ને મનમાં ખડખડ હસ્યો. પોતે, પોતાના જેવા રસને ગ્રસનારા માણસો ને દયા વરસનાર મેઘ, અને એમની આગળ એમની જ જેવાં માણસો 'હે દેવ! હવે નથી સહેવાતું. કંઈ સુકાઈ ગયા છે' એમ અજાચમીઠાં કંઈ ગાનારાં નીકળી આવે!! માણસોની માણસોએ ભેગા મળીને આ તે શી વ્યવસ્થા એવી કરી છે, વાહ!

"કેમ કાંઈ એકલો એકલો મલકાય છે, પંચુ?" કરતોક, ત્યાં, એનો મિત્ર ચોધરી પ્રવેશ્યો.

પંચાનનના મિત્રોમાં ચોધરી જેવો કોઈ હસનાર હસાવનાર નહિ. હમેશાં આનંદમાં રહે. "હા ભાઈ, આપણાથી મૂંછ જેવા રહી શકાતું નથી. શું કરીએ?" એમ એ કટાણું મોઢું કરીને ઘણીવાર કહેતો. અને ભયંકર કદરૂપું મોઢું કરીને—એનું પોતાનું મોઢું કદરૂપું તો નહોતું જ. સુંદર કહીએ તો ય ચાલે—એ કહેતો કે "દુનિયાએ આવીને તમારો એવો તે શો ગુનો કર્યો છે કે તમારૂં કટાણું મોઢું દુનિયાને બતાવો છો? તમારું ડાચું તમારે પોતાને ચોવિસે કલાક જોવું નથી પડતું, નહિ તો

જોઈએ કે કેવા એવું ગોદું રાખી શકો છો!" 'તમારો મારીને મોદું લાલ રાખવું!' એ કહેવતને કોઈ શુભ પળે જરીક જ મચડીને એણે એમ પ્રતિપાદિત કર્યું હતું કે જરી જરૂર પડે તો પી નાખીને પણ મોદું ખુશાલીમાં રાખવું. પણ અત્યારે તો પંચાનનની ખુશાલીની જાણે એને ઈર્ષ્યા આવતી હોય એમ પ્રશ્ન વખતનો એનો અવાજ ઘેરો હતો. પણ એણે તરતજ પંચાનનના મલકાટની ચિનગારી ઝડપી લીધી ને ઘડીવારમાં તો પંચાનનની રૂમમાં હાસ્યના બડકા બડકા થઈ રહ્યા. પચાનને મનમાં ને મનમાં હાશ અનુભવી. દિવસભરના કરુણ આખ્યાનના કડવાને અંતે આ સુભગ વલણ હતું.

પંચાનનના ચિત્તે સ્વસ્થતા અનુભવી. ચોધરી 'ગુડનાઈટ!' (સુખરાત્રિ! સુસ્વપ્નમ્') કરીને ઊઠ્યો ત્યારે એણે એને રોક્યો નહિ. પણ બે ડગલાં ચાલીને ખંચાઈને ચોધરી પોતે જ થંભ્યો. એ જ્યારે પહેલાં ઓરડીમાં પ્રવેશ્યો હતો ત્યારે એના મોંઢા પર અને એના અવાજમાં જે સહેજ ગ્લાનિ વરતાતી હતી તે જાણે હજી યે એવી ને એવી અકબંધ જણાતી હતી.

'કેમ, ચોધરી, સિનેમા મે તને ગુડનાઈટ નહિ આપી તે માટે ખંચાયો ના?' કહીને પંચાનન ખડખડાટ હસી પડ્યો.

'નહિ રે, મે ગુડનાઈટ આપી તે પાછી લઈ લેવા થંભી ગયો.' ચોધરીએ હસ્યા વગર જ કહ્યું. પણ

પંચાનન તો હજી હસતો હતો [illegible] ફરી ખખડાટ હસી પડતો.

'અરે પંચુ, બાપ રે બાપ,' જરી આશ્ચર્યથી એમ ચૌધરી શુભચિંતકની માફક બોલ્યો, 'આ જરી અચાનક પોતાની વાત પરથી સૂઝી આવ્યું. Can you spare a tenner for a day? દસની એક નોટ દેશ તો જરી આપણે કાલે સાંજે આ તરફ નીકળવાનો છું. લેતો આવીશ.'

પંચાનન એના હસવામાં જરી, કહો કે ક્ષણના સોમા ભાગ જેટલા સમય માટે, અંચાયો હશે. પણ તરત જ એ ભંગાણ [illegible] પોતાનું ખડખડાટ હસવું ચાલુ રાખીને કોટના ખિસ્સામાંથી એક દસ રૂપિયાની નોટ કાઢી એણે ચૌધરીના હાથમાં મૂકી દીધી અને હસવામાં ને હસવામાં એને ખબર પણ નહિ રહી કે 'બાય બાય' કરીને ચૌધરી તો ક્યારનો ચાલ્યો પણ ગયો હતો

પંચાનન અમસ્તું નહોતો હસતો. એને થયું કે એનો કમબખ્ત હાથ એક પૈસો પણ ભીખારીઓને આપવા તૈયાર ન હતો તે અત્યારે એકી સાથે ૬૪×૧૦ પૈસા એક જ માણસને શી રીતે આપી શક્યો! સમાજ કંટાળો આપે ત્યારે ખુશાલીમાં આવવા ખાતર એના મિત્રને જરી પાધા વગર કેમ જીવવું પાલવે? અને આ દસ રૂપિયાને ભીખ તરીકે ય કેમ ઓળખાવાય?

પંચાનન આમ વિચારતાં વિચારતાં સમાજવ્યવસ્થા પર ચિડાઈને અર્થગાંડપણની સ્થિતિમાં આવી જાત. સારું થયું તે એને હસવાનું સૂઝ્યું.

એ જાણતો હતો કે ચોધરીને આપેલા પૈસા કલાક પછી ચોધરી પાસે પણ ભાગ્યે જ હશે. પોતાની પાસે પાછા આવવાની તો વાત જ ક્યાં પછી ! છતાં ચોધરી જેવા પ્રતિષ્ઠિત મધ્યમ વર્ગના સંભાવિત યુવાનને નોટ આપતી વખતે, એ નોટ છુટી પડી એવી પાકી ખાતરી હોય તો પણ ઉત્સાહે મોઢે જ આપવી રહી. એથી પંચાનને પોતાના હાસ્યને સળંગ ચાલુ રાખીને, પોતે ભીખ આપે છે એવું પેલાને સહેજ પણ જણાય નહિ એ રીતે ભીખ આપી હતી. જો કે એ જ પંચાનને પાઈ પૈસાની ભીખ આપવાની વખતે પોતાના મન આગળ અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની દૃષ્ટિએ ઝીણવટ ભરી તપાસ કર્યો કરી હતી. એને થયું કે એવી ઝીણવટભરી શાસ્ત્રીય ચોકસીઓ પોથીમાંનાં રીંગણાં જ છે. એમાંથી કોઈ વર્તનના સામાન્ય નિયમો નિપજવી શકાય નહિ. પૈ પૈની ભીખ ન આપનાર હાથે ચોધરીને એકીપશે અનક-ગણી રકમની ભીખ આપી દીધી હતી. પેલાં તો ભીખી શકતાં હતાં, આ કંઈ ભીખવા ઓછો જઈ શકવાનો હતો ! મધ્યમ વર્ગનો એક સંભાવિત યુવાન! આબરૂનાએ એવા માણસને આબરૂનાનું આ તે શું કર્યું છે એ વિચારતો પંચાનન હસી રહ્યો.

એ સુવાની તૈયારી કરતો હતો. એ વખતે હંમેશનો એક પરિચિત અવાજ એને કાને પડ્યો. આટઆટલી રોશનીવાળા શહેરમાં પણ હાથમાં કેરોસીનનું કંદિલ લઈને નિકળતા એ ફકીરોની મીઠી દુઆનો એ લલકાર હતો. પંચાનનને બહાર આવીને એમની તરફ નીચે જોયું. ત્યાં એમાંથી એક ફકીરે એની સામું ઊંચે જોઈ પૈસો ઝીલી લેવા માટે છત્રી ખોલીને ઊંધી ધરી. પૈસો દેખાયો નહિ એટલે છત્રીના સળિયામાં કંદિલનું અજવાળું નાખી એણે ખાતરી કરીને પાછું અદ્ભુત મીઠાશથી દુઆ–ગીત લલકારવું આરંભી દીધું અને આગળ ચાલ્યો.

પંચાનન પોતાની ઓરડીમાં દૂર ભરાઈ ગયો હતો. તેનાથી એ લલકારો સંભળાયો. એ રડતાં રડતાં રહી ગયો. આ લોકો ક્યાં ભીખવા નીકળ્યા છે? ના, ત્યારે? પૈસા લૂંટાવવા નીકળ્યા હશે? અરે! પણ એમના મીઠા કંઠનો લાભ આપે છે એના બદલામાં એક પૈસાનું પણ એમને વળતર નહિ? વળતર શા માટે નહિ, પણ આ કંઈ વળતર ઓછું છે? વળતરમાં તો સારી પેઠે આપવું જોઈએ. આ પૈસો તો ભીખમાં જ આપ્યો કહેવાય.

પંચાનને આમ પોતાના મનથી માંડવાળ કરીને પૈસો ન આપ્યો, તે ન જ આપ્યો. જો કે એના જ હાથે ઘડી પહેલાં એકી સાથે સેંકડો પૈસા એક જ વ્યક્તિને આપી દીધા હતા.

અને છતાં પંચાનનને એ શને અપૂર્વ આત્મસંતોષ ભરી ઊંઘ આવી. શું કરું? મારાથી આ સમાજવ્યવસ્થા બદલાય નહિ ત્યાંસુધી મારામાં છે તેટલી માણસાઈ તો જાળવી રાખું. મનુષ્યો, ચારે કોરથી અસંખ્ય મનુષ્યો, મારી અંદરની માણસાઈને બોલાવે છે. બધાને પહોંચી નથી વળાતું એટલે કંઈ એથી બધાની જ ઉપેક્ષા કરવા પર આવી જવાય છે? અનેક મારા જેવાં મનુષ્યો મને જોઈને પૈસો માગે છે. ભીખ માગવી એ અપમાન છે એવાં પોથીમાંનાં રીંગણાં એમની આગળ હું નહિ ખાઉં.

મારું ચાલે તો પૈસો માગવો જ ન પડે એવી સમાજવ્યવસ્થા એમને માટે ઉપસ્થિત કરું. એક શિક્ષિત સંભાવિત યુવાનને મારા જેવા પાસે 'ટેનર' માગવી પડે છે. હું એને ભુટસુટ છોડી સાદાઈમાં રહેવાનું કે બોટલ–બીડી ભૂલી જવાનું શા માટે કહેવા બેસું? એની આસપાસની સમાજવ્યવસ્થા ન ફરે ત્યાં સુધી એને જે રીતે રહેવું માફકસરનું હોય એમ એ ભલે રહે. દરમ્યાન ભલે એ કોઈની કનેથી 'ટેનર' માગતો. પેલાં અસંખ્ય લોકોનો પુકાર પણ મારી માણસાઈને સ્પર્શે છે છતાં પૈસો આપવા માટે હું લાચાર છું. અરે! એ તો ભીખનો આશરો પણ લઈ શકે છે. અને આ યુવાન? એ કંઈ છડેચોક ભીખી શકવાનો છે? સંભાવિત મધ્યમવર્ગના એક શિક્ષિત યુવાનને ભીખવાની સગવડ પણ સમાજે

ક્યાં આપી છે? એને મારે 'ટેનર' આપવી. એટલું જ નહિ પણ હસતાં હસતાં, એને ભીખ આપું છું એવું એને ભાન પણ ન થાય એવી રીતે આપવાની.

આવી વિચારણાની કેડીએ કેડીએ પંચાનન નિદ્રા-દેશમાં પ્રવેશી ગયો અને નવી બીજી સવાર ઊગે તે અગાઉ અત્યંત રાહતભર્યો આરામ એના આત્માએ અનુભવ્યો.

જાનેયા

અમને ત્રણ જણને એકાએક એમ થઈ આવ્યું કે ચાલો દરિયે જઈએ. મહિનો તો મનગમતો, ચૈત્રનો હતો. કૃષ્ણપક્ષ હતો એટલે રાત્રિ પણ આછાઆછા અંધારામાં દૂરદૂર આકર્ષી લઈ જાય તો જવાનું મન થાય એવી રળિયામણી હતી. અગિયારેક વાગ્યા હતા. ચંદ્રનું તો ક્યાંય ઠેકાણું ન હતું. શહેરની ધમાલો, જંપી જતાં પહેલાં, જરી છેક છેલછેલ્લો ઉછાળો લેતી હતી. એ વખત અચાનક સનને બગાસું ખાતાં ખાતાં જ સૂચના કરી કે ચાલો દરિયે જઈએ. અને ગિરધારી જેનાં જીભ સિવાયના બધાં અંગો ક્યારનાં નિદ્રાવશ થઈ ગયાં હતાં તે પડ્યાં પડ્યાં જ બોલ્યો: હા જઈએ, હું કંઈ ઊંઘમાં ન હતો છતાં મેં કહી જોયું કે દરિયે જઈશું તો સવાર પડી જશે. પણ તે તો પાકી જ છે કહીને

અડીખમ ગિરધારી ઊંચે અંબરનો ઊભો થઈ ગયો. અગોચર સૂરજ થઈને અમે સાધના પણ મંડ્યાં.

અમને સાચેસ માછલાંની બાબતમાં કંઈ પૂછવું પડે એમ નથી. માછલું એ તો સાવ એવા નેટથી જ સહેલી વાત. દરિયાની અમારી બોટે પટ્ટાંગણાં પટ્ટાંગણાં સહેજે અણુક ફલાંગ નીકળી જાય. આમ તો અમારી ઝડપ વિજ્ઞાનનો લાભ ઉઠાવનારા વાહનોને પણ અદેખાઈ ઉપજાવે એવી કરી શકાય. પણ ગિરધારીનું કહેવું એવું થયું કે દરિયો કંઈ નાસી જવાનો નથી. એટલે ડોલતા ડોલતા ચાલ્યા.

ગિરધારીની વળી કહેવાને કે મહેરબાની નહિ તો વગર કલે અને વગર કાલાવાલા કર્યે ગાય ખરો? કદાચ ઊંઘ ઉડાડવાના સ્તુત્ય હેતુથી પણ ગાતો હોય. એ મોકળે ગળે ગાતો હતો. અને દૂર ટેકરીઓમાં પડઘા પડતા તો હોવા જ જોઈએ. પણ ત્યાંથી તો દરિયાની મર્મર સિવાય કંઈ સંભળાય એમ ઓછું જ હતું? છતાં જાણે ગિરધારીનું ગીત અને દરિયાનો ગુંજારવ એકમેકમાં લીન ન થઈ જતાં હોય એમ લાગતું હતું. સનતને ખભે હાથ ઠોકી એણે વળી લલકાર છેડયો:

ચલો તો દરિયા દેખું
આગા હલીં વસૂં.
દરિયા મિઠો લહરિયાં
લહરીંજે લાલ ભી તૂં.

'હાલ ની તૂં . . તૂં . . તૂં' એમ આસ્તેથી ગિરધારી ગાતો એની સાથે અમારાં પગલાં મેળસર ઊપડતાં. દૂર દરિયાની સુરાવટ, જાણે પોતે ખુશ થયો હોય એવી, આવતી હતી. ચારે કોરથી રજની ઝમઝમ કરતી જાણે અનહદ મધુરતાથી ઊભરાતી હતી. એમાં ચાલતાં થોડું, પણ ઝાઝું જાણે તરતા, સેલારા લેતા, અમે આગળ વધતા હતા.

ત્યાં અચાનક દરિયો મૂંગો થઈ ગયો હોય એવું લાગ્યું. પવન પણ અદબપલાંઠી વાળી બેસી ગયો હોય એમ થયું. અર્ધા મિનિટમાં ત્યાં તો જૂનો અને જાણીતો બેન્ડનો અવાજ આવતોકને કાનનાં પોલાણમાં ભરાવા લાગ્યો. અમને એની સામે વાંધો પણ ન હતો. આ રાતે અમને કશાની સામે કશો જ વાંધો ન હતો. અમે ગમે તે વધાવી લેવા તૈયાર હતા. બેન્ડ તો બેન્ડ એવો વિચાર નહિ આવ્યો. બેન્ડ પણ ક્યાંથી એમ પણ ન થયું. ઓહહો! આ તો આપણું બેન્ડ! સનત બોલ્યો. અને અમે ગળા સુધી એના સંગીતથી ભરાઈ ગયા ત્યાં આખી સિમેંટી વાટે એને બહાર કાઢતા તાલમાં કદમ મિલાવતા, આ વખતે જરી ઝડપ વધારી દઈને, ચાલ્યા.

અમારો રસ્તો એવી રીત જતો હતો કે બેન્ડનો અવાજ ઘડીમાં પાસે તો ઘડીમાં દૂર જતો સંભળાય. વચ્ચે વચ્ચે બેન્ડવાળા થાક ખાવા માટે બંધ રહે ત્યારે અમારી ગતિ પણ ધીમી થઈ જતી, અને અમે જરીક

માથું ખોતરતા કે આ બૅન્ડનો અવાજ આવે છે ક્યાંથી?

એક નાનકડી હોટેલનાં પાટિયાં પર જઈ ગોઠવાયા ત્યારે ભાન આવ્યું કે દુનિયામાં કંઈ નહિ તો પાણી જેવી નાચીજ ચીજની ગરજ તો રાખવી પડે જ છે. પાણી તો પીધું જ. પણ નવેસર ચૂલો ચેતાવરાવીને સ્પેશિયલ ચા પણ ચડાવી.

બૅન્ડ હમણાં બંધ પણ થઈ ગયું હતું. દરિયા પર પહોંચતાં પહોંચતાં વાર લાગત. પણ દરિયાનો પોતાનો દૂર દૂર ચાલ્યો જતો ધ્વનિ ખેંચાણ માટે પૂરતો હતો. અને ખેંચાયા પણ ખરા. પહોંચ્યા ત્યારે ઓટ શરૂ થઈ ગઈ હતી. અમે ભીની રેતી પર દરિયા તરફ ઠીક ઠીક ચાલ્યા. નાના નાના હાથથી વીંટળાઈ વળીને અને કાલું કાલું બોલીને જલશ્રી જાણે દૂર ને દૂર ખેંચી રહી હતી. તો જ પોતાના હૃદયનાં વિરાટ સ્પન્દનો પર પોઢાડું અને જીવનનું ઘેરું ઘેરું ગૂઢ સંગીત સમજાવું એમ સ્પષ્ટ લલચાવતી હતી.

પાછળથી બૅન્ડનો અવાજ ફરીથી સંભળાયો અને ગિરધારીથી રહેવાયું નહિ. બોલ્યો: 'સંભળાય તો છે આટલામાં દરિયા કિનારે જ.'

'ચાલો ગોતી કાઢીએ' સનતે સૂચવ્યું.

અને સૂચના અમલમાં મૂકવા પહેલાં ક્યાં મત લેવાની જરૂર હતી?

કોઈ રૈનીમાં કિનારે પણ એક ગોદર આટલી મોડી રાતે પણ કૃષ્ણપક્ષના આછા મધુર ઉજાસવાળા અંધારામાં અંધકારના ટગમ્યા જેવી પડી હતી. પવનની સાથે તરેહતરેહની ખુશબો, અને અદેખાઈએ એણે જ અરધી અરધી જંગી નાખેલી પ્રાણુગોરડી આવતી હતી.

અમારો ઉન્માદ પણ વધી ગયો. અને અમે ઝડપભેર બેન્ડના અવાજ તરફ કંઈક બધું શોધી મેળવવાના કોઈએ એમ ધાયા.

દૂર જ્યાં કિનારાથી સહેજ ઉપર એક મકાનમાં દીવા દેખાયા. કાન અને આંખની એકમતીથી નક્કી કર્યું કે ત્યાં જ જવું જોઈએ. ગયા તો અમને કોઈ રોકનાર જ ન મળે. એથી અમારો ઉમંગ અને ઉન્મત્તતા બંને અરધાં થઈ ગયાં. ધારેલું કે કોઈને કોઈની સાથે કંઈક બની આવશે. કંઈ નહિ તો સહેજ બોલચાલ પણ થશે. ને મામલો તકરાર જેવો કરી મૂકવો એ તો પછી આપણા હાથની (જીભની) વાત છે ને? ગિરધારી વચ્ચે બોલેલો કે હમણાં ઘણા દિવસથી આ હાથે (બોલતાં બોલતાં એણે હાથ મસળ્યા) કોઈને પ્રસાદી આપવાનુ પુણ્ય મળ્યું નથી.

પણ અમને તો કોઈ કંઈ કહે કે કરે. અરે વગર પરવાનગીએ ઘૂમ્યા તેની સામે બોલવાની તાકાત ન હોય તો છેવટે આવકાર આપવા દાખલ તો બોલે ને? તો એટલી ચિનગારી પરથી પણ ભડકો આબાદ કરી બેસત.

અમો અંદર પેઠા ને સારી મંડળીને ગંભીરપણે બેઠેલી જોઈ ત્યાં અમારાથી પણ છેવાડે દીવાલ પાસે સૌની પૂંઠે બેસાઈ જવાયું. સૌ એટલી બધી શાંતિથી બેઠા હતા કે કોઈ મરી ગયું હોય એમ જ આગંતુકને તો લાગે. પણ સાનતે ગિરધારીના અને મારા ખભા ઉપર બેઉ હાથ ટેકવી વચ્ચેથી માથું આગળ કરી એના જ ઇશારાથી સામે કંઈક બતાવ્યું. ગિરધારી ધીમેથી બોલ્યો: 'અરરર, વર છે વર.'

'લાગે તો છે વરના વડદાદા જેવડો.' પણ મને ઇશારો કરીને ગિરધારી જ ફરી બોલ્યો: 'ચૂપ રહે. આપણે આ લગનમાં બરોબર મહાલવું છે. આડીતેડી વાત કરવાની નથી.'

સૌને સરબત કેવો લાગ્યો [illegible]

[illegible]

પ્રાર્થનામાં હાજર હતા એ તો જાણે સમજ્યા, પણ જેને ધાર્મિક પ્રસંગ જ હોય તો આ અમને શાના એમનાં કેટલાકના કેમ પસંદ કર્યાં હશે, એની કંઈ સમજ પડી હોય એમ હતું નહિ.

તેઓ અંદર ઊભા થવા કરે છે ત્યાં તો લોકો પંચભાગમાં અમારી સન્માનભેર વ્યવસ્થા કરી. ઊભા થઈને આગળ જોયું ત્યાંથી જોઈને તે કોઈને અમારી સૂચનાઓ આપતા હોય એમ લાગ્યું.

એમના વર્તન પરથી સમજાતું ન હતું કે એ તે આ પ્રધાન ધર્મના ભાગના મંડળના જ એક આગળ પડતા પ્રતિષ્ઠિત ગૃહસ્થ છે કે પછી બહારથી મદદ માટે તેડેલા ધંધાદારી માણસ છે.

અમે અંદર પેઠા અને પ્રાર્થના જોઈ ત્યારે બનવા જોગ છે કે એમણે અમને મંડળીમાંના જ કોઈના સંબંધી માન્યા હશે. તેઓએ હાથમાં જરીક વિશેષ પડતા દીધા સિવાય એમણે દૃષ્ટિ અમારી ઉપર નાખીને તરત જ પાછી ખેંચી લીધી હતી અને અમારી આગળ હતા તે માણસોએ કુતૂહલથી પ્રેરાઈને પાછળ જોયેલું પણ મોટા સાહેબના સાગરીતના હોઈશું એમ માનીને જ આંખમાં કશો અવિશ્વાસ દેખાવા દીધો નહિ હોય. અમને પીણાં પણ યથેચ્છ મળ્યાં તે પણ, અમારા વ્યક્તિત્વને એક કોરે રહેવા દઈએ તો, એ જ કારણ હશે

કલપ લગાડેલા કાળા લાગતા થોભિયા, વળ ચડાવીને એવા ગોઠવ્યા હતા કે જાણે રંગભૂમિના નટો ખોટી મૂછ જરૂર પડ્યે લગાવે છે તેવા જ વિશેષ લાગતા હતા. માથાનો એક પણ કેશ ચાડી ખાઈ ન શકે એ રીતે મંડિલ માથા પર બેસાડેલું હતું અને એની કલગીમાં વીજળીની બારીક બત્તી લગાડવાનો લહાવો પણ જતો કર્યો ન હતો. એના પ્રકાશમાં એમનું આખુંયે મુખમંડળ, દરજીઓ કોટ ચપોચપ સિવાયો છે કે નહિ તે બતાવવા ખોટેખોટાં ધડ રાખે છે તેમ, મંડિલ વેચવા માટે બનાવટી મસ્તક પર ટીંગાડયું હોય એવું દેખાતું હતું.

સાહેબે પેલી બાઈને હાથના ઇશારાથી સૂચવીને બારણાની પેલી બાજુ આખું સ્ત્રીવૃંદ બોલાવ્યું. એ આખો ખંડ જ અર્ધી મિનિટમાં તો ભરાઈ ગયો.

'આટઆટલી કાબરો છતાં આમ સૂમસામ કેમ હતું?' ગિરધારીએ જવાબની ઇચ્છા વગર જ મને પૂછ્યું. અમે ત્રણ જ નહિ પણ સૌ મંડળી અંદરના ખંડ તરફ સોત્સુક જોઈ રહી હતી.

સાહેબે કોઈ માથે લાલ પાઘડી વીંટેલા, ઠીંગણા બુઢ્ઢાને પાસે બોલાવ્યો, અને બુઢ્ઢાએ તરત જ એક ભમરાને પણ ભુલાવામાં નાખી દે એટલા બધા અનુસ્વારો નાક અને મોંઢામાંથી એકી સાથે કાઢીને વિધિ શરૂ કરી દીધો. હાથમાંના તાંબાપાત્રમાંથી પાણીનાં આચમન

આપી, ફેંટો સાહેબને જરી પકડવાનું કહી પાઘડીને છેડેથી અક્ષત વગેરે કાઢી બે મિનિટમાં તો કન્યાને હાજર કરવા હુકમ પણ છોડી દીધો. પેલી આગળ બેઠેલી બાઈએ ગાઈ જરીક સંકોચાઈ અને એની પડખેથી એક હાથ લંબાવ્યો. અને ગોરમહારાજ બીજો હુકમ છોડે તેની રાહ જોયા વગર જ નરરાજાએ એ તરફ પોતાનો હાથ લંબાવી દીધો પણ ખરો. એમના મોં પર પહેલી વાર મુગ્ધતાનાં કોડ ભર્યાં સંવેદનો આછી લહરીની માફક પસાર થઈ ગયાં.

પણ સૌની પેઠે અમેય કન્યાપક્ષની ચિકિત્સા કરવામાં વિશેષ રોકાયેલા નો હતા. સાહેબ બરાડા પાડીને પેલી બાઈને–પાસે જ હોવા છતાં–કહેતા હતા કે એણે ગાતાં કેમ નથી. પણ સ્ત્રીઓ લૂગડાની આડશમાંથી પુરુષોના ટોળા તરફ અને પુરુષો નો અવશ્ય જ સ્ત્રીસમૂહ તરફ જોયા કરતા હતા એ જ. છતાં હસ્તમિલાપ વખતે પેલી બાઈની ને જ માગણીને અવગણી નહિ શકવાથી બાઈઓએ ગાવું શરૂ કર્યું. અને આખો ખંડ તરેહ તરેહના કંઠમાંથી નીકળતાં વિધવિધ આરોહ અવરોહવાળાં ગીતોથી ખદબદવા લાગ્યો. અમે તો જાણે કાન સિવાયની જ કોઈ ઇન્દ્રિયથી સાંભળતા હોઈએ એટલી અસ્વસ્થતા અનુભવી રહ્યા, બેન્ડ પણ સાંભળી શકાતું ન હતું.

પણ ગીત શરૂ થવાથી વાતાવરણમાંથી સંકોચની લાગણી ધોવાઈ ગઈ અને સહેજ વિશ્રમ્ભતાનું વાતાવરણ

પ્રસર્યું. એની પહેલી અસર એ થઈ કે કન્યા પેલી બાઈની પાછળ સંકોડાઈને ઊભી હતી તેને માટે જરીક આગળ આવવાનું શક્ય બની શક્યું.

રેશમી વસ્ત્રોમાં શરીર સમૃદ્ધિ ઢાંકી દીધેલી એટલે આદ્યમૈયા પ્રકૃતિની આ છેલ્લામાં છેલ્લી પ્રતિનિધિ અમારી સમક્ષ ઊભેલી છતાં ન ઊભેલી જેવી હતી. મને પોતાને તો એનું કાઠું ઊંચું અને મજબૂત જોઈને જ સંતોષ થયો કે એ અને વરરાજા બંનેમાંથી કોઈ કોઈની ઉપર ઉપકાર કરતું નથી તેમ નુકસાન પણ કરતું નથી.

ત્યાં ગિરધારી તો ભીંતની બારીના સળિયા ઝાલીને થોડો ઊંચો થઈને વિધિ જોવા લાગ્યો અને અમે ય ઝટ ઝટ ચાલતી વિધિ સાંગોપાંગ નિરખવા ઊંચાનીચા થવા લાગ્યા. આગળ કોઈ હતો તેને કોણી લાગવાથી તેણે પાછળ જોયું અને અમને જોઈ ગાળ ગળામાંથી જ પાછી ગળી જઈને બોલ્યો 'સગા હો તો સાહેબ જોવા હોજો. નહિ તો આ બાઈનું લગન પાર પડત પેલે ભવ.' ત્યારે સાહેબ કન્યાપક્ષના કોઈ સંબંધી હશે? જોઉં છું તો ગોરમહારાજને કન્યાના સગા સાવધાન વગેરે વગેરે સાવધાનીઓ વચ્ચે જ મંગળ ફેરા ફેરવી વિધિ આટોપતા પાછળ મૂકીને સાહેબ રસ્તો કરીને માણસોના ટોળામાંથી બહાર આવી રુમાલ વડે મોઢું લૂછતા લૂછતા સંતોષથી સૂસકારા બોલાવવા લાગ્યા.

વગની બાજુમાં એનાથી મોટી ફુમકો પણ એના જેવા જ મોટાનો આખુય ઉંચો હતો તે પણ બહાર આવીને બેઠો. એમફળા બધું ધાર ના દીઠયું; હસીને એણે હાથની બેનાની પહોંચી આંગળીને ગાલ પર અડાડીને એટલું બોલીને,—કેટલાક મોઢું ફેરવીને હેતના હતા—તો આપી. મારે હાથ તો હાલ માટે તૈયાર થવાનું છે કહી આદેશ બહાર નીકળી નાનકડી ગોદમાં ગોઠવાઈ ગયા. મોટર ઉપડવાનો અવાજ પણ મેં અંદરના અવાજ વચ્ચે બરોબર સાંભળ્યો. ત્યાં ગિરધારીએ મને બોલાવ્યો. "હવે, હવે."

સનત સળિયા પકડીને બંનેથી રોગાનાં માથાંની આરપાર વરસાદને બારી બહારને જોઈ નીચે ઉતર્યો એટલે મેં પણ એમ કરી જોયુ

'શું જોયુ ?' ગિરધારી મને પૂછવા લાગ્યો.

'પ્રકૃતિ અને પુરુષ '

'મેં તો સૃષ્ટિ પણ જોઈ ત્યારે. બોલ.' ગિરધારી અમારા બંનેના ખભા પર હાથ ટેકવી બોલ્યો. 'આ આઈ વર્ષ તો અત્યાર ધરીએ બની પણ નહિ તોયે મહિને એ મહિને માના તો બનત જ. આ તો આપણને લગન મહાલ્યાની તક આપી એ જ.'

સનને અને મેં ફરી સળિયા પકડી એકી સાથે બેય બાજુએ ઊંચાં માથા કરીને ખાતરી કરી જોઈ અને

માથું હલાવીને જ ગિરધારીને એની નિરીક્ષણશક્તિ માટે એના હકની શાબાશી તરતને તરત આપી.

સનત બોલ્યો: 'નહિ તો આ ગળિયા બળદને એકો કરીને કોઈ ચોરીમાં તે જતો ઊભો કરે?'

'પણ બિચારો પોતે જવાબદાર નહિ હોય તોય ફોગટ એને ઊઠવેઠ કરવી પડશે એનું શું?' મારાથી કહેવાઈ ગયું.

'તો તો સારું ઊલટું. ઊઠવેઠ તો એક બાજુ રહી, પણ એને ચોખ્ખો ફાયદો જ છે. જો દિકરી, આવે તો.'

'કેમ?' 'કેમ?' સનત ને હું બન્ને બોલી પડયા.

'તો, તો વરરાજા આટલી ઉંમરે તે એક વડાયેલી બાઈની જ સાથે ફેરા ફર્યા એમ નહિ પણ જોડે જોડે એક અણીશુદ્ધ કુમારિકા સાથે — જે જગતના દૂષિત વાતાવરણથી હજી તો સર્વથા અસ્પૃષ્ટ અને અલિપ્ત છે એવી સાથે — પણ મંગળફેરા ફર્યાનો અલભ્ય લહાવો લઈ રહ્યા હતા.'

ગિરધારીના આ કથનથી અગાધ આશ્ચર્યમાં ગરકાવ થઈને ઊભા હતા ત્યાં કોઈએ હાથથી હલાવીને: 'સાહેબ તો ઉતાવળ હતી એટલે ચાલ્યા ગયા. બહાર પહેલી બસ વરકન્યાને લઈને હમણાં જ ઉપડશે. આપ . . .' એને બોલતો મૂકી અમે બસમાં ગોઠવાઈ

સવૈયા

. પણ આવવા પણ માંડી. વિચારનું જોર ઘેરું
ગુ ગયા બેઠેલે સાંભળવાનું બંધ કરી ગયું.

આજ સાગર કંઈ આમ સાંભળવું કરતાં હતું એમ
કરતી મંદ મંદ મધુર આવતી હતી. ત્યાંથી પર
તારાનો ચાંદનીઓ અંદર તારાઓની જ્યોતમાં. અમારે
તે અમારું થયું તેમ [illegible]
હૃદય ડોલતાં હતાં.

વસ્તો

મીરખાં જમાદારે છાપો તો આબાદ લગાવ્યો હતો. રાતોરાત આપકારી ઇન્સ્પેક્ટર બાપુલાલને પણ તાલુકાને ગામથી બોલાવ્યા હતા સાથે પંચ રાખવાનું પણ ચૂક્યા ન હતા. ગામના નગરશેઠ લીલાચંદને સેવામાંથી ઉઠાડીને સાથે લઈ લીધા હતા. પણ હંમેશ બાજ પંખીની ઝપટથી ફતેહપૂર્વક શિકાર ઝડપનાર મીરખાંની બાજી આ ફેરે સહેજ વેરાઈ ગઈ. કોણ જાણે બિલાડીની ચાલથી ચૂપચાપ આવતા રસાલાનો દૂરથી જ અણસારો આવ્યો હશે કે શું પણ પોતાના સૌ સાગરીતો "ચાલો અમલ બની આવ્યો છે. દડિયા બનાવવા ઢીંડો ખાખરાનાં પાંદડાં લઈ આવીએ." એમ કહીને પલાયન કરી રહ્યા હતા અને મીરખાંવાળી મંડળી ઝાડીમાંથી એકાએક

નીકળી આવી ત્યારે દારૂના માટલા માથે બેઠેલો જમનો જ પકડાયો.

જમનાએ ધુમરાણુ મચાવી મૂક્યું "અરમાનો તો નાસી ગયા. આવી આવીને ગોઠ શું આવ્યા! ગુનેગારો તો વળી પકડાતા હશે! ત્યાં જમનાની આંખ ફીકા ગૈરની આંખને મળી અને ગેબી સંકોચ અનુભવ્યો પણ હજી એના બોલાયેલા શબ્દો ડુંગરાઓ ફરી બોલતા હતા. "ગુનેગારો તે વળી પકડાતા હશે."

બાપુશાએ ગજવામાંથી ડાયરી કાઢી. અને આખા કેસની વિગતો નોંધવા માંડી. મીરખાં સિપાઈઓ સાથે બીજા ગુનેગારોને પકડવા દોડ્યો. એ લોકો જુદી જુદી દિશામાં વેરાઈ જઈ "હરામખોરો બહાર આવો નહિ તો ભડાકો કરીએ છીએ" એવી બૂમો પાડતા હતા. એમના બુલંદ પડકારોથી ડુંગરાઓમાં બારે શોર મચ્યો હતો. ખીણો ગાળોને બદલે હજારો માણસોથી જાણે ઊભરાતી ન હોય એમ લાગતું હતું. છતાં મીરખાં અને એના સાથીદારોના હાથમાં તો એકે માણસ આવ્યો નહિ. છેવટે એમણે ભડાકા કર્યો પણ ખરા, આ બધામાં જાણે બહુ જ રમૂજ પડી હોય એમ ડુંગરાઓ પેટ પકડીને ખડખડાટ હસી પડ્યા

ધુંવાંપુંવાં થતો મીરખાં જ્યારે થોડીવાર પછી હાથમાં તિરસ્કારપૂર્વક બંદુક હલાવતો હલાવતો

[illegible]

બહારમાં ગુનેગારોને [illegible]. ને દરમિયાન [illegible] વસ્તાને એમ તો કહ્યું હતું કે "તને પરમેશ્વર પણ હવે બચાવી શકે એમ નથી. કાંઈક વિચાર કરે તો હજી હું રસ્તો કાઢી આપું"

વસ્તો સારોયે વખત મૂનમૂન બેઠો હતો. એને એક વાતનું સુખ હતું. શરીર એવું તો મજબૂત હતું કે જોનારની નજર પેરના ગાંઠા જેવા એના બાંધા જોવામાં જ ગૂંથાઈ જાય. મોઢું એવું ખાડાખડિયા વાળું હતું

કે મુખ રેખાઓમાંથી કંઈ ભાવ વાંચવાની તો વાત જ પડતી મૂકવી પડે. બોલનારો થોડું પણ બોલે તેટલું સહેજ ઘાંટો પાડીને, જાણે બોલેલું પોતાને જ સંભળાતું ન હોય એમ, બોલતો. એની રીતભાત સામા માણસને ગમે પણ સાથે સાથે કંઈક શંકા ઉપજાવ્યા વગર ન રહે એવી હતી. એનો સ્વભાવ સમસ્યારૂપ હતો એમ નહિ. પણ એના બોલનો શંકા ભરી રીતે અર્થ થતા સમસ્યાઓ ઊભી થતી એ ખરું.

થોડા દિવસ પહેલાં જ વસ્તાને શું સુઝયું હશે કે આસનો આસનો લીલાચંદ શેઠને ઘેર જતો ઊભો રહ્યો. "શેઠ ગમેતેમ કરો પણ મને નોકરીએ રાખી લ્યો. મારા જેટલું કામ કરનાર આ ધરતી પર બીજો કોઈ માણસ જણ્યો નથી."

અલ્યા કોઈને નહિ ને તને તે આ પેઢીએ ચડવા દઉં? તને પાછો હું ઓળખતો નથી ને? કુબેર પટેલને ત્યાં ખેડુ રહેલો ત્યાં બળદને કોણે મારી નાંખ્યા હતા? પાછે પગે બળદને ઓલાણી ચડાવતાં તને તો બહુ જોર પડે, રાજાના કુંવરને! એટલે કોસ અડધો ઠલવ્યો ન ઠલવ્યો કરી ભર્યે કોસે બળદિયા ખેંચાઈ ખેંચાઈને ઓલાણી ચડે તે પછી મરી જ જાય ને "

વસ્તો સહેજ હસતો હસતો બોલ્યો "શેઠના ચોપડામાં તો બધુયે લખેલું હોય પણ લીલાકાકા તમારી નજરો ચૂકવીને તે દિલદગાઈ કેમ કરીને કરવાનો હતો."

[illegible]

[illegible]

[illegible]

[illegible]

"શ્રી... [illegible] સિવાય પગાર આપવાનું નથી. [illegible] માટે [illegible]."

લીલાશેઠે અજવાળીને કહ્યું "તદ તદ નાના છોકરા પાંચ વરસના આદમી માટે શું પગાર!" તો કે લીલાશેઠે મનમાં ગણતરી કરી લીધી કે સસ્તામાં રહેતા હોય તો બન્ને રહેતા. શેઠાણી બાર વરસની દીકરાની વહુને લઈને આ બાજુના ગામે આવવાનાં ત્યારે ઘરની ચોકી કરી પણ શકે એવા માણસ જ રાખી લીધો હોય તો ઠીક સગવડ સચવાય.

"શેઠ, પગાર નાના છોકરાનો આપજો પછી તો રાખશોને?"

ફફેનો

ત્યાં લીલાધરભાઈના પેઢીએ નમતા પોરના ગયાદા ડાંગરા અને બાજરો ને સીતાબાઈની ગડાકુ તમાકુ કહી ફેંકવા માંડે એ બાબત—જો કે ગાનતી નો બાબ્યે જ — મોઢામાં જમાદાર આવી ચડ્યા.

'શેઠ ત્યારે વરઘાર કર્યા છેવને મને બાણી દેરે ને શપ્યા વગર ચાલવાનું નથી.''

એમ બાબતો બોલતો વરતા બાદશો.

"એ શું બોલ્યા, વરતાજી! વગર શાખિયે તમે ક્યાં એટલા કામના છો!" સીતાબાઈ પોતાના મોઆનર કહ્યું.

"એ . . . હવે તમે જાણો ને તમારું મન જાણે." કહેતોક વરતા રસ્તે પડ્યો. વરતાને મનમાં સહેજ ખુમારી આવ્યા વગર ન રહી કે શેઠ જમાદાર જેવાના દેખતાં પોતાનું રૂડું બોલ્યા.

